RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 2, Year: 71, May 2025, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૦૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઇ રહી છે. **જેમકે છેલ્લા ૧૧ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી જાન્યુઆરી -૨૦૨૫) સુધીમાં ૨૮૫૨૧ - જીવો છોડાવેલ છે.** તથા ઘાસ - ૯૦૮૬૦ કિલો, ગોળ - ૧૧૨૨૯ કિલો, કેરીનો રસ - ૬૦૦૦ કિલો, લાપ્સી - ૭૦૦૦ કિલો

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ (૧૦ મહિના) માં ટોટલ ૩૦૨૨ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઇ ખાતે ઉપરના સરનામે મોકલશો.

Bank Name : AXIS BANK LTD.
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 921010033621820
IFSC : UTIB0002274 Branch : Charni Rd, Mumbai

Bank Name : BANK OF INDIA
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 000120100001219
IFSC : BKID0000001 Branch : (Mumbai Main Br.)

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.


**દાન એજ સફળ જીવન**


**લી. ટ્રસ્ટીગણ**

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

Advt.

## સાધર્મિક સેવા ફંડ



મુળવતન લિંબડી, હાલ - અંધેરી

માનવ સેવા માટે

# રૂા. પાંચ લાખ નું અનુદાન

## શ્રી કીરીટભાઈ વ્રજલાલ શેઠ

## શ્રીમતી ભારતીબેન કિરીટભાઈ શેઠ

શ્રી કીરીટભાઈ વ્રજલાલ શેઠ



શ્રીમતી ભારતીબેન વ્રજલાલ શેઠ





## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

*સંચાલિત*

## શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ

## લોનાવલા સેનેટોરિયમનું

## આધુનિકરણ કાર્ય ખુબજ સુંદર રીતે ચાલી રહ્યું છે

સભાના માનવંતા સભ્યોને આહ્વાન રૂા. પાંચ લાખ અથવા રૂા. ત્રણ લાખનું અનુદાન આપી લોનાવલા સેનેટોરિયમના આધુનિકરણ કાર્યમાં સહભાગી બનો.

# શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાંતિલાલ શાહ



# આરોગ્યધામ - માથેરાનનું

નુતનીકરણ કાર્ય ખુબજ સુંદર રીતે ચાલી રહેલ છે.

અનુદાન આપી માથેરાન આરોગ્યધામ નુતનીકરણ કાર્યમાં સહભાગી બનો.

**વિશેષ :** રૂા. ૧૧ લાખ આપી કોઈ પણ એક ફ્લોરમાં નામની તકતી મુકવાનો અમુલ્ય અવસર. • રૂા. પાંચ લાખ - વર્ષના કુલ ૧૫ દિવસ માટે, રૂા. ત્રણ લાખ - વર્ષના કુલ ૭ દિવસ માટે. અનુદાન આપનાર સભ્યને સભાના કોઈપણ પાંચેય સેનેટોરિયમનો લાભ મળશે. લાભ સભાના નિતી નિયમ મુજબ મળશે.

બન્ને સેનેટોરિયમમાં અનુદાન આપવા માટે સંપર્ક કરો.

| શ્રી પંકજભાઈ સંઘવી | શ્રી પ્રિતુલભાઈ શાહ ગેડીવાળા | શ્રી પ્રદીપભાઈ તુરખીયા |
|---|---|---|
| (M) : 9820040719 | (M) : 93231 80665 | (M) : 98677 48120 |



PAWANDHAM (KANDIVALI)



ZALAWADI SANATORIUM (DEOLALI)

## Why Rising Sun Electric?

- LATEST TECHNOLOGY PANELS
- MAXIMUM GENERATION EFFICIENCY
- REC CERTIFIED
- EXPERIENCED PROFESSIONALS (7+ YRS)
- SUPPLY, INSTALLATION, TESTING, COMMISSIONING IN ONE ROOF
- NO SUB-CONTRACTORS




# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future-----

Shop No. 8, Somaiya Chambers, Arvind Khatri Showroom, S. V. Road, Malad (W), Mumbai - 400 064.

**Contact us : 7021213467**

Email : risingsunelect@gmail.com | Website : www.risingsunelect.com

Advt.

**૨૦૨૪ ના વર્ષને આવકારીએ સાથોસાથ ઝાલાવાડી સભાના સભ્યોના સંતાનોને શિક્ષણ માટે પ્રોત્સાહીત કરીએ.**



# સમૃદ્ધ સમાજના નિર્માણ કાજે

# શૈક્ષણિક ઉત્કર્ષ યોજના



**Education is the most powerful weapon to change the society**

સંપન્ન સમાજની રચના માટે શિક્ષણ સહુથી અસરકારક અને મહત્ત્વનું પરિબળ છે, આ સત્ય સહુને સમજાય ગયું છે.

ઝાલાવાડી સભાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, કમિટીના સભ્યો કાર્યરત થયા અને ઊંચી ઉડાન માટે આપણે પાંખો પ્રસારી... સમૃદ્ધ સમાજના સ્વપ્નને મૂર્તિમંત કરવા માટે મહત્ત્વની યોજનાઓ આકાર પામી.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા અંતર્ગત... મુખ્ય સ્કીમ

**ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ અને હાયર એજ્યુકેશન ફંડ** માટે ડોનર્સના નામ આવી ગયા છે. ઉપરાંત ૨૦૧૮ માં શરૂ કરેલ શૈક્ષણિક ઉત્કર્ષ યોજના અન્વયે નીચે જણાવેલ સ્કીમમાં ૭૫ જેટલા દાતાઓએ પોતાનું યોગદાન આપેલ છે. દાતાઓના અનુદાનથી અત્યાર સુધીમાં ફોરેન લોન માટે રૂા. ૨,૨૪,૦૦,૦૦૦/– (બે કરોડ ચોવીસ લાખ) તથા ભારતમા હાયર એજ્યુકેશન માટે રૂા. ૫૪,૩૦,૦૦૦/– (ચોપન લાખ ત્રીસ હજાર) મળી કુલ રૂા. ૨,૭૮,૩૦,૦૦૦/– (બે કરોડ ઈઠોતેર લાખ ત્રીસ હજાર) ૧૬૮ વિદ્યાર્થીઓને લોન આપવામાં આવેલ છે. જેના થકી આપણા સમાજના સંતાનો પોતાના ઉજ્વળ ભવિષ્યના સ્વપ્નો પરિપૂર્ણ કરવા સમર્થ બન્યા છે.

ઝાલાવાડી સભાના માતબર સભ્યોના આગ્રહને માન આપીને એજ્યુકેશન માટે નિમ્ન લિખિત સ્કીમમાં દાનનો પ્રવાહ વહેરાવવા વિનંતી. આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉપયોગી થવા માટે આ સ્કીમ ફરીથી આપની સમક્ષ રજૂ કરીએ છીએ. જેમા આપશ્રી સહભાગી બની આ સ્કીમને સાકાર કરવા સ્કીમમાં જોડાવા માટે અપીલ કરવામાં આવે છે.

**(૧) Post Graduation Fund** **(૨) Post Graduation Fund for Girls**

પ્રત્યેક સ્કીમ અન્વયે દાતાએ ૧.૫૦ કરોડનું અનુદાન આપવાનું રહેશે.

આ અનુદાન પાંચ વર્ષના સમયગાળામાં (પ્રતિવર્ષ રૂા. ૩૦ લાખ આપીને) પરિપૂર્ણ કરવાનું રહેશે.

**(૩) Star Donor :** આ યોજના અંતર્ગત ૫૦ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા – Star Donor – બનશે. ૫૦ લાખ રૂા. નું આ અનુદાન દાતાએ પાંચ વર્ષમાં (પ્રતિવર્ષ રૂા. ૧૦ લાખ આપીને) પૂર્ણ કરવાનું રહેશે.

**(૪) Platinum Donor :** આ યોજના અનુસાર ૨૫ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા – **Platinum Donor** – બનશે. ૨૫ લાખ રૂા. ની રકમ દાતાએ પાંચ વર્ષના સમયગાળામાં (પ્રતિવર્ષ રૂા. ૫ લાખ આપીને) પૂર્ણ કરવાની રહેશે.

**(૫) Diamond Donor :** આ યોજના મુજબ ૧૧ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા – Diamond Donor – બનશે. ૧૧ લાખની રકમ દાતાએ પાંચ વર્ષમાં (પ્રતિવર્ષ રૂા. ૨.૨૦ લાખ આપીને) પૂર્ણ કરવાની રહેશે.

**(૬) Golden/Silver Donor :** પ્રસ્તુત યોજનામાં પાંચ લાખ / ત્રણ લાખ આપનાર દાતા – Golden Donor/Silver Donor – બની શકશે. પાંચ લાખ/ત્રણ લાખ ની રકમ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

**આ ડોનેશન Income Tax Act મુજબ 80G સર્ટિફિકેટ અથવા CSR ને આધીન રહેશે.**

| | | |
|---|---|---|
| **મનિષાબેન એમ. શાહ**<br>ટ્રસ્ટી – સેક્રેટરી<br>મો. ૯૮૨૦૦૯૬૯૬૫ | **પંજકભાઈ વી. સંઘવી**<br>ટ્રસ્ટી – ઉપપ્રમુખ<br>મો. ૯૮૨૦૦૪૦૭૧૯ | **પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ**<br>ટ્રસ્ટી – પ્રમુખ |
| **મહેશભાઈ પી. વોરા**<br>ટ્રસ્ટી<br>મો. ૯૮૨૧૫૬૯૩૮૩ | **મયંકભાઈ જે. શાહ**<br>ટ્રસ્ટી<br>મો. ૯૮૨૦૦૬૭૯૫૮ | **કિરીટભાઈ વી. શેઠ**<br>ટ્રસ્ટી<br>મો. ૯૮૨૦૦૬૩૭૮૩ |

WE DELIVER WHAT IS PROMISE !

WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !

ammpalholidays@gmail.com

Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.

# DISCOVER THE WORLD, THE AMMPAL WAY!

**Embark on unforgettable journeys with AMIT SHAH! We specialize in crafting unique travel experiences, offering pure vegetarian & Jain tours to breathtaking international destinations.**



ICELAND 10D

OCT 12TH | 24TH



SOUTH KOREA 10D

10th JUN | 8th JUL | 6th AUG | 10th I 17th SEP | 1st I 15th I 22nd OCT | 5th I 19th NOV



SCANDINAVIA 13D

JULY 10TH




VIETNAM WITH SAPA 10D

SEP 7th I 18th | OCT 1st I 13th I 24th | NOV 22nd | DEC 1st I 12th I 19th



AZERBAIJAN - BAKU + GABALA WITH SHAHDAG 7D

JUN 16th I 24th | JUL 2nd I 9th I 25th | AUG 13th | SEP 8th I 15th (Only Women) | OCT 2nd I 18th



GEORGIA 8D

JUN - 23rd | JUL - 3rd I 13th I 23rd | AUG - 7th I 23rd I 31st

SEP - 8th I 15th | OCT - 1st I 15th I 23rd

Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ

Tour Inclusive of Air Fare*

Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager

Sightseeing in Super Deluxe A/c Luxury Coaches

Stay at Luxurious Hotels

**AMMPAL HOLIDAYS**
Specialist in International & Domestic Tour Packages

**For Booking & Planning Your Tours Call Us Now!**
**AMIT SHAH 9833082820 I 8291099100**

Advt.



શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા-મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

મે ૨૦૨૫
વર્ષ : ૭૧ : : અંક : ૨
: તંત્રી :
શ્રી શરદભાઈ એમ. ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા-મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦૦૧૩. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/-+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/-
છૂટક નકલ રૂા. ૭/-

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા ઑફિસના કામકાજનો સમય સવારના ૧૧-૦૦ થી સાંજના ૭-૦૦**


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



# રઘવાયું મન

મન પંખી એક રઘવાયું
રહેતું દિવસ ને રાત ભ્રમણમાં
ડાળે ડાળે, દ્વારે દ્વારે
નહીં જીવ ઘડી ચમનમાં.... મન પંખી...

શરદમાં શરમાતું,
શિશિરમાં સંકોચાતું હેમંતમાં હરખાતું,
ગ્રીષ્મમાં ગૂંગળાતું
વર્ષાઋતુમાં વાદળ થઈને
નભથી એક ધારે વરસતું.... મન પંખી...

વસંતે વીંટળાતું વેલ બનીને,
ફાગણે રંગાતું હોળી રંગે,
કદીક સરકતું સમીર સાથે,
કદીક સુરભી બની પ્રસરાતું.... મન પંખી...

કદીક તપતુ અગન તાપે,
કદીક અરૂણોદય તાપે,
કદીક ટાઢુ બરફ કરતા,
કદીક ટાઢુ અશ્રુધારે .... મન પંખી...

મનપંખી એક રઘવાયુ,
રહેતુ દિવસ ને રાત ભ્રમણમાં

**- સંવેદના-૨**

# એવી નામના મેળવજો !

## કાકા કાલેલકર

મારા વિદ્યાર્થી મિત્રોને કહું છું કે – ધ્યાનમાં રાખજો કે તમે ગરીબોને માટે છો. ગરીબોની સેવા એ જ તમારું વ્રત છે. દુનિયાનો બોજો ઉપાડનાર ગરીબો છે. સરકાર ચાલે છે કે કોને આધારે ? ગરીબ ખેડૂતના આપેલા પાઈપૈસા પર સરકાર નભે છે. ગરીબોની દાઝ તમારા મનમાં રહે, એ મુખ્ય વસ્તુ છે.

ગરીબોને કોણ નથી દબાવતું ?

ધર્મગુરુઓ, સાધુસંતો, સરકાર, કાયદા-કોર્ટો, દુકાળ બધાં જ એમને દબાવે છે, ડરાવે છે. એટલું ઓછું હોય તેમ ધર્મપ્રચારકો એમાં જાતજાતની બીકોનો ઉમેરો કરે છે. જ્યાં જાઓ ત્યાં બીક, બીક ને જ ભરેલી છે. તારાઓ, શનિ, બળિયાકાકા - એ બધાંની બીક, ઘરમાં ખાવાનું ન હોય તો ભલે - પણ અમુક દેવ કોપ્યો છે, અમુક ગ્રહ અવળો થયો છે, તેને તો દાન આપવું જ જોઈએ ! સમાજ પણ એ દબાયેલાને દબાવે છે. રેલવેભાડું વધારે તો કંઈ ન બોલાય, પણ મજૂરને બે પૈસા વધારે ન અપાય ! વિલાયતી માલની દુકાનમાં ભાવની રકઝક કરીએ તો પ્રતિષ્ઠા ઓછી થાય, પણ શાકબજારમાં કેટલી રકઝક કરીએ છીએ ! વખત છે ને શાકવાળી છેતરે તો ! એ બાઈ છેતરી છેતરીને કેટલું છેતરવાની હતી ? બહુ બહુ તો બે આના. અને તે બે આના એ શા માટે મેળવે છે ? મોજમજા કરવા ? કે ફક્ત જીવતા રહેવા ?

ગરીબોની દાઝ ભૂલીને આપણે નિષ્ઠુર બન્યા છીએ. એક વરસના જેલનિવાસ દરમિયાન મેં જોયું કે ગરીબો જ જેલમાં આવે છે. કોણ છાતી પર હાથ રાખીને કહી શકે એમ છે કે ગરીબો વધારે ગુનેગાર છે અને પૈસાદાર નથી ? પૈસાદારો પૈસાની મદદથી સજામાંથી છટકી જાય છે, ને ગરીબ લોકો જ સપડાય છે. જેલમાં પણ એમને નસીબે મુસીબતો અને જુલમો લખેલાં હોય છે. કાયદાનો પણ અમલ કરનાર તો માણસો જ હોય છે ને ! સજામાં પૈસાદાર-ગરીબ બંને સરખા છે. પણ જેલમાં પૈસાદાર માણસ સહેલાઈથી સગવડો મેળવે છે ને બિચારા ગરીબો જ સજાઓ ભોગવે છે.

ગરીબોનો બેલી આજે કોઈ નથી. એવી દશામાં વિદ્યાર્થીઓ આગળ હું કઈ 'કેરિયર' મૂકું ? જેમને ગરીબોની દાઝ છે, એવાઓને માટે એક જ કેરિયર છે – ગરીબ થઈને આપણે ગરીબોની સેવા કરીએ. પેલા બિચારા લાચારીથી ગરીબ થાય છે, આપણે સ્વેચ્છાપૂર્વક ગરીબાઈ સ્વીકારીએ. આપણી તાકાત છતાં આપણે પૈસા મેળવવાની શરતમાં ન દોડીએ, અને ગરીબાઈનાં કષ્ટો વેઠીને ગરીબોની દાઝ પ્રદર્શિત કરીએ. એ નવી કેરિયર વિદ્યાર્થીઓ આગળ રહે, તો આ દેશનો ઉદ્ધાર થવાનો છે. સ્વરાજ્યનો અર્થ ગોરા-અમલદારોને બદલે દેશી અમલદારો નિમાય એ નથી, પણ ભણેલા લોકો ગરીબોની સેવા કરતા થાય એ છે. નહીં તો પછી પરરાજ્ય અને સ્વરાજ્ય વચ્ચે ભેદ શો ?

દુકાળથી આપણામાંથી કોઈ મરી નથી જતું, પણ અનાજ પેદા કરનાર લોકો જ મરે છે. કેટલું દુર્દૈવ ! એ દશા જોઈને માણસમાં માણસાઈ રહી છે કે કેમ એ વિશે શંકા થાય છે.

જેલમાં રાવજી કરીને એક ભીલ કેદી હતો. તે પોતાની બહાદુરીનું વર્ણન કરતાં મને કહેતો હતો કે, મેં ત્રણ દુકાળમાં મારાં બાળબચ્ચાંને જીવતાં રાખ્યાં !

આ વાતમાં તે અભિમાન લેતો હતો. એની કરુણ કહાણી સાંભળીને મારી ઓરડીમાં જઈને હું રોઈ પડ્યો. ત્રણ-ત્રણ દુકાળમાં પોતાનાં બાળબચ્ચાંને બચાવ્યાં, એમાં માણસને અભિમાન લેવું પડે, એ સ્થિતિ કેવી ! આવી સ્થિતિમાં માણસ કેરિયર ખોળે, પૈસાદાર થવા માગે ?

♦♦♦

જેમને ઉચ્ચ કેળવણી મળવાનું ભાગ્ય પ્રાપ્ત થયું છે, તેવા વિદ્યાર્થીઓને કહું છું કે શહેરમાં જાઓ ત્યાં તમારી સાથે ગામડાંની સાદાઈ ને તેજસ્વિતા લઈ જાઓ. ગામડાંનો ચેપ શહેરને લગાડવા જજો, શહેરનો ચેપ લેવા નહીં જતા. શહેરના સારા સંસ્કારો હોય તે અહીં લાવો અને ગામડાંઓમાં પણ ફેલાવો.


નાના વિદ્યાર્થીઓને કહું છું કે ખૂબ તોફાન કરો, પ્રાણનો વિકાસ કરો, ખૂબ અખતરા કરો; ટાઢતડકામાં ફરો, જંગલ અને પાણી સાથે દોસ્તી બાંધો, અખાડામાં જઈને શરીર કસો.

ખૂબ મહેનત કરતાં શીખજો. નવરાશ એ શરીરનો કાટ છે. શરીર અને બુદ્ધિને કસરત આપતા રહેજો. ઉપરાંત મુસાફરી કરજો. મુસાફરી કરવાથી અનુભવ મળે છે, દેશની પરિસ્થિતિની માહિતી મળે છે, ગરીબ લોકો કેવું કષ્ટ વેઠે છે તેની ખબર પડે છે. અને એ બધાં ઉપરાંત , કોઈ જબરો ઊઠીને જ્યારે ગરીબને કનડે ત્યારે ગરીબનું ઉપરાણું લેવા જાઓ. ગરીબનું ઉપરાણું લેવાની વૃત્તિ અને શક્તિ તો તમારામાં હોવી જ જોઈએ. ગરીબોમાં, આ દીનદુખિયાંનો બેલી છે એવી નામના મેળવો.

ગરીબોની સેવા કરો... ગરીબોની સેવા કરો. એ વિના બીજું કશું મારે કહેવાનું નથી.

❖❖❖

# નાગ અને બામણ



**ઝવેરચંદ મેઘાણી**
**સંપાદક : મહેન્દ્ર મેઘાણી**

**બા**મણને ઘેરે શ્રાદ્ધ હશે, એટલે ખીર કરવા સારુ ગામડેથી તાંબડી એક દૂધ ભરીને બામણ આવતો હતો. રસ્તે વાવ આવી. તરસ્યો બામણ વાવને પહેલે પગથિયે તાંબડી મેલીને વાવમાં પાણી પીવા ગયો. પાછો આવે ત્યાં તો એક અજાજૂડ નાગ તાંબડીમાંથી દૂધ પીએ છે !

બામણને જોતાં જ નાગે ફેણ માંડી. આંખોના ડોળા તો લસ લસ થાય. વરાળો નીકળે છે આંખમાંથી.

''હવે તો, ભાઈ !'' બામણે કહ્યું : ''બાકીનું બધુંય તું તારે પી જા. મારે તારું એઠું દૂધ થોડું કામ લાગવાનું હતું ?''

પૂરેપુરું પીને નાગ તાંબડી માથેથી ઊતરે છે. ત્યાં તો ખણણણ કરતો તાંબડીમાં કાંઈક રણકો સંભળાણો. માંહી જુએ તો એક સાચી સોનામહોર !

ઓય ધાડેના ! લાગે તો છે કાંઈક માયાવાળો જાતવંત નાગ. દૂધ પીધું ને સોનામહોર દીધી ! ત્યારે હવે તો તાલ જોવા દે.

એમ વિચારીને બામણ વળતે દીએ વળી પાછો તાંબડી દૂધ ભરીને પહોંચ્યો વાવે. તાંબડી મૂકી વાવને પગથિયે. ઝાડને થડ રાફડામાંથી એ-નો એ નાગ આવ્યો. દૂધ પી કરીને વળી બીજી સોનામહોર ટપકાવી ચાલ્યો ગયો.

આ વેપાર કાંઈ ખોટો નથી. હવે તો બીજી બધી તથ્યા પડતી મૂકીને આ જ કરવા જેવું છે. દરોજ ઊઠીને પંદર રૂપિયાનો તડાકો !

ભેંસનું તાજું શેડકઢું દૂધ રોજ તાંબડી ભરીને બામણ તો નાગને પાવા માંડ્યો ને રોજ મહોર કમાતો થયો.

એક દિવસ બામણને ગામતરું આવ્યું. દીકરાને સમજાવ્યું કે ફલાણી ફલાણી વડલાવાળી વાવે જઈને દૂધની તાંબડી ધરવાની છે, નાગ આવે એને પીવા દેવાનું છે, અને તાંબડીમાં નાગ જે સોનામહોર નાખે એ લઈ આવવાની છે. વાત કોઈને કહેવાની નથી, દીકરા !

છોકરે વળતે દિવસ જઈને બાપ મેલતો તે પ્રમાણે દૂધ મેલ્યું. નાગ આવ્યો, દૂધ પી કરી, સોનામહોર નાખી પાછો રાફડામાં ચાલ્યો ગયો.

'વોય ધાડેના !' છોકરે વિચાર કર્યો; 'આણે તો અઢળક માયા રાફડામાં રાખી લાગે છે. તો પછી આ નત્યના આંટા શા સારુ !'

વળતે દિવસે જેવો નાગ તાંબડી ઉપર મંડાણો, તેવી તો દીકરે ડાંગ ઉપાડી. એક જ ઘા – અને ફોદેફોદા વેરમી નાખે એવો ફટકો નાખ્યો નાગને માથે.

પણ ડાંગનો ઘા તાંબડીના કાંઠા માથે લાગ્યો. નાગ સરકી ગયો હતો.

બાણમાંથી તીર છૂટે એમ નાગે ડિલ સંકેલીને ઝપટ કરી. ચોંટી પડ્યો છોકરાને, ટચકાવ્યો. એક જ ટચકે તો રામ રમી ગયા બામણના છોકરાના.

ગામતરેથી ઘેર આવેલા બામણે છોકરાની સાંજ સુધી વાટ જોઈ. મનમાં ધા તો ખાઈ ગયો કે કાંઈક વકરમ કરવા ગયો હશે ને ત્યાં કાળું મોઢું કર્યું હશે. વાવે જઈને જુએ તો લીલું કાંચ મડદું પડેલું. તાંબડીમાં હજી દૂધ બાકી હતું. ડાંગ પડી હતી. તાંબડીનો કાંઠો ઘોબાળો હતો. 'પત્યું જીતવા !' વિચારીને એણે દીકરાને દેન દીધું. ને વળતે દાડે પાછો તાંબડીમાં દૂધ લઈને હાજર થયો.

જુએ તો નાગ રાફડામાંથી ડોકાણો, પણ ઢૂકડો ન આવે.

બામણે કહ્યું કે ''એ તો જેવાં મારાં કરમ ! તને કાંઈ દોષ દેતો નથી. પણ હવે દૂધ તો પી લે.''

નાગે માનવીની વાચા કરી કે ''ભાઈ ! હવે તો આ દૂધમાં શો સ્વાદ છે !''

તને સાલે દીકરો ને મને સાલે ઘા;
ઈ દૂધમાં હવે લા ને કાંઈ સા.

''તને તારા દીકરાનું મોત સાલે છે. મને મારે માથે પડેલો લાકડીનો ઘા સાલે છે. એટલે હવે તું દૂધ પા ને હું ઈ દૂધ પીઉં તેમાં કંઈ સ્વાદ રહ્યો નથી. હવે તો મહારાજ ! હું કહું તેમ કરી શકીશ ?''

કે', મારે મારી બધી જ માયા તને આપી દેવી છે. તું થોડાં ફૂલ અને એક કરંડિયો લઈ આવીશ ? અને મને એ ફૂલમાં મૂકીને કરંડિયો ઉપાડી હું જ્યાં કહું ત્યાં પહોંચાડી જઈશ ?

કે', ભલે.

વળતે દિવસે બ્રાહ્મણ કરંડિયો ને ફૂલ લાવ્યો. એ કરંડિયામાં બેસી જઈને નાગ બોલ્યો : ''હવે મહારાજ ! મને ઉપાડ. બીશ નહિ. હું તને કાંઈ નહિ કરું. મને આંહીંથી લઈ ચાલ.''

કે'કયાં ?

કે', હેમાળામાં. મારે હેમાળે ગળવું છે; મને પહોંચાડીને આ રાફડામાંથી માયા

ખોદી જજે. તારાં પરિયાંનાં પરિયાં ખાશે તોયે ખૂટશે નહિ.

—-

હેમાળે પહોંચીને બામણે માથેથી કરંડિયો ઉતારી હેઠો મૂક્યો. એટલે નાગે બહાર નીકળીને કહ્યું : ''હવે મહારાજ, છેલ્લી વારનું મારું કહ્યું કર. મને પૂંછડેથી ઝાલીને સાત વાર ઘૂમડયા અને પછી મને આ હેમાળામાં ફગાવી દે.''

સાંભળીને બામણ ધ્રૂજી ઊઠ્યો. પણ નાગે કહ્યું : ''ભાઈ, તું બીશ મા. મારી કાયાનો મકોડે મકોડો છૂટો પડી જશે તો જ હું હેમાળે ગળી શકીશ. તને હું કાંઈ નહિ કરું. બી મા.''

એક, બે, ત્રણ, ચાર વાર બામણે નાગને તો હવામાં વીંઝ્યો છે. તે ટાણે નાગે ખડ ! ખડ ! ખડ ! દાંત કાઢ્યા છે.

કે', ભાઈ દાંત કેમ આવ્યા ?

કે', કાંઈ નહિ.

કે', ના કહે ને કહે.

કે', ભાઈ, કહેવરાવવું રે'વા દે, ને હવે મારી કાયાનો મકોડે મકોડો નોખો થઈ ગયો છે. હવે મને ઝટ ઘા કરી હેમાળામાં ફગાવી દે.

ના પણ કહે, દાંત કેમ કાઢયા ?

ત્યારે મહારાજ ! મેં દાંત કેમ કાઢ્યા એનું કારણ તને હું નહિ પણ દલ્લીનો બાદશા કહેશે. તું મને ફગાવી દઈને ત્યાં જાજે.

નાગને હેમાળાની ઊંડી બરફ-ખાઈમાં નાખી દઈને બામણ તો સીધો પહોંચ્યો દલ્લી શે'ર. બાદશાહની દેવડી જઈ ઊભો રહ્યો. ચાકર એને બાદશા પાસે લઈ ગયા. એને જોતાં જ બાદશા બોલ્યા: ''આવો મહારાજ ! હેમાળે નાગની પાસેથી આવો છો ને ? નાગ કેમ હસ્યો એ જાણવું છે ને ?''

સાંભળીને બામણ તો આભો બની ગયો. બાદશા કહે, ''મહારાજ, રાંધોચીંધો, જમો, થાક ઉતારો, પછી વાત.''

ચાર દિવસ વહ્યા ગયા તો પણ બાદશા કંઈ બોલતો નથી. બામણ કહે કે ''જહાંપનાહ ! નાગ હસ્યો તેનો ભેદ કહો. હવે હું નહિ રોકાઉં.''

કે', ''મહારાજ હું નહિ કહું, પણ એ ભેદ પેરંભનો પાદશા કહેશે. એની પાસે જાવ.''

ઊપડ્યો એ તો પેરંભ. પેરંભના પાદશાહ પણ જોતાં વાર કહ્યું કે ''આવો મહારાજ ! દલ્લીના બાદશાહે મોકલ્યા છે ને ? નાગ હેમાળે કેમ હસ્યો એ જાણવું છે ને ?''

કે', ''હા જહાંપનાહ''

''ઠીક, નાવ, ધૂવો, રાંધોચીંધો, વિશ્રામ લ્યો, પછી કહેશું.''

બામણ તો ચાર-છ દિવસ રોકાણો. પછી પેરંભના પાદશાહ કહે કે ''મહારાજ ! એ વાત તમને રૂમશામનો પાદશા કહેશે, હું નહિ કહું.''

ઉપડ્યો બામણ રૂમશામના પાદશાહ પાસે. એણે બામણને ફોડ પાડ્યો કે ''મહારાજ! એક હું, બીજો પેરંભનો પાદશાહ અને ત્રીજો દલ્લીનો પાદશાહ, એમ અમે ત્રણે હતા એક કૂતરીના કાનના ગીંગોડા. કૂતરી મરી ગઈ, એના મડદાને ગરજ્યુંએ ચૂંથી નાખ્યું, એમાંથી એનો કાન એક સમળીએ ઉપાડ્યો, ઉપાડીને એ ઊડી ગઈ હેમાળાને માથે. એની ચાંચમાંથી કાન પડ્યો, તે ગયો બરાબર હેમાળામાં. અમે ત્રણે ગીંગોડા ત્યાં હેમાળે ગળ્યા, એટલે એ પુણ્યને પ્રતાપે અમે આ જન્મે પાદશાહત પામ્યા. હવે તમે ઘૂમરડ્યો ત્યારે નાગ એમ હસ્યો, કે આ બામણની મૂર્ખાઈ તો જો મૂર્ખાઈ ! હું મારી માયા મેલીને આંહીં હેમાળે ગળવા આવ્યો, તે જેથી મને આવતે ભવ હું જે વાંચ્છું તે બધુંય મળે; ત્યારે મને આંહીં લાવનાર આ બામણ પોતે તો હેમાળે આવ્યા પછી હજી મારી મૂઠીક માયાને મોહે પાછો જાય છે – હેમાળે આવીને પાછો જાય છે ! – મૂર્ખાઈ તો જો મૂર્ખાઈ ! માનવીની એવી મૂર્ખાઈને માથે નાગે દાંત કાઢ્યા હતા, મહારાજ !''

બામણ તો આ વાત સાંભળીને બારોબાર ઊપડ્યો હેમાળે. પોતડીનો કછોટો ભીડ્યો અને ખાબકી પડ્યો હેમાળામાં. મરીને સરજ્યો ગરજનના પાદશાહને ઘેર.

શાહજાદો જન્મ્યો ત્યારે હુરમે એને જોયો. અરર ! આ કાળો કીટોડા જેવો મારી કૂખે જન્મ્યો ! મારે તો શોભે ગોરો ગોરો શહજાદો. અરે કોઈ છે કે ?

બાનડી હાજર થઈ.

કે', ''બાનડી ! કોઈક ગોરો છોકરો તાજો જન્મેલો હોય તેને ગોતીને આ બદલાવી નાખીશ ?

બાનડી તો દોડી શહેરમાં. એક પીંજારાને ઘરે તાજો જન્મેલો ગોરો ગોરો છોકરો જડી આવ્યો. એને મોંમાંગી સંપત્તિ છોકરા બદલાવ્યા. કાળા હુરમનો જણેલો તે પીંજરાને દઈ દીધો, ને ગોરો પીંજારણનો જણેલ તે લાવીને હુરમની ગોદમાં મૂકી દીધો.

ગોરો શાહજાદો તો મોટો થયો એટલે આખો હી તાંત હલાવવાની અને રૂનાં પૂંભડાં ગોતવાની જ ચેષ્ટા કર્યા કરે; એને તરવાર-ભાલાં આપે તો લ્યે નહિ, એને પીંજારાનું જ કામ કરવું ગમે.

અને પીંજારાને ઘેર ઊછરેલો કાળો છોકરો જેમ દસેક વરસનો થયો તેમ તો શેરીના છોકરાને ભેગા કરે, પાણકા-ધૂળના ગઢકિલ્લા બાંધે, લડાઈ લડાઈ રમે, તમામ ગોઠિયા ઉપર સત્તા ભોગવે.

આવી રમત એક વાર રમાય છે, પીંજારાનો કાળિયો છોકરો પાણાની ઊંચી બેઠક બનાવીને રસ્તામાં રાજરીતથી રૂવાબદાર બેઠો છે, ગોઠિયા એના હુકમ બજાવી રહ્યા છે. એવે ટાણે પાદશાહની ગાડી એ માર્ગેથી નીકળી.

પણ પીંજારાનો છોકરો રસ્તામાંથી ઊઠ્યો નહિ. ગાડીના મોઢા આગળ દોડતો પાસવાન આવીને ડોળા ફાડીને કહે કે ''ઊઠ, પાદશાહ સલામતની ગાડીને રસ્તો દે.''

છોકરો સવાયા રૂવાબથી બોલ્યો કે ''આંહીં તો હું પાદશાહ છું. જા, તારા પાદશાહને કહે કે ગાડી આઘેથી હંકારી જાય.''

ગાડી ઢૂકડી આવી. પાદશાહની ગાડીને થંભવું પડ્યું. પાદશાહે જાણ્યું કે પીંજારાનો છોકરો રસ્તામાંથી ઊઠવાની ના પાડે છે અને રાજાના રૂવાબથી બેઠો છે, એનું તો રૂંવાડુંય ફરકતું નથી.

પાદશાહે પીંજારાના કાળા છોકરાને નજરે નિહાળ્યો. પછી હુકમ દીધો, ''આપણી ગાડીને તારવીને હાંકી લ્યો.''

મહેલમાં આવીને એણે પ્રધાનને કહ્યું : ''એ છોકરાને આંહીં મારી આગળ લઈ આવો.''

પ્રધાને માણસ મોકલ્યો. છોકરો કહે કે ''તારા પ્રધાનને મોકલ.''

પ્રધાનને પ્રથમ તો કાળ ચડ્યો, પણ પછી વિચારીને એણે કહ્યું : ''ચાલો, હું પોતે જ આવું છું.''

આવ્યા. પીંજારાનો કાળો છોકરો પાણકા માથે રાજ-રૂવાબથી બેઠો છે; ન ઊઠ્યો, ન અદબ કરી, ઠરડી નજરે જોતો રહ્યો.

કે', ''છોકરા ! તને પાદશાહ સલામત યાદ કરે છે.''

કે', ''મારે શી પડી છે તારા પાદશા સલામતની ? એને આવવું હોય તો આંહીં આવે.''

બહુ કરગર્યો પછી છોકરો માન્યો, કે ''હાથી લાવો, એની અંબાડીએ હું બેસું, તું પ્રધાન મને ચમર ઢોળતો ઊભો રહે, ને હાથી નગરની બજાર વચ્ચેથી હંકાર, તો આવું, નીકર નહિ.''

''ઠીક ભાઈ ! એમ તો એમ.''

પ્રધાન પોતે ચમર વીંઝતા, પીંજારાના કાળા છોકરાને હાથીની અંબાડીએ બેસાડી પાદશાહ પાસે લઈ આવ્યા છે. જનાનખાનામાં હુરમને એની જાણ થઈ છે, એણે ઝરુખેથી કાળા કીટોડા જેવા છોકરાને નીરખ્યો છે, હુરમની છાતી છલકવા લાગી છે, હુરમની રૂપાળી બે આંખોમાંથી દડદડ પાણી દડ્યાં છે.

એણે પાદશાહને અંદર તેડાવીને હાથ જોડી અરજ ગુજારી કે ''એક ગુનો માફ કરશો ?''

કે', ''હા, કહો.''

કે', ''ત્યારે આ પીંજારાનો છોકરો પોતે જ આપણો શેહજાદો છે. જનમટાણે મેં એને પીંજારાના છોકરા સાથે બદલાવી લીધો હતો કેમ કે મને કાળા છોકરાથી ભોંઠામણ આવ્યું હતું. મારી ભૂલ થઈ.''

બોલાવે પીંજારાને. વાત સાચી નીકળી. પાદશાહે પોતાનો હતો તેને પાછો સંભાળ્યો, ને પીંજારાનો હતો તેને પણ બે ગામ આપ્યાં.

આમ બામણ હેમાળેથી એક વાર પાછો વળ્યો હતો તેને કારણે એને નવે જન્મ દસ વરસ મોડાં રાજપાટ મળ્યાં.

(લોકસાહિત્યની વાંચનયાત્રા માંથી)

❖❖❖

## ગુરુભક્તિ

ભારતીય સંસ્કૃતિમાં ગુરુભક્તિ એ એક અત્યંત મધુર એવું કાવ્ય છે.

ગુરુ પોતાનું સર્વ જ્ઞાન શિષ્યને આપી દે છે. રામકૃષ્ણ પરમહંસે એક દિવસ વિવેકાનંદને કહ્યું : ''આજે હું તને મારું સર્વસ્વ આપી દઉં છું. મારી સર્વ સાધના હું તારામાં ઠાલવી દઉં છું.'' એ ક્ષણ કેટલી દિવ્ય હશે ! પોતે મેળવેલું સર્વકાંઈ શિષ્યને અર્પણ કરી દઈને જ ગુરુ અમર બને છે.

ગુરુએ આપેલું જ્ઞાન વધુ નિર્દોષ બનાવવું, એનું નામ ગુરુપૂજા. ગુરુના વિચારોમાં કાંઈ ભૂલ શિષ્યને જણાઈ, તો એ છુપાવશે નહિ. ગુરુની આંધળી ભક્તિ સાચા ગુરુને ગમતી નથી. નમ્રપણે પણ નિર્ભયપણે જ્ઞાનની ઉપાસના કર્યે જવી, એમાં જ ગુરુભક્તિ છે. આપણને પ્રિય અને પૂજ્ય એવા કુટુંબના મોવડી મરણ પામે, તો આપણને દુઃખ થાય છે. પરંતુ તે મૃતદેહને આલિંગન દઈને આપણે કાંઈ બેસી રહેવાના છીએ ? તે પ્રિય પણ મૃત માનવીના શબને અગ્નિદાહ દેવો પડે છે. તે જ પ્રમાણે પૂર્વજોના મૃત વિચાર અને રીતરિવાજને આપણે નમ્રભાવે દાટી દઈએ, તેમાં જ પૂર્વજોની પૂજા છે.

પૂર્વજો માટે આદર એટલે પૂર્વજોના સદ્-અનુભવો માટે આદર, તેમની જ્ઞાનનિષ્ઠા માટે આદર. ગુરુની પૂજા એટલે સત્યની પૂજા, જ્ઞાનની પૂજા, વિચારોની પૂજા.

જ્યાં સુધી મનુષ્યને જ્ઞાનની તરસ છે, ત્યાં સુધી જગતમાં ગુરુભક્તિ રહેશે.

**સાને ગુરુજી**

**(અનુ. નટવરલાલ દવે)**

# ડુંગરા દેખાતા નથી !

જ્યોત્સ્ના શુક્લ

**એ**ક યુવાને આવીને કહ્યું :

''તમે કહો છો કે સ્વરાજમાં બધાએ કંઈ ને કંઈ કામ કરવું જોઈએ. સ્વરાજનો સાચો નાગરિક થવાની મારી પણ ઈચ્છા છે. પણ કંઈ કામ જ નથી; પછી કરવું શું ?''

''તમારે ખરેખર કંઈ કરવું જ છે ?''

''હાસ્તો, કરવું તો છે, પણ મને કંઈ કામ દેખાતું જ નથી. તમે બતાવો તો જરૂર કરું.''

''ખાદી પહેરવાથી શરૂઆત કરો.''

''એ નહીં બને. શું પહેરવું ને શું ન પહેરવું એ મારી ખુશીની વાત છે. મારે તો કામ કરવું છે. આ કંઈ કામ નથી. કામ હોય તો બતાવો.''

''સમાજ-શિક્ષણનું કામ ઉપાડો.''

''છટ્ ! એ તે કંઈ કામ છે ? એ પંતુજીપણું આપણને ન ફાવે.''

''એ તો બહુ સારું કામ છે. આંધળાને આંખ આપવા જેવું કામ છે. તમે જે જે કંઈ જાણો છો એ બધું જ્ઞાન એમને તમે આપી શકો. સમાજસેવાનું આવું સુંદર કામ યુવાનો નહીં કરે તો કોણ કરશે ?''

''ના ભાઈ ! એ આપણને નહીં ફાવે. બીજું કંઈ કામ બતાવો !''

''કોઈક હરિજનવાસમાં બાલ-ક્રીડાંગણનું કામ કરશો ? બાળકોને સ્વચ્છતા શીખવવી, નહાતાં-ધોતાં શીખવવું, ગીતો શીખવવા, વાર્તાઓ કહેવી વગેરે કરશો ? આનંદ આવે અને કામ પણ થાય એવું આ છે.''

''હરિજનવાસમાં જઈને ગંદાં બાળકો સાથે હું મારો સમય બગાડું ? એ તો મને નહીં ફાવે.''

''તો પછી દારૂબંધીના પ્રચારનું કામ હાથમાં લો. સરકારની દારૂબંધીની નીતિ સફળ થાય એ માટે લોકોને સમજાવવા એ આપણું જ કામ છે. ઘેર ઘેર દારૂ ગળાય છે, એવી વાતો કરવાને બદલે એકાદ ગામ કે એકાદ લત્તો લઈને તેટલા ભાગમાંથી એ બધી નિર્મૂળ કરવાનો નિશ્ચય કરો અને એની પાછળ મંડી પડો.''

''વાહ ! આટલું બધું ભણ્યો અને ડિગ્રીઓ લીધી તે શું આવા લોકો વચ્ચે ભટકવા માટે ?''

''તો પછી કરશો શું ?''

''આ સિવાય બીજું જ કંઈ બતાવો તો કરું. પણ કામ જ કયાં છે ?''

''એક કામ કરો. આપણી કેટલીક ખોટી રૂઢિઓ નાબૂદ કરવાનું કામ ઉપડો. હજી મરણ પાછળ જમવાનાં થાય છે. એ ખોટું છે એમ લોકોને સમજાવો. કેટલીક જ્ઞાતિઓમાં વાંકડાનો રિવાજ છે. એ આપણું મોટામાં મોટું કલંક છે. સ્ત્રીજાતિનું ભયંકર અપમાન છે અને યુવાનોને માટે શરમભરેલું છે. એવી જ્ઞાતિઓના યુવાનો સાથે ભળીને આ પ્રથા બંદ કરાવવાનું કામ ઉપાડો.''

''રામ રામ કરો. એ તે કોઈ કાળે બનતું હશે ? અમારા જેવા ભણેલા યુવાનો તો તાતાના ડિફર્ડ જેવા ગણાય છે. ના ભાઈ ! એમાં કોઈનું કંઈ ન વળે.''

''તો તો ભાઈ ! તમે કશું જ કામ કરવાને લાયક નથી. તમે નકામું જ ભણી બગાડ્યું. તમે તો સ્વરાજમાં ભારરૂપ છો.''

''કેમ એમ કહો છો ? સામો આવીને કામ માગું છું તોયે કરવા જેવું કામ બતાવતા નથી, કામ તમારી પાસે છે નહીં, પછી મને શા માટે દોષ દો છો ?''

''જાઓ ભાઈ, જાઓ. ફક્કડ કપડાં પહેરીને આમતેમ ભટકતા ફરો. સિનેમા જુઆએ. સિનેમાનાં ગીતો લલકારો. નટનટીઓની છબીઓ ભેગી કરો. ચકલે ચકલે ટોળે વળીને ટોળટપ્પાં મારો. સ્વરાજની ઠેકડી કરો અને કેળવણીને બદનામ કરો. તમારે માટે ફક્ત આટલું જ કામ કરવા જેવું છે.''

..........

આ સંવાદમાં અતિશયોક્તિ જેવું કશું જ નથી. આવા એક નહીં ને અસંખ્ય અનુભવો એક કે બીજી રીતે થતા જ રહે છે. સ્વરાજના કામને શું શીંગડાં-પૂંછડાં હોય છે ? સ્વરાજનું કામ એટલે શું ફૂલબાગમાં ચમન કરવાનું કામ છે ?

કહે છે : કામ કરવું છે, પણ કામ જ કયાં છે ? આ બધાઓને કંઈ કામ જ દેખાતું નથી !

એક બહેન કહે : ''કંઈ ફળદાયક કામ હોય તો કરવાનું મન પણ થાય.''

પણ ફળદાયક એટલે શું ? કામની વાતો કરનારા આવા બધાઓને પોતે કંઈક કર્યું, પોતે કામ કર્યું એ તરત દેખાઈ આવે એવું જોઈએ છે. એને ફળદાયક કહે છે.

સ્વરાજનાં કામો એમ ન થાય. એ માટે પહેલી જરૂર છે સાચા દિલથી કામ કરવાની તમન્નાની અને પોતાની જાતને ભૂલી જવાની. આટલું હોય તો કામ ઢગલાબંધ પડયાં છે. કામના ડુંગરા પડ્યા છે. એ ખોદનારાં ને ચણતર કરનારાં જોઈએ છે. જેમની આંખો ખુલ્લી છે એમની આગળ એ ડુંગરા પડેલા છે.

દેશ આજે કામ કરનારાઓને શોધે છે. આપણી પાસે દેશ કામ માગી રહ્યો છે. શહેરનાં માણસો હોય કે ગામડાંનાં હોય, ભણેલાં હોય કે ન ભણેલાં હોય, ગરીબ હોય કે ધનવાન હોય, સૌની પાસે દેશ કામ માગી રહ્યો છે. વાતો ન કરો પણ કામ કરો, એમ દેશ પોકારી પોકારીને કહે છે. તોયે આપણે આમ જ અથડાયા કરીશું ને સ્વરાજનાં કામો ઠેલ્યા કરીશું ? ❖❖❖

# દાક્તર તો દેવ જેવા અને હૉસ્પિટલની નર્સ તો દયાળુ પરી જેવી હતી

ગુણવંત બરવાળિયા

મુક્તિધામ મંદિર અને મલ્ટી-સ્પેશીયાલિટી હૉસ્પિટલ વચ્ચેના બગીચાની બેંચ પર હું એક મિત્રની રાહ જોતો બેઠો હતો, એવામાં એક કુટુંબ ત્યાં આવ્યું, બે પુરુષો, બે સ્ત્રીઓ અને ૧૮ વર્ષનો છોકરો. તેમની વાતચીત પરથી જાણ્યું કે બે પુરુષો પિત્રાઈ ભાઈઓ હતા. ૧૮ વર્ષના યુવાન પુત્રને હૉસ્પિટલમાંથી છુટ્ટી મળતાં જ એ અહીં આવ્યા હતા. એક સ્ત્રી તે યુવાનની માતા અને બીજી દાદી.

આ હૉસ્પિટલ બનાવનાર સૌ ધન્યવાદને પાત્ર છે, જેણે આમાં દાન આપ્યું છે તેણે તો પુણ્યના ગંજ ખડકી દીધા છે. છોકરાના પિતા બોલ્યા. સાંભળી બીજા ભાઈએ કહ્યું કે, તારી વાત સાચી છે. આપણે પહેલાવહેલા છોકરાને ખાનગી ડૉક્ટર પાસે લઈ ગયા હતા તો તેણે દસ હજાર ખર્ચ આવશે તેમ કહેલું. આટલા રૂપિયા આપણે ગરીબ માણસ ક્યાંથી લાવીએ ? સારું થયું કે આપણે આ સ્પેશ્યલ હૉસ્પિટલમાં આવ્યા. દસ દિવસે છોકરો સાજો થયો અને આ ધર્માદા દવાખાનાનું બિલ તો પંદરસો રૂપિયા જ આવ્યું.

દાક્તર તો દેવ જેવા ને આ નર્સ તો દયાળુ પરી જેવી, છોકરાની ઊભે પગે ચાકરી કરી. ભગવાન એમનું ભલું કરે ! માજીએ અંતરના આશીર્વાદ આપ્યા. આપણું કામ સારી રીતે પાર પડી ગયું તો માતાજીના મઢે જઈને જ ગામને ઘરે જઈએ, મોટો ભાઈ બોલ્યો.

નાનો કહે, માતાજીની જગ્યાએ જવાનો કેટલો ખર્ચ થશે ? નાળિયેર, પૂજાપો, ચૂંદડી, ફૂલમાળ, પૂજારી અને પ્રસાદના થઈને વધામણાના સાડા ચારસો જેવા ને દોઢસો ટિકિટના ગણો તો છસ્સો રૂપિયા ખરચ થાય. મારી પાસે ત્રણસો સિલક છે. ત્રણસો તારે ઉછીના આપવા પડશે. મોટાએ બજેટ રજૂ કર્યું.

રસ્તામાં ઘંટાળીમાની દેરીએ એક ઘંટ પણ ચડાવતા જઈએ. દોઢસો વધુ થાશે. હું સાડા ચારસો ઉછીના આપીશ. સગવડે પાછા આલજે. દવાખાનાનું બિલ વધુ આવ્યું હોત તો ભરવું જ પડત ને. માના પરતાપે તો સૌ સારાં વાનાં થયાં. નાનાએ ટાપશી પૂરી. છોકરો માંડ પથારીમાંથી ઊભો થીયો છે. છોકરાને હજી નબળાઈ બહુ છે. આ દેવી-દેરાનાં વધમણાંનું પછી રાખો તો સારું ભાઈ, દાદીએ વ્યથા રજૂ કરી. આ સાંભળી હું બોલ્યો ભાઈઓ તમારો ક્યાં રહેવાનું ? સાંભળી મોટો ભાઈ કહે, સાપુતારા બાજુને ગામડે રહીએ છીએ. છોકરાને દવાખાને દાખલ કર્યો હતો, આજ છુટ્ટી દીધી, પણ જાતા પહેલા છોકરાને માતાજીને પગે લગાડતા જાવું છે.

તમે આ ધર્માર્થ દવાખાનું બનાવનાર દાનવીરો અને ડૉક્ટરનાં વખાણ કર્યાં તે સાંભળ્યું, પણ તમે દેવું કરી ઉછીના-ઉધાર લઈ માતાજીનાં વધામણાં કરવા જવાનો વિચાર કરો છો તે કેટલું યોગ્ય ? ઘંટાળીમાના દેરે બસ્સો ઘંટ પડ્યા છે. માણસો ચોરીને ઘંટ ભંગારમાં વેંચી દે છે. રાખવાની જગ્યાના અભાવે પૂજારી પણ ઘંટ વેંચી દે છે. આને બદલે તમે જે ધર્માદા દવાખાનામાં લાભ લીધો તે દવાખાનાના ટ્રસ્ટને રૂા. ૨૫૧ દાનમાં દો તો તમારા જેવા જરૂરિયાતવાળાના ઉપયોગમાં જ એ રકમ વપરાશે. તમે કહેતા હતા ને આ દવાખાનામાં દાન દેનારે પુણ્યના ગંજ ખડક્યા, તો તમે પણ યથાશક્તિ આપી પુણ્ય કમાઈ લો, મેં કહ્યું.

ધરમ-કરમ તો કરવાં જ જોઈએ ને, નહીં તો દેવ ના કોપે ? નાનો બોલ્યો. સામે મુક્તિધામમાં સર્વધર્મનાં દેવ-દેવીઓની સુંદર મૂર્તિઓ છે. ત્યાં જઈ ભાવપૂર્વક તમે બધા દર્શન કરો. મંદિરના ભંડારમાં રૂા. ૧૫૧નું દાન કરો. શ્રદ્ધાપૂર્વકનાં દેવદર્શન તમારા પરિવારનું જરૂર કલ્યાણ કરશે. આમ કરવાથી તમે દેવું કરવામાંથી પણ બચશો અને છોકરો મુસાફરીથી બચી ઘરે આરામ કરી શકશે. મેં આત્મીયભાવે બન્ને ભાઈઓને કહ્યું. આ ભાઈની વાત સાચી છે, દાદીએ કહ્યું. બધા સંમત થયા. નાનો કહે, હું હૉસ્પિટલમાં જઈ બસો એકાવનની પાવતી ફડાવીને આવું છું. તમે સૌ મંદિર તરફ ચાલો. દર્શન કરીને પછી જ ગામને ઘરે જઈએ. મને પ્રસન્નતા અને સંતોષની લાગણી થઈ.

આવા એક મોટા વર્ગનો પૈસો અને સમય બધા, આખડી, દોરા, ધાગા, ભૂવા, ડાકલા પાછલા વ્યર્થ ખર્ચાતો બચે અને એ સમય અને નાનકડી પણ વિશાળ સંપત્તિનો પ્રવાહ દાન દ્વારા શિક્ષણની સંસ્થાઓ, હૉસ્પિટલો પ્રતિ વળે તો એ બધું મળીને કેટલું મોટું કામ થઈ શકે, નહિ તો વેઠિયા ઘંટી ચાટે ને પૂજારીને મલીદા જેવો ઘાટ થાય.

સંતો અને લોકશિક્ષકો જ સમાજના એક મોટા વર્ગને અંધશ્રદ્ધામાંથી બચાવી શકે.

❖❖❖

# પ્રાર્થના હૃદયની સંમતિ છે

**સુરેશ દલાલ**

પશુઓ ગમે છે, કારણ કે તેઓ ધર્મની ચર્ચા નથી કરતાં - 'વોલ્ટ વ્હીટમન'

રસ્તામાં એક મોટું ઢેફું મળ્યું. એના પર પણ ચિક્કાર ધૂળ હતી. ઢેફામાં કે ધૂમાં રસ પડે એવું કશું હતું નહીં. પણ તે ક્ષણે મારા મનમાં એક વિચાર પસાર થયો. આ ઢેફું એ બીજું કશું જ નથી પણ ધર્મ છે. ધર્મને ઈતિહાસ ન હોય – ન હોવો જોઈએ. ધર્મને વર્તમાન હોય. ઈતિહાસ ધૂળ છે. ધર્મની વર્તમાનની ક્ષણ —સાંપ્રતની ક્ષણ રજકણ છે, સુવર્ણકણ છે. ધર્મ અંગત છે, વૈયક્તિક છે. આપણે એને સામૂહિક બનાવી દીદો અને સમાજે ધર્મનો પણ સમજ વિનાનો સમાજ ઊભો કરી દીધો. એનો ઈતિહાસ ઊભો કર્યો. ઈતિહાસ સ્મશાન કે કબ્રસ્તાન છે. ઈતિહાસ નિર્જીવ છે. ધર્મ સજીવ છે અને એની કને સંજીવન છે. ઈતિહાસ સ્મારક છે. ધર્મ નામનો એક વિરાટ રાજમાર્ગ. આપણે એણે સંપ્રદાયની ગલીકૂંચીમાં ધકેલી દીધો. આ ગલીઓમાં કેટલાય સંતો અડ્ડો જમાવીને બેઠા. શિષ્યોને એકઠા કર્યા અને એંઠા કર્યા. ઈશ્વરના દૂત થવાને બદલે એ પોતે જ ઈશ્વર થઈ બેઠા. સંતો પણ એક પ્રકારનું ઢેફું જ છે – જેને શિષ્યોની ધૂળ વળગેલી છે. ધર્મ એક જ હોઈ શકે અને તે મનુષ્ય ધર્મ. ધર્મ ભાવભીનો છે, સૂકો નથી. ધર્મ ગતિ છે. કોઈ જડ – ઉજ્જડ સ્થિતિ નથી. ધર્મ કેવળ આંખ નથી - દૃષ્ટિ છે. ધર્મદર્શન છે. દર્શન એક પ્રકારના સાક્ષાત્કારનું સ્વરૂપ ચે. તમે જે કૈં પાછળ મૂકતા આવો છો – એને ઊંચકીને ચાલ્યા કરશો તો ધર્મ પરંપરાગત બોજો થઈ જશે. અને તમે ભક્ત નહીં પણ મજૂર થઈ જશો. ધર્મને આવું કશું મંજૂર નથી. ખાબોચિયામાં કદીય ખુશબો નથી હોતી. ધર્મ કાં તો શાંત સરોવર છે અથવા અફાટ સમુદ્ર. જળનો સ્વભાવ આકાશને આંબવાનો છે. પણ હજી સુધી જળની કોઈ પણ જાળમાં આકાશ માછલી થઈ પકડાયું નથી. ધર્મ વિશાળતા છે. સંકુચિતતા એ અધર્મ છે. કોઈનામાં અપરાધભાવની વૃત્તિ જગાડવી કે કોઈનામાં જુઠ્ઠી અપેક્ષા ઊભી કરવી એ એક પ્રકારનો અધર્મ છે. ધર્મના સાન્નિધ્યમાં માણસ હળવાશ અનુભવે – પંખીનાં પીંછાં જેવી કે ડાળ પરના ફૂલ જેવી.

પ્રાર્થના કરીએ છીએ એ સારી વાત છે, પણ ક્યારેય ઊંડા ઊતરીને જોઈએ છીએ ખરા કે આપણી પ્રાર્થનાનું કેન્દ્ર ઈશ્વર પ્રત્યેનો પ્રેમ છે કે આપણી આસપાસ વિસ્તરેલા અને વિસ્તરતા ભયનાં અનેક વિકરાળ સ્વરૂપો છે. પ્રાર્થનામાં હૃદયની સંમતિ હોય-સલામતીની ઝંખના ન હોય. ભયમાંથી જે જન્મે છે તે પ્રાર્થના નહીં. ભૌતિક વસ્તુઓની સ્પૃહામાંથી જન્મે છે તે પ્રાર્થના નહીં. આપણે આપણી અંદર જ અટવાયેલા અને ગૂંચવાયેલા છીએ. આપણે કશું જ કરવું નથી, પરાધીન થઈને ઈશ્વરને કહેવું છે કે તું બધું કરી આપ. ઈશ્વર આપણા હાથ-પગ નહીં, પણ આપણું હૃદય થાય તો પ્રાર્થના સ્વયંભૂ પ્રકટે. કી પણ થાય તો આપણે આપણા ભયનો કે કાર્યનો હવાલો ઈશવરને સોંપી દઈએ છીએ. આપણે ઈશ્વર વતી જીવવાનું છે તેને બદલે આપણે ઝંખીએ છીએ કે ઈશ્વર આપણા વતી જીવે.

આપણે નિરાધાર થઈ જઈશું એવો આપણને ભય પીડ્યા કરે છે. અને એટલે આપણે ઈશ્વરને આધાર તરીકે સ્થાપી દીધો છે. ઈશ્વર આપણને અઢેલવાનો થાંભલો થઈ ગયો. બાળક જેમ ગાભાને વળગે તેમ આપણે થાંભલાને વળગીએ છીએ.

બાળક નાનપણમાં બેફિકર છે. એને કોઈ ચિંતા નથી. ચિંતા શું એની પણ એને ગતાગમ નથી. મા-બાપ એનું જતન કરે છે. રક્ષણ કરે છે. લાલનપાલન કરે છે. એની તમામ ઈચ્છાઓ પૂર્ણ થાય છે. લાગણીના લીલાના વિશ્વથી બાળક વીંટળાયેલં હોય છે. ચાલવું પણ પડતું નથી. મા-બાપ તેડી તેડીને એને તેડકો કરી મૂકે છે.

પણ એક તબક્કો એવો આવે છે જ્યારે બાળકે એના પગ પર ઊભા રહેવું પડે છે. એને પગભર થવું પડે છે. એ તબક્કો વિકસતો જાય છે. હું પડીશ તો શું? હવે મારો હાથ પકડનાર કે મને તેડનાર કોઈ નથી... આ વિચારમાંથી ભગવાન જન્મે છે. અને ભયભીત થઈને આપણે પ્રાર્થના કરીએ છીએ. કોણ કોને સર્જે છે અને કોણ કોનો વિનાશ કરે છે? માણસનું સર્જન ઈશ્વરે કર્યું કે ઈશ્વરનું સર્જન માણસે એ એક સનાતન પ્રશ્ન છે. અનેક દેશો, અનેક પ્રાંતો, અનેક પ્રકારના લોકો — સમગ્ર વિશ્વ–પ્રત્યેક પ્રજાએ પોતાની જરૂરિયાત પ્રમાણે ઈશ્વરની મૂર્તિ કંડારી. કોઈકે આકારમાં, કોઈકે નિરાકારમાં, આ મૂર્તિ કે અ-મૂર્તિ મનુષ્યજાતિના મનનું જ પ્રતિબિંબ છે. વ્હીટમન કહે છે કે મને પશુઓ ગમે છે, કારણે કે એ લોકો ધર્મ કે ઈશ્વરની ચર્ચા નથી કરતા. આપણે ઈશ્વરને આપણી કલ્પનામાં ઊભો કર્યો અને પછી આપણે આપણી જ કલ્પનાથી પૂજા કરવા લાગ્યા, સ્તુતિ કરવા લાગ્યા. આરતી ઉતારવા લાગ્યા. ઈશ્વર કલ્પાનાનો નહીં, અનુભવના – અનુભવની તીવ્રતા – અનુભૂતિનો વિષય છે. પ્રાર્થના ક્રિયાકાંડ હોય તો, એનો પોતાના પિંડ કે સમગ્ર બ્રહ્માંડ જોડે કોઈ સંબંધ નથી.

જે કૃષ્ણમૂર્તિ, રજનીશજી ઈત્યાદિના પ્રતિભાવ, પ્રત્યાકારમાંથી આ લેખ લખાયો તેનો અહીં ઉલ્લેખ.


❖❖❖

# મહાવીર સ્વામીના રૂપમાં મૂર્તિમંત તપ અવતરિત થયું છે

ભગવાન કૃષ્ણે 'ગીતામાં કહ્યું છે, અર્જુન, કંઈ પણ થાય; પરંતુ યજ્ઞ, દાન અને તપ ક્યારેય છોડવાં નહીં; કેમ કે યજ્ઞ, દાન અને તપ ત્રણેય બુદ્ધિમાનોનો બુદ્ધિને સમયે-સમયે વિશુદ્ધ કરે છે. એ જ કૃષ્ણે કહ્યું કે, કળિયુગ આવશે; ગરીબ અને દીન-હીન, વંચિત, ઉપેક્ષિત કે છેવાડાના માણસો ક્યાં યજ્ઞ કરી શકશે ? એટલા માટે પાંચ હજાર વર્ષ પહેલાં જ કૃષ્ણે એક નવા યજ્ઞની સ્થાપના ઑલરેડી કરી દીધી. કહ્યું, 'યજ્ઞાનાં જપયજ્ઞોડસ્મિ.' 'દુનિયાના સમસ્ત વૈદિક, પૌરાણિક કોઈ પણ યજ્ઞ હોય, એ તમામ યજ્ઞમાં જપયજ્ઞ હું છું.'

ભગવાન મહાવીર પણ એક યજ્ઞની સ્થાપના કરે છે. ભગવાન મહાવીરે કહ્યું એ પશુના બલિનો યજ્ઞ નથી. એ માત્ર ઘી હોમવાનો યજ્ઞ નથી. એ જડતાને કારણે સમય, સમજ, સંપત્તિ વગેરેને વ્યર્થ કરનારો યજ્ઞ નથી. ભગવાન મહાવીરે પણ યજ્ઞ, દાન અને તપ પકડી રાખ્યાં છે. મૂળ પુરુષ તો ક્યારેય જુદા હતા જ નહીં. એમના પછી પાંચસો વર્ષ – હજાર વર્ષ બાદ આ બધી વિષમતાઓ પેદા થઈ. મહાવીર અને બુદ્ધ ક્યારેય કોઈ સિદ્ધાંતો માટે લડ્યા છે ? મહાવીર, રામ, કૃષ્ણ, શિવ કોઈ પણ હોય, શો ફરક પડે છે ? પરંતુ આજનો જે માહોલ છે, જે દેશ-કાળ છે એમાં બહુ પરિવર્તન આવી રહ્યું છે. ચિંતા કરવાની જરૂર છે.

કોઈ પણ સિદ્ધાંત દ્વારા કોઈ વ્યક્તિને આનંદરહિત કરવી એ હિંસા છે. આનંદ પામવો, પ્રસન્ન રહેવું એ આપણો જન્મસિદ્ધ અધિકાર છે. આદિ શંકરાચાર્યે કહ્યું છે, 'પ્રસન્ન ચિત્તે પરમાત્મદર્શનમ્.' પરમાત્માનાં દર્શન કરવાં હોય તો પ્રસન્ન રહેવું. આનાથી વધારે સરળ સિદ્ધાંત કયો



**મોરારિબાપુ**
**સંકલન : નિતિન વડગામા**

હોઈ શકે ? જીવ પ્રસન્ન રહીને પરમાત્માને પામે. નિર્દોષ આનંદ પામવો એ આપણો અધિકાર છે. આપણા આનંદને દબાવી દેવામાં આવ્યો; આપણી પ્રસન્નતાને મારવામાં આવી; એ શું હિંસા નથી ? સૂત્રો દ્વારા મારી નાખો ! સિદ્ધાંતો દ્વારા મારી નાખો ! બહુ ઊંડાણપૂર્વકની હિંસા તો છે ! બધા અવતારોમાં ક્યાંય મતભેદ નથી. ભગવાન મહાવીરે યજ્ઞ પકડી રાખ્યો, પરંતુ સંશોધન કર્યું. ભગવાન મહાવીરે દાન નથી કર્યું ? મહાવીર પ્રભુનું સૌથી મોટું દાન છે, ક્ષમાદાન. 'મિચ્છા મિ દુક્કડમ્.' જેવું બીજું કયું દાન છે ? ભગવાન મહાવીરસ્વામીના રૂપમાં મૂર્તિમંત તપ અવતરિત થયું છે. તો જે બુદ્ધિને વિશુદ્ધ કરે છે એવા યજ્ઞને છોડવાની ભગવાન કૃષ્ણે મનાઈ કરી છે. એ જ કૃષ્ણે સામાન્ય લોકો માટે જપ કરવો કે પ્રભુનું નામ લેવું એ યજ્ઞ છે, એવું કહ્યું. એ યજ્ઞ માટે તુલસીએ પણ સંશોધન કર્યું. ભગવાન મહાવીર સ્વામીએ પણ એક યજ્ઞની ચર્ચા પોતાનાં સૂત્રોમાં કરી છે. યજ્ઞને હટાવ્યો નથી. યજ્ઞને દેશ-કાળ અનુસાર પ્રસ્થાપિત કર્યો.

યજ્ઞમાં જ્યોતિ જોઈએ. અગ્નિસ્થાપનની જગ્યા જોઈએ. તો વીર મહાપ્રભુ કહે છે, 'તપો જોઈ...' જેમાં તપની જ્યોતિ છે. તપની વ્યાખ્યા મહાવીરના જીવનમાં શોધશું તો અદ્ભુત મળે છે, પરંતુ આપણને બધાંને નિકટ પડે એવું તપ; નિંદા સાંભળી, મુસ્કુરાયા; પ્રશંસા સાંભળી, મુસ્કુરાયા; એ તપ છે. સહારો આપ્યો કે ધક્કો દીધો, પણ મુસ્કુરાયા; એ તપ છે. ગાદી પર બેસાડી દીધા કે ગાદી પરથી હટાવી દીધા, પ્રસન્નતાથી નીકળી ગયા, એ તપ છે. ત્યાગ અને સંગ્રહ સમજ્યા વિના નહીં કરવા જોઈએ. ભગવાન મહાવીરને એક વૃક્ષની નીચે બેસીને તપશ્ચર્યા કરવાનું માફક આવ્યું. મહેલ કે વૃક્ષ મહત્ત્વનાં ન હતાં. તપ મહત્ત્વનું હતું. મહાવીર તો કેટલું કઠિન તપ કરતા હતા ! એ તપજ્યોતિ છે. મને નથી લાગતું કે ધરતી પર આવું તપ કોઈએ કર્યું હોય. 'માનસ'માં મનુ-શતરૂપાએ તપ કર્યું છે; મા પાર્વતીએ તપ કર્યું છે, પરંતુ જે શરતોથી મહાવીર પ્રભુએ તપ કર્યું એવું તપ કદાચ વિશ્વના ઈતિહાસમાં કોઈએ નથી કર્યું.

તપના તપતા સૂર્ય છે ભગવાન મહાવીર. તપ જ્યોતિ છે અને આપણો જીવ જ અગ્નિસ્થાપન કરવાનું સ્થાન છે, તો કયાં કરશો અગ્નિનું સ્થાપન ? યજ્ઞની વેદિકા કઈ ? આ જીવ જ વેદિકા છે. કરો અંદર યજ્ઞ; રાખો ત્યાં જ્યોતિ. મન, વચન અને

કર્મ એ ત્રણેયને એક કરીને આહુતિ આપવાનું સાધન બનાવીએ. મહાવીર પ્રભુ કહે છે, આહુતિ મનથી આપવી જોઈએ; આહુતિ વચનથી આપવી જોઈએ; આહુતિ કર્મથી આપવી જોઈએ. પછી કહે છે, શરીર સૂકા ગોબરનું છાણું છે. શરીર જ હવ્ય વસ્તુ છે. વસ્તુનો હોમ કરવો બહુ આસાન છે. પોતાના વપુનો હોમ કરી દેવો. એનો મતલબ છે કે તારા દેહાભિમાનનો ત્યાગ કરી દે, તારું દેહાભિમાન છોડી દે. તારો અહમ્ તારા યજ્ઞનાં છાણાં બની જાય. હવનમાં છાણાં જ નથી હોમવામાં આવતાં, સમિધ પણ હોમવામાં આવે છે. મહાવીર પ્રભુ કહે છે, તારાં કર્મ જ યજ્ઞનાં ઈંધણ છે. તારાં બધાં કર્મ સમિધ છે. 'ભગવદ્ગીતા'માં કહ્યું છે, બધાં કર્મ ભસ્મસાત્ કરી દે. જ્ઞાનદીપ પ્રસંગમાં તુલસી કહે છે, તારાં શુભ અને અશુભ કર્મ એ બધાં ઈંધણ છે, સમિધ છે.

યજ્ઞ થાય છે ત્યારે શાંતિપાઠ થાય છે. પ્રકૃતિનાં બધાં જ તત્ત્વોમાંથી શાંતિની ઉદ્‌ઘોષણા કરવામાં આવી. જલ, વાયુ, ઔષધિ, અન્ન બધાંમાંથી શાંતિ પ્રાપ્ત થાય, એવું આવ્યું છે. દરેક મંત્રની પાછળ 'ૐ શાન્તિ શાન્તિ' ઉચ્ચારણ આપણે કરીએ છીએ, પરંતુ મહાવીર પ્રભુએ અદ્‌ભુત વાત કરી. એમણે કહ્યું કે તમારા જીવનયજ્ઞમાં સંયમ લાદવામાં આવ્યો એટલે અશાંતિ પેદા થઈ, અસંતોષ પેદા થયો. આંખ ફોડવાની નથી. અંદરથી વિકાર ઊભરાય અને લાખ આંખ બંધ કરી દે, પણ અંદરનું શું થશે ? સંયમ શાંતિપાઠ છે. સંયમનો શાંતિપાઠ. શું મહાવીર પ્રભુ બોલ્યા છે ! એનો મતલબ હું એમ કરીશ કે જે શાંતિ આપે એ સંયમ, જે અશાંતિ આપે એ અસંયમ. તમે મૌન રાખો, અનુષ્ઠાન કરો, ઉપવાસ કરો અને તમે અશાંત થઈ જાઓ તો એ સંયમ નથી, તપ નથી.

તો યજ્ઞ, દાન અને તપ છોડવાનાં નથી; મહાવીર પ્રભુએ પણ છોડ્યાં નહોતાં, સંશોધન કર્યું. જપ-યજ્ઞ ક્યારેય છોડવા નહીં. દાન ક્યારેય છોડવું નહીં. સુવિચારનું દાન કરો. રૂપિયાનું જ દાન કરાય ? આદત થઈ ગઈ છે, બાકી રૂપિયા ન હોય તો દાન નથી કરી શકતા ? કોઈના ખભે હાથ રાખીને એક સૂત્ર સંભળાવી દો એ દાન છે. ક્ષમાદાન કરો. કવિતા સંભળાવો, એક શે'ર સંભળાવો. એ દાન છે. મહાવીર સ્વામીનાં બધાં સૂત્રો સાર્વભૌમ છે. વૈશ્વિક છે.

❖❖❖

# શૌર્યની કદર

**નીલેશ મહેતા**



**શૌ**ર્યનું સન્માન સાચો શૂરવીર જ કરી શકે ! છત્રપતિ શિવાજી એક સાચા શૂરવીર હતા અને તેથી જ તેઓ હંમેશાં શૂરવીરોનું સન્માન કરતા રહ્યા હતા. આ વાતને સમર્થન આપતો છત્રપતિ શિવાજીનો એક જીવનપ્રસંગ જોઈએ.

છત્રપતિ શિવાજીએ એકવાર બેલ્લારીના રાજ્ય પર આક્રમણ કર્યું. બેલ્લારી એક નાનકડું રાજ્ય હતું અને તેનો રાજા મરણ પામ્યો હોવાથી રાજ્યનો બધો વહીવટ એક વિધવા મલવાઈ દેસાઈ ચલાવતી હીત. મલવાઈની શૂરવીરતા એવી તો અસીમ હતી કે આજુબાજુના રાજ્યના લોકો તેની પ્રસંસા કરતાં થાકતા નહોતા.

મલવાઈએ જોયું કે શિવાજીએ રાજ્ય પર આક્રમણ કર્યું છે એટલે તરચ જ તે પોતાની નાની સેના સાથે રણમેદાનમાં જઈ પહોંચી અને શિવાજીની સેના સામે બહાદુરી ભર્યો જંગ આદર્યો ! પણ શૂબ જ નાના રાજયની નાની સેના ક્યાં સુધી ટક્કર ઝીલી શકે ? શિવાજીની વિશાલ સેનાનો અંતે વિજય થયો અને બેલ્લારીની નાની સેનાનો પરાજય થયો. શિવાજીના સૈનિકોએ મલવાઈ દેસાઈને પકડી લીધી અને તેને તેઓ શિવાજી પાસે લઈ ગયા.

છત્રપતિ શિવાજી આ શૂરવીર વીરાંગનાના મુખ પર પ્રગટતો શૌર્યભાવ જોઈ જ રહ્યા અને શિવાજી મલવાઈ દેસાઈને કશું પૂછે કે કે કશું કહે એ પહેલાં જ એ શૂરવીર વીરાંગના શિવાજીને કહેવા લાગી : 'તમે મને મૃત્યુદંડ આપી શકો છો. તે સામે મારો કોઈ વાંધો નથઈ. હું હસતાં હસતાં મૃત્યુને ભેટીશ. મૃત્યુ હું સહન કરી શકીશ, પણ મારું અપમાન મારાથી સહન થઈ શકશે નહિ. મારું કોઈ અપમાન કરવાને બદલે તમે મને જલદીથી મૃત્યુદંડ આપી મારી નાખો.'

છત્રપતિ શિવાજી આ વીરાંગનાની આવી શૌર્યભરી વાણીથી એટલા બધા પ્રભાવિત બન્યા કે તેઓ તરત જ બોલી પડ્યા : 'તમારી આ સ્વમાનશીલતાને હું વંદુ છું. જાઓ, તમારું રાજ્ય સ્વતંત્ર જ રહેશે. તેના પર માટે મારું આધિપત્ય જમાવવું નથી. તમને હું માનભેર મુક્ત કરું છું. તમે ખુશીથી તમારા રાજ્યમાં પાછા વળો અને રાજ્યનો વહીવટ પહેલાંની માફક ચલાવો.' ❖❖❖

# સબક તારી બેવફાઈ નો

**શરદ મણીયાર**

''કોન્ગ્રેચ્યુલેશન સર, અમારી કંપનીમાં વાઈસ પ્રેસિડેન્ટની પોસ્ટ માટે આપનું સિલેક્શન થઈ ગયું છે.'' એમડીની સેક્રેટરી ગીતાંજલી ની વાત સાંભળી રાજીવ એકદમ ખુશીથી ઝૂમી ઉઠ્યો અને ઓફર લેટર માં લખેલા એના પગારનો આંકડો જોઈને એનું મનવિભોર થઈ ગયું એની આગલી કંપનીની સરખામણીમાં આ કંપની નો પગાર લગભગ ૩૦% થી પણ વધુ હતો. ''થેન્ક્યુ મિસ, હવે મારે આગળ શું કાર્યવિધીઓ કરવાની છે એ જણાવશો પ્લીઝ ?'' મલકતા સ્વરે રાજીવે ગીતાંજલી ને પૂછ્યું. ''બસ આ ઓફર લેટર આપ સ્વીકારો એ પહેલા એક એગ્રીમેન્ટ કરવાનો છે જેની બે મુખ્ય શરતો મુજબ તમારે આજથી જ અમારી કંપનીને જોઈન્ટ કરવાની છે અને આવતા પાંચ વર્ષ સુધી અમારી કંપની સાથે જોડાઈ રહેવાનું છે અને બદલામાં કંપની તમને દર વર્ષે પાંચ ટકાનું ઈન્ક્રીમેન્ટ પણ આપશે''. ગીતાંજલી નો પ્રસ્તાવ સાંભળીને રાજીવને મીઠી મૂંઝવણ તો થઈ કે મારે હવે આ કંપની સાથે આવતા પાંચ વર્ષ માટે બંધાઈ જવું પડશે, પણ વાંધો નહીં, પાંચ વર્ષ પછી તો મારી માર્કેટ વેલ્યુ એટલી વધી ગઈ હશે કે હું અન્ય કંપનીમાં વાઈસ પ્રેસિડેન્ટ થી સીધો સી.ઈ.ઓ. પણ બની શકીશ. મનોમન એણે ગર્વથી પોતાની પીઠ થપ થપાવી અને એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરીને અપોઈન્ટમેન્ટ લેટર હાથમાં લેતા બોલ્યો, ''શું હું તમારા એમડી સાહેબને મળી શકું છું ?'' ''આઈ એમ સોરી સર, તેવો અત્યારે ખૂબ જ વ્યસ્ત છે''. સેક્રેટરીના જવાબથી એ થોડો માયુસ તો થયો પણ પછી વાઈસ પ્રેસિડેન્ટ ના મોભાને શોભે એવી આલીશાન કેબિનમાં જ્યારે દાખલ થયો ત્યારે એની ભવ્યતાથી એ અંજાઈ ગયો.



ટેબલ પર પડેલી થોડી ફાઈલોનો અભ્યાસ કરવા લાગ્યો. દિવસ દરમિયાન એ સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ થઈ નહીં. ઓફિસ નો પ્યુન બે વાર કડક મીઠી કોફી આપી ગયો. બીજે દિવસે સમયસર ઓફિસે પહોંચ્યા બાદ અન્ય કર્મચારીઓનું અભિવાદન ઝીલી શાનથી એની કેબિનમાં પ્રવેશ્યો તો પહેલી નજર એના ટેબલ પર પડી જ્યાં ગઈકાલે થોડીક ફાઈલો પડી હતી પણ આજે એ ટેબલ બિલકુલ ચોખ્ખું હતું. એને થયું કે હમણાં કોઈ નવી ફાઈલો આવશે. પણ દિવસભર ન તો કોઈ નવી ફાઈલ આવી કે ન તો કોઈનો ફોન આવ્યો. બસ એમ જ દિવસ પૂરો થઈ ગયો. એને થોડીક અકળામણ તો થઈ પણ કમને મન મનાવીને પોતાના રોજિંદા સમય મુજબ એ ઘર ભેગો થઈ ગયો. પણ ત્રીજા દિવસથી આજ સિલસિલો ચાલુ રહ્યો. ન કોઈ નવી ફાઈલ, ન કોઈનો ફોન કે ના કોઈ એને મળવા આવ્યું. આમને આમ જેમ તેમ કરીને એક અઠવાડિયું તો પૂરું થઈ ગયું એટલે પ્રથમ દિવસની એની ઉમંગોના તરંગોની ભરતીમાં ઓટ આવવા લાગી રહ્યું હોય એવું એને વર્તાવા લાગ્યું એટલે આજે આવતાની સાથે જ એણે ગીતાંજલી ને પૂછ્યું, ''મિસ, આ શું ચાલી રહ્યું છે ? મને તમારી કંપનીને જોઈન્ટ કર્યા ના સાત દિવસ પૂરા થઈ ગયા છતાં મને કોઈ કામ કેમ નથી આપવામાં આવી રહ્યું ?'' તો ગીતાંજલીએ મુસ્કુરાતા કહ્યું, ''સર, મહિનાનું છેલ્લું વીક હતું એટલે કદાચ આમ હોઈ શકે પણ જુઓ આજે પહેલી તારીખે જ તમારા ખાતામાં એક અઠવાડિયાની તમારી સેલેરી જમા તો થઈ ગઈ છે ને ?'' ''હા, હા પણ ?'' રાજીવ મુંઝાયો. ''તો બસ, પછી તમે શા માટે ચિંતા કરો છો ?'' ગીતાંજલીના આશ્વાસન થી રાજીવને કોઈ વિશેષ રાહત તો ન મળી પણ ઊલટું એની દ્વિધા રોજ રોજ વધતી ગઈ. જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ દિવસભર એને કેબિનમાં બેઠા રહેવું પડતું. બે કપ કડક મીઠી કોફી પીવાની. પણ નહીં કોઈનો ફોન આવે કે નહીં કોઈ નવી ફાઈલ કે નહીં કોઈ એને મળવા આવતું. આમને આમ હવે એને

લાગવા માંડ્યું કે જો એને કંઈ જ કામ નહીં કરવા મળે તો એના ૨૦ વર્ષના અનુભવને કાટ ચડી જશે. અને જો કંઈ નવું શીખવા નહીં મળે તો એનું કરિયર બરબાદ થઈ જશે, એવા ભયથી એ ફફડી ઉઠ્યો અને આજે ઓફિસે આવતા ની સાથે એણે ગીતાંજલી નો ઉધડો લઈ નાખ્યો, ''મિસ ગીતા આ શું ચાલી રહ્યું છે તમારી ઓફિસમાં ? છેલ્લા ત્રણ ત્રણ મહિનાથી કેમ મને કોઈ કામ નથી આપવામાં આવી રહ્યું, અને તમે મને કેમ એમડી સાહેબને મળવા પણ નથી દઈ રહ્યા ? તમે લોકો શું રમત રહ્યા છો મારી સાથે ?''. ગીતાંજલી કઈ જવાબ આપે એ પહેલા રાજીવ ના પાછળથી અવાજ આવ્યો, ''કેમ મિસ્ટર રાજીવ, રમત રમવાનો અધિકાર શું તમારી પાસે જ છે ?'' આ સાંભળીને રાજીવ જેવો પાછળ ફર્યો અને સામે ઊભેલી અમીષા ને જોઈ તો એ એકદમ ચોંકી ઉઠ્યો. ધગ ધગતા અંગારા પર કોઈએ ઠંડુ પાણી રેડ્યું હોય એ રીતે એ સ્તબ્ધ થઈ ગયો અને ધીમા સ્વરે ફક્ત એટલું જ બોલી શક્યો, ''અરે અમી તું ?'' ''અમી નહીં અમિષા મહેતા કહો, હું એમડી અને તમારી બોસ છું હવે. ''અમીષા ના કઠોર સ્વરે જવાબ સાંભળીને રાજીવના પગ ધ્રૂજવા માંડ્યા. માથે પસીનો વર્તાવા લાગ્યો તો અમીષા એ વધુ એક કટાક્ષ કર્યો, ''રાજીવ સાહેબ, યાદ આવી ગયું ૨૦ વર્ષ પહેલા તમે શું રમત રમ્યા હતા મારી સાથે ?'' અને જોત જોતામાં આખા ઓફિસના બધા કર્મચારીઓ ભેગા થઈ ગયા. સૌ કોઈ રાજીવને અને અમિષાને એક આશ્ચર્યભરી નજરે જોવા લાગ્યા. અને એમની વાત સાંભળી ને સૌના મનમાં એક કુતુહલ જાગ્યું તો અમીષા હવે સૌને સંબોધીને બોલી, ''મિત્રો, આ મિસ્ટર રાજીવ સિંહા છે, મારા કોલેજકાળના ખૂબ જ અંગત વ્યક્તિ, જેને મેં મારી જાતથી પણ વિશેષ પ્રેમ કર્યો હતો, અને અમે જીવનસાથી બનીએ એ પહેલા સાથે મળીને પીએચડી કરવાનું નક્કી કર્યું હતું. એટલે અમે અમારી થીસીસ તૈયાર કરવાનું શરૂ કર્યું પણ મેં એમના કરતાં પહેલાં મારું રિસર્ચ પૂરું કરી મારી થીસીસ ના બધા પેપર્સ એમને ચેક કરવા આપ્યા તો એમણે મારી પાસે એક અઠવાડિયાનો ટાઈમ માંગ્યો. પણ એક દિવસ એ મારા પેપર્સ લઈને ભાગી ગયો અને ક્યાં અંતર્ધ્યાન થઈ ગયો એનો કોઈને પતો ન લાગ્યો. પણ પછી એક દિવસે ખબર પડી કે એણે બીજા શહેરમાંથી કોઈ નવી યુનિવર્સિટી દ્વારા મારા પેપર્સ પોતાના નામે પ્રકાશિત કરી ડોક્ટરેટની ડિગ્રી મેળવી લીધી.'' પછી રાજીવને ઉદ્દેશીને બોલી, ''તારી આ બેવફાઈ ના ગમ માં હું બે વર્ષ જલબીન મછલી સમાન તડફડતી રહી અને આપઘાત કરી લેવાની તૈયારી કરી લીધી, પણ પછી વિચાર આવ્યો કે તારા પાપો ની સજા મારા મા બાપને શું કામ આપું ? એટલે ખૂબ જ સંયમથી અને આત્મવિશ્વાસ જગાવીને ફરી પાછી એક નવી થીસીસ તૈયાર કરી અને ડોક્ટરેટની ઉપાધિ મેળવીને ખૂબ ઈમાનદારી અને લગનથી આજે આ સ્થાને પહોંચી છું. ''આટલું બોલતા બોલતા અમીષા ના ગળે ડૂમો ભરાઈ ગયો. આંખોમાં ઝળ ઝળિયા આવી ગયા. સર્વ કર્મચારીઓ અવાક્ બની ગયા અને રાજીવ તરફ અતિ ઘૃણાસ્પદ નજરે જોવા લાગ્યા તો રાજીવ ક્ષોભના માર્યો માંડ માંડ આટલું જ બોલી શક્યો, ''અમી, આઈ એમ વેરી સોરી, પણ શું આ બધી વાતો આપણે તારી કેબિનમાં જઈને કરીએ ?'' તો અમિષા ની આંખો ગુસ્સાથી વધુ લાલચોળ થઈ ગઈ અને એ બોલી, ''વાતો કરવી છે, હવે ? તો ત્યારે કેમ વિચાર ન આવ્યો મારી સાથે બેવફાઈ કરીને એક કાયરની જેમ ભાગી જતા પહેલા મારી સાથે વાત કરવાનો ?'' તો રાજીવ હાથ જોડીને ફરી કરગર્યો, ''અમી, પ્લીઝ મને માફ કરી દે.'' ''માફી જોઈતી હોય તો તને એક આખરી તક આપું છું.'' અમીષા મક્કમ અવાજે બોલી, ''આજે તો ફક્ત મારી ઓફિસના કર્મચારીઓને તારા કાળા કરતૂત ની જાણ થઈ છે, પણ આવતીકાલે એક પ્રેસ કોન્ફરન્સ બોલાવીને આખી દુનિયાને જણાવી દે કે જે રિસર્ચ પેપર્સ પર તે ડોક્ટરેટની ઉપાધિ મેળવી હતી એ મારા તૈયાર કરેલા હતા અને એટલે એ પદવી તું સરંડર કરી રહ્યો છે.'' આ સાંભળીને એકદમ દિગ્મૂઢ બનીને કંઈક વિચારવા લાગ્યો તો અમીષા એ ફરી એક ઘટસ્ફોટ કર્યો, ''ના રાજીવ, હવે તું મનોમન અહીંથી ભાગી જવાનો વિચાર રખે કરતો. હવે તો તું પાતાળ માં પણ જઈને છુપાઈ જાય કે ચંદ્ર ઉપર જઈને તારૂ ઘર વસાવે તો પણ તને ઘસડીને આ ધરતી પર પાછો લાવી શકું એટલી તાકાત હું ધરાવું છું. કારણકે તે પોતે જ તારા સ્વહસ્તે મારી કંપની સાથે પાંચ વરસના એગ્રીમેન્ટ કરીને તારી પાંખો કાપી નાખી છે એટલે હવે તું અહીંથી ઉડી નહીં શકે, માટે મારી શરત સ્વીકારી લે અથવા જા પાછો પુરાઈ જા તારી કેબિન ના સોનેરી પિંજરામાં અને આવતા પાંચ વર્ષ સુધી કેદીની જેમ ફડ ફડાતો રહેજે અને વાગળતો રહેજે આ સબક તારી બેવફાઈ નો. અને રાજીવ, હવે છેલ્લે એક વાત કાયમ યાદ રાખજે કે બેઈમાની કરીને સફળતા મેળવવાનો શોર્ટકટ શરૂઆતમાં તો ખૂબ સારો લાગે છે પણ પછી એ ક્યારે ખારો થઈ જશે અને આખી જિંદગી પસ્તાવું પડશે એની કોઈને ખબર નથી હોતી.

❖❖❖

# કચ્છડો બારે માસ


**જ્ઞાનેશ જયચંદ લાપસીયા**

'કચ્છ' નામ લેવાય અને સાતેય કોઠે દીવાઓ ઝળહળ થાય, 'કચ્છ' નામ લેવાય અને સીમ-વાડી-ખેતરો નજરો સામે ડોકાય, 'કચ્છ' નામ લેવાય અને ભીની માટીની મીઠી મહેંક શ્વાસે લહેરાય, આવા કચ્છડાને કો'ક કવિએ સાચુ જ કહ્યું છે, 'શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત, ચોમાસે વાગડ ભલો, ને પાંજો કચ્છડો બારે માસ.'

ઊંચી મેડીએ કે મંદિરના શિખરે પરોઢિયે મોરનાં મધુર ટહુકા સંભળાય, હોલાઓ-કોયલ અને પોપટનો કલરવ દિવસભર સંભળાય, માથે પાણીની હેલ લઈ લટક મટક ચાલે ચાલતી તળાવે જતી 'પનિહારી'ઓ દેખાય, કાંઠે બેસી સાસુ-વહુ-નણંદ-ભોજાયની વાતોને ત્યાં વહેતી મુકાય, કોની સગાઈ કોની સાથે થઈ, કોના લગ્ન છૂટા થયા, કોણ કોની સાથે ભાગી ગયુ ઈત્યાદિ ચર્ચાઓ થાય. મેલા વસ્ત્રોને ધોકે દેવાય, ટાઢા પાણીએ દેહ ધોવાય. કેડીયા - ખેસ ને ફેટા ધારી જણ દેખાય કે વળી લેંઘા - ઝભ્ભા કે ધોતિયા - ઝભ્ભામાં શોભતા પુરુષો દેખાય, આભલે જડેલ પોલકુ ને ઘાઘરો કે ચણીયા-ચોલી સજ્જ નારીઓ દેખાય.

પરોઢનો પહેલો પોહ ફાટ્યો અને ઘરમાં ઉથલ પાથલનો આરંભ, ખૂટે બાંધેલ જીવોને નીરણ નંખાય અને દુધાળા ઢોરોના આંચળેથી દૂધની તાંબડીઓ ભરાય, ગોબરને દિવાલે લગાડી બળતરણ કે ચુલાના ઉપયોગમાં લેવાય. જવાર ને બાજરાના રોટલા ટીપાય માંહે ખોબલુ ઘી નખાય, સુકી ચટણી કે મરચાની પોટલી બાંધી ભરથારને ખેતરે રવાના કરાય. મોટા ઘડાઓમાં મેળવેલ દહી વલોવાય, માખણ કાઢી ચોખ્ખુ ઘી બનાવાય.

ખેતરે પહોંચતા જ બળદોને હળની સાથે જોડાય અને ડચકારા ભરતા ભરતા ખેતર ખેડાય, બીજનું વાવેતર કરાય અને



ધાનનું જતન કરાય. સૂરજ માથે મંડાય ત્યારે ભાર્યાએ બાંધી આપેલ ભાણું કો'ક ઝાડના છાયડે બેસી લહેરથી ખવાય અને ખાધા પશ્ચાત વામકુક્ષી પણ ત્યાં જ કરી લેવાય. તૈયાર થયેલ ઊભા મોલને દાંતરડે લણાય, તેના પૂડા બાંધી બળદગાડે નાંખી શહેરમાં વેચવા લઈ જવાય.

આ 'કચ્છ' એટલે ભારતના નકશામાં, ગુજરાત રાજ્યના છેવાડે આવેલા એક નાનકડો પ્રદેશ, કહેવામાં જ નાનકડો, બાકી તેના ડંકાઓ દશે દિશાએ સંભળાય.

વરસાદ એટલે કચ્છનું માય-બાપ, રીઝે ત્યારે વરસ સારું અને રિસાય ત્યારે સર્વત્ર તિમીર વર્તાય. સૂર્ય પ્રકોપે કુવા-તળાવ-નાળાઓ સુકાય, પાણી-પાણીની રાડ સંભળાય. જરાક આકાશે વાદળ બંધાય અને આશાના મિનારાઓ રચાય અને ખરેખર વરસે મેહુલો તો રીતસરના ગોળધાણા વહેચાય.

કરઈ - ઓસરી અને રસોડાથી ઓપતા ઘર કેવા મોટા જેમાં સયુક્ત કુટુંબો સરળતાથી સમાય. માથે લાકડાનો મોભ, ઉપર માટીનાં નળિયા, બહાર ભલે લાગતી લૂ ઘરમાં ઠંડક વરતાય, વરંડે લીમડાનાં ઝાડ મંડરાય અને સાંજ પડે બહાર રાખેલ મંઝા ઉપર લંબાતા જ નિદ્રારાણીના શરણે પહોંચી જવાય.

પાદરે આવેલ બસ સ્થાનક, જ્યાં ઠંડા પાણીના ઘડા લઈ બેઠેલ ગામડીયણ વટેમાર્ગુઓને હાથે મીઠડા ઘૂટડાં પાણી પીવરાવે, તો વડને આસપાસ બનાવેલ ઓટલાઓ ઉપર નવરાઓના ઝૂંડ ઊભરાય. મોઢામાં બીડી કે ગુટકાનાં ફાકડા અને ગામની પંચાત કરાય 'આજે વલુભાની સોનલ દેખાણી નથી, આજે પેલો નટુ ડૉક્ટર રમાને ઘરે ગયો હતો, માંદી છે કે મહિના રહ્યા છે?' વગેરે વગેરે... બસ આવતા જ આજે નખત્રાણાની જલ્દી આવી ગઈ... અને જો બસમાંથી કોઈ અજાણ્યો ઉતરે તો પૂછવું જ શું ? ? ક્યાંથી આવો છો ? કોના ઘરે જશો ? કેટલા દિવસ રોકાશો ? વગેરે અહીં જ પૂછી લેવાય.

સૂર્યોદય થતા ઘેટા-બકરા-ગાય-બળદ ને સીમમા ચરવા લઈ જવાય, ચરતા ચરતા કો'ક જીવ આગળ પણ નીકળી જાય છતા મજાની વાત કે સાંજ પડે પુનઃ પોતાના રખેવાળની સાથે ઘરે આવીને પાછા પોતાને ખૂટે જ ઊભા રહી જાય!

કચ્છડો એટલે કલા સંસ્કૃતિનો વારસો, તેની બાંધણી, અજરખ, લુંગી, ઓઢણી, દેશ વિદેશમાં વખણાય અને ખરીદવા અહીં સુધી માનવો લાંબા થાય. તહેવાર ઉત્સવો પણ એટલા જ રંગેચંગે ઉજવાય. પછી ભલે તે ઉતરાયણ હોય, હોળી, દશેરા કે હોય દિવાળી. અને અવસરે તો કસુંબલ ડાયરાઓ ગોઠવાય, જેમાં ગઢવીઓનાં મોઢે રસ ઝરતી વાણીએ ક્યારે પોહ ફાટી ગઈ તેનું ભાન સુદ્ધા ભુલી જવાય.

કચ્છની વિશેષતા એટલે ગામેગામ પાદરમાં ખોડાયેલ નાની મોટી ખાંભીઓ, જે પ્રત્યેક ખાંભીઓ પોતાના ઈતિહાસ, એક કથા કહી રહેતી હોય છે.

કચ્છ હોય તો રણ તો રહેવાનું જ! જ્યાં દિવસે ૫૦ ડીગ્રી તાપમાન ઉષ્ણતામાન રહે જ્યારે રાત્રે પાંચ ડિગ્રી સુધી ઉતરી જાય. આજ કચ્છડામાં નવેમ્બરથી ફેબ્રુઆરીમાં રણોત્સવનું પણ ભવ્ય આયોજન થાય જેમાં સહેલાણીઓ આવે, ઉમંગ ને ઉલ્લાભેર કલા-સંસ્કૃતિના વારસાને માણે અને સાથોસાથ માણે ઊંટની સવારી.

ભણવા માટે ગામમાં પ્રાથમિક શાળાઓ, વધુ અભ્યાસ માટે નજદીકનાં શહેરમાં જવાની ફરજ પડે. કચ્છના લોકપ્રિય સ્મારકો જેસલ-તોરલની સમાધિ, આશાપુરા માતાની મઢ, નારાયણ સરોવર, હાજીપીરની દરગાહ તો વળી કચ્છના ચપ્રાચીન - વર્તમાન જિનાલયોને કેમ વિસરાય ??

આવા મીઠડા કચ્છને ધમરોળવા કે કસોટી કરવા આવેલ ૨૬-૦૧-૨૦૦૧ ની મહાવિનાશક ભૂકંપે વિશ્વને સાબિત કરી દેખાડ્યું કે ભૂકંપમાં ભુસપાટ થવાના બદલે એકમેકનો હાથ ઝાલી આજે પુનઃ નંદનવન સરીખુ કચ્છનું નવસર્જવ કરવામાં યશસ્વી નીવડ્યા છીએ, માટે જ અહીંની ભૂમિને 'ધીંગી ધરા' અને અહીંના માનવીને 'ધીંગા માનવી' તરીકે ઓળખાય છે.

આજે તો પરિવર્તન અને પ્રગતિના વાયરામાં કઈ કેટલીય યાદો કાળવશ બની ગઈ છે ત્યારે પ્રભુ મહાવીરના શબ્દોનું સ્મરણ થાય છે, 'શહેર બનશે ગામડા અને ગામ બનશે સ્મશાન.'

❖❖❖

## શાંતિની શોધ

**ડૉ. હરેશ 'તથાગત'**



**શાં**તિની શોધમાં એક માણસ ગામભાગોળે આશ્રમ બાંધી રહેતા સૂફીસંત પાસે ગયો.

સંતે ધ્યાન પૂરું થતાં આંખ ખોલી પૂછયું,

''કેમ આવવું થયું?''

આવનાર માણસે કહ્યું,

''હું ઘર-સંસાર, વેપાર, સગાં-વહાલાં બધું જ છોડીને શાંતિ શોધવા આવ્યો છું. કૃપા કરો.''

સંત હસી પડ્યો. તેણે કહ્યું –

''તું ખરેખર બધું મૂકીને - ત્યાગીને આવ્યો છે?'

મનુષ્યે કહ્યું - ''હા.''

સંતે કહ્યું – ''આંખ બંધ કરીને અંદર જો.''

તેણે તેમ કર્યું.

''શું દેખાયું?'' પાંચ મિનિટ પછી સંતે પૂછ્યું.

પેલા માણસે કહ્યું –

''છુટ્યું કશું જ નથી. આંખ મીંચી ભીતર ઊતર્યો તો એ જ સંસાર, ઘર, વેપાર બધું ત્યાંનું ત્યાં જ છે અને તેની સાથેની મારી માયા પણ પહેલાં જેવી જ છે.''

સંતે કહ્યું – બલકે પૂછ્યું :

''ઉપર અને બહારથી જણાય છે કે બધું અશાંત કરવાનું પાછવાડે છૂટી ગયું પણ ખરેખર એવું હોય છે ખરું?''

એ માણસ પાછો વળી ગયો.

દસેક વરસ વીત્યાં.

ફરી –

એ જ આશ્રમે એ જ સંત પાસે આવ્યો.

સંતે કહ્યું –

''આ વખતે શાંતિ પામીશ, કારણ કે સાચેસાચ તું બધું પાછળ છોડીને આવ્યો છે.''

એ માણસનાં મુખની ઊર્જાઆભાથી સંતે એને પારખી લીધો હતો.

❖❖❖

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય એવી આપણી માતબર સંસ્થાએ ૧૨૩ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક એકતા અને ઉત્કર્ષનાં ઉત્તમોત્તમ કાર્યો સંપન્ન કર્યા છે.

**આધારસ્તંભ યોજના અંતર્ગત નોટબુક, સ્વધર્મી સહાય, મેડિકલ રાહત યોજના તથા અન્ય સહાય યોજના માટે એટલે રૂા. ૧૧,૦૦૦/- આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત યોજનાઓના સહયોગી દાતા બની શકશે.**

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાશ્રીઓએ ઉદાર હૃદયે, હસતાં ચહેરે, દિલની ખુશીથી અને દિલેરી યુવકે હંમેશા સાથ આપ્યો છે... પણ છતાંય સહુને કહેવાનું મન થાય છે કે, આ સમાજ આપણો છે, તો તેમાં રહેતાં સાધર્મિકો પણ આપણાં જ છે, તો ચાલ ને હું પણ,

ફૂલ નહીં તો ફૂલની પાંખડી બની જાઉં,
સમાજનાં આ દાનયજ્ઞમાં માટીની કોયડી બની જવું,
કોઈકનાં જીવનને ઠારતી આંતરડી બની જાઉં,
કોઈકનાં હરખનાં આંસુથી છલકાતી આંખડી બની જાઉં...
ફૂલ નહીં તો ફૂલની પાંખડી બની જાઉં..

આપના ઘરે આવતાં શુભપ્રસંગે શ્રી સભાને યાદ કરી આપનાં હરખમાં સામિલ કરશોજી

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- આશાબેન હસમુખલાલ અજમેરા તરફથી (હાલ - મુંબઈ)
- લીંબડી નિવાસી (હાલ - બોરીવલી) દિપેન ધીરજલાલ સંઘવીના આત્મશ્રેયાર્થે તારીખ : ૨૭-૪-૨૦૨૫ માસિક પુણ્યતિથિ નિમિતે
- પાળીયાદ નિવાસી (હાલ - કાંદિવલી) સ્વ. રંભાબેન ઠાકરશીભાઈ બારભાયાના સ્મરણાર્થે તેમના પુત્ર જયપ્રકાશ અને નીલાબેન બારભાયા તરફથી
- ચોટીલા નિવાસી સ્વ. કાંતિલાલ ગુલાબચંદ કોઠારીની દશમી પુણ્યતિથિ નિમિત્તે એમના સ્મરણાર્થે એમની સુપુત્રી ચંદ્રાબેન ચંદ્રકાંત શાહ તરફથી
- ચોટીલા નિવાસી સ્વ. મંજુલાબેન કોઠારીની સાતમી પુણ્યતિથિ નિમિત્તે એમના સ્મરણાર્થે એમની સુપુત્રી ચંદ્રાબેન ચંદ્રકાંત શાહ તરફથી

## સાભાર સ્વીકાર

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

ધાંગધ્રા નિવાસી (હાલ - વિલેપારલા) વિણા હર્ષદકુમાર ભોગીલાલ શાહ તરફથી પાણી પરબ ૫૦૦૦/-

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **શ્રેણીક — અદિતિ**<br>શ્રી અતુલભાઈ મહાસુખભાઈ ગોપાણીના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - બોરીવલી)<br>શ્રી રાજેશભાઈ નંદલાલભાઈ કુંભાણીની સુપુત્રી મેંદરડા નિવાસી (હાલ - કાંદિવલી) | ૨૧૦૦ | ૨૧૦૦ |
| **જૈનમ — પૌલોમી**<br>શ્રીમતી નિપા ચંન્દ્રેશ નગીનદાસ ગોપાણીના સુપુત્ર મોટીવાવડી નિવાસી (હાલ - બોરીવલી, મુંબઈ)<br>શ્રીમતી આરતીબેન જગતભાઈ પારેખની સુપુત્રી મહુવા નિવાસી (હાલ - કાંદિવલી, મુંબઈ) | ૧૧૦૧ | ૧૧૦૧ |
| **વિરાજ — બંસરી**<br>શ્રી ભાવિનભાઈ રજનીકાંત વોરાના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - માટુંગા)<br>શ્રી નિમિષભાઈ હિંમતલાલ સંઘવીની સુપુત્રી જોરાવરનગર નિવાસી (હાલ - બોરીવલી) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **રાહીલ — દેવલ**<br>શ્રીમતી તૃપ્તીબેન જયેશકુમાર જેચંદભાઈ ગાંધીના સુપુત્ર સુરેન્દ્રનગર નિવાસી (હાલ - ટોરોન્ટો કેનેડા)<br>શ્રીમતી શિલ્પાબેન રાજેશભાઈ નવિનચન્દ્ર મહેતાની સુપુત્રી મોરબી નિવાસી (હાલ - ટોરોન્ટો કેનેડા) | ૫૧૧ | ૫૧૧ |
| **વૈભવ — પ્રિયાંશી**<br>શ્રી મહેશકુમાર બાબુલાલ ઘેલાણીના સુપુત્ર વાકીયા (અમરેલી) નિવાસી (હાલ - કાંદિવલી)<br>શ્રી સંદિપકુમાર અંબાલાલ શાહની સુપુત્રી લખતર નિવાસી (હાલ - બોરીવલી) | ૫૧૦ | ૫૧૦ |
| **રોહન — ચાર્મી**<br>શ્રી રાકેશભાઈ ચંપકલાલ શાહના સુપુત્ર શિહોર નિવાસી (હાલ - મલાડ)<br>શ્રી અજયભાઈ મધુવનભાઈ શાહની સુપુત્રી વાગડ (રાણપુર) નિવાસી (હાલ - બોરીવલી) | ૫૦૦ | ૫૦૦ |
| **આકાશ — ઝીલ**<br>શ્રી પિયુષભાઈ રમેશચંદ્ર બોરડીયાના સુપુત્ર દિગ્સર, સુરેન્દ્રનગર નિવાસી (હાલ - બોરીવલી)<br>શ્રી વિમલેશભાઈ વાડીલાલ વોરાની સુપુત્રી દેવધરી બોટાદ નિવાસી (હાલ - બોરીવલી) | ૫૦૦ | ૫૦૦ |

## પ્રભુતામાં પગલાં

| | | |
|---|---|---|
| **યશ - વિરાલી**<br>શ્રી હેમતભાઈ વિનોદચંદ્ર શાહના સુપુત્ર થાનગઢ નિવાસી (હાલ - ઘાટકોપર) (કમલેશ ઓપ્ટીશયન)<br>શ્રી યોગેશભાઈ ભીખાલાલ ડેલીવાલાની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - કાંદિવલી) | ૧૫૦૦ | ૧૫૦૦ |


WILL / વસિયતનામું

ટ્રાન્સફર | ટ્રાન્સમિશન | નોમિનેશન

રીલિઝ ડીડ | ગિફ્ટ ડીડ | રજીસ્ટ્રેશન

9594385838 / 9819545656

WILL JUNCTION™

Advt.


## મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

## સુધારો

લીંબડી કેળવણી મંડળ એપ્રીલ મહીનામાં **પાના નં ૫૨** પર શરતચુકથી નામ રહી ગયેલ છે

- શ્રી ભાઈલાલભાઈ મનસુખભાઈ મણીયાર પરીવાર દ્વારા રૂા. ૧૦ લાખનું અનુદાનનું વચન પ્રાપ્ત થયેલ છે.
- શ્રી રજનીબેન સુધીરભાઈ મનસુખભાઈ શાહ ને બદલે શ્રી રજનીબેન સુધીરભાઈ ચીમનલાલ શાહ વાંચવું.

# એમ હું જીવ્યા કરું તારા વગર, રોજ જીવતે જીવ મરું તારા વગર

ડૉ. શરદ ઠાકર

સવારના પાંચ વાગ્યાનો સમય. સૂરજ હજી નોકરી ઉપર ચડ્યો નથી અને ચાંદાની રાતપાળી પૂરી થવાને પણ વાર છે. શહેરથી બે કિલોમીટર દૂર આવેલું અવગતિયું તળાવ એના પેટમાં હાથીને પણ ડુબાવી દે એટલું પાણી સંઘરી બેઠું છે. ઊંચાં, ઘટાદાર વૃક્ષો વચ્ચેથી પસાર થતી કેડી ઉપર પીળાં, ભીનાં પર્ણોની જાજમ પથરાયેલી છે. વરસાદ હજી હમણાં જ થંભ્યો છે. માંદગીમાંથી ઊભા થયેલા દર્દી જેવો ફિક્કો ચંદ્રમા વાદળીઓની વચ્ચેથી ડોકાઈ રહ્યો છે. આવા સૂમસામ, ભેંકાર વાતાવરણમાં એક થાકેલો હારેલો યુવાન તળાવની દિશામાં ડગ ભરી રહ્યો છે.

ઉદાસ ચહેરો, વીખરાયેલાં કાળાં જુલ્ફાં, ચોળાયેલાં વસ્ત્રો અને કાદવીયા રસ્તા ઉપર ખરડાયેલાં ચંપલ. જોનારને જ નજરે ખ્યાલ આવી જાય કે આ માણસ મરવા જઈ રહ્યો છે.

તળાવની છેક પાસે આવીને એ ઊભો રહ્યો. પગમાંથી ચંપલ ઉતારીને પાળી પાસે મૂક્યાં. આસમાન સામે જોઈને ગોરંભાયેલો નિઃશ્વાસ નાખ્યો. પછી તળાવમાં પડતું મૂકવા માટે એ પાળ ઉપર ચડ્યો. દેહની કમાનને છુટ્ટી મેલે એટલી જ વાર. ત્યાં જ પીઠ ઉપર અવાજ અથડાયો : 'એક મિનિટ...! તળાવમાં ઝંપલાવતાં પહેલાં એક વાર રોકાઈ જાવ, મિત્ર!'

જુવાન અટકી ગયો. અજાણ્યા અવાજમાં આદેશની કઠોરતા નહોતી. પણ લાગણીભીની વિનંતી હતી. સમભાવ હતો. એણે પાછળ નજર કરી. અવાજને આકાર ફૂટ્યો અને પછી અણસાર પણ.

'કોણ ?' યમના બારણે ટકોરા મારવા



તત્પર બનીને ઊભેલા જુવાને પૂછ્યું.

'હું નીલ મહેતા. તમે ?'

'અવિનાશ દલાલ.'

'અવિનાશ થઈને વિનાશના માર્ગે ? પાણીને પ્રેમ કરવાનું કારણ ?'

'એક રૂપાળી છોકરીને પ્રેમ કર્યો હતો એ જ ! બીજું કંઈ નહિ.'

'કોણ હતી એ રૂપની રાશિ ?'

'ઝંખના. કંગન જ્વેલર્સવાળા જગજીવનદાસ સોનીની સૌથી નાની દીકરી. એ કોઈ સીધી સાદી છોકરી નથી. એના બાપે ઘડેલો સાડા પાંચ ફીટ ઊંચો, ચોવીસ કેરેટના સોનાનો નકશીદાર દાગીનો છે. એના ગુલાબી ઝાંયવાળા બદન ઉપર હળવેકથી આંગળી ફેરવો તોયે દરિયાની ભીની રેતીમાં જેમ પવનનો લિસોટો પડે એવો લિસોટો પડી જાય છે.'

'તમે જાતે જોયો છે ક્યારેય ?'

'પાડ્યો પણ છે અને પછી જોયો પણ છે.'

'સમજી ગયો. ઘાયલ પુરુષ લાગો છો. ઝંખના સાથે પ્રેમનું એ સોલો હતું કે ડ્યુએટ ?'

'પૂરેપૂરું નખશિખ ડ્યુએટ. અમારા વિચારો સરખા હતા. રુચિ-અરુચિ સમાન હતી. અમારાં કાંડાં ઉપર આંગળી મૂકીને પલ્સ માપો, તો નવાઈ લાગી. નાડીના ધબકારાની સંખ્યા પણ એકસરખી હતી.'

નીલે અવિનાશનો હાથ પકડીને તળાવની પાળ ઉપર બેસાડ્યો : 'રસ પડે એવી વાત છે. જરા વિગતે સંભળાવો. વ્યથાનું વમન કરો. મરવું તો છે જ, પણ મરતાં પહેલાં મનનો બોજ હલકો કરી નાખો.'

બંને જણા બેઠા. અવિનાશ દલાલે છાતીના પટારામાંથી ગડી કરીને સાચવી રાખેલા વેદનાના રેશમી તાકા બહાર કાઢ્યા. વાત કરતાં કરતાં એણે આંખો મીંચી દીધી. જીભ ઉપરથી સરકી રહેલા શબ્દો એની બંધ પાંપણના પડદા ઉપર દશ્યો બનીને ભજવાઈ રહ્યા.

ત્રણ વર્ષ પહેલાંનું દશ્ય. અવિનાશ એક મોટર ગૅરેજના ઉંબરે એક પતરાના સ્ટૂલ ઉપર બેસીને પક્કડ-પાનાંને રમાડી રહ્યો હતો. બપોરના બાર થવા આવ્યા હતા. ત્યાં પરસેવે રેબઝેબ હાલતમાં કાઈનેટિકને ખેંચતી હાંફતી ઝંખના ત્યાં આવી પહોંચી. બપોરના સમય, આકાશમાંથી આગ વરસાવતો, સૂરજનો ગોળો, કાઈનેટિકના પાછલા પૈડામાં ફ્લૅટ થઈ ગયેલું ટાયર અને એવી જ હવા નીકળી ગયેલા ટાયર જેવી આ નાજુક યુવતી!

બોલવાના હોશકોશ ગુમાવી ચૂકેલ ઝંખના માંડ એટલું બોલી શકી : 'પંક્ચર રિપેરિંગ કરી આપશો ?'

'સોરી આ ફક્ત મોટરકાર માટેનું ગૅરેજ છે. અહીં ટુ વ્હીલરનું કામ થતું નથી.'

'વ્હોટ ?' ઝંખનાથી ચીસ પડાઈ ગઈ. એના મોતિયા મરી ગયા હતા. આસપાસના બીજું એક પણ ગૅરેજ દેખાતું નહોતું ?

'તમને લોકોને કંઈ માનવતા જેવું છે કે નહિ ? અહીં હું મરી રહી છું અને તમે ઊભા થવાની પણ તસ્દી લેતા નથી. દર્દી મરતો હોય ત્યારે તો ફેમિલી ડૉક્ટર પણ સર્જરી કરી નાખે અને તમે અત્યારે હાથ અધ્ધર કરી રહ્યા છો ! શેઈમ ઑન યુ !'

અવિનાશ એના લાલચોળ થઈ ઊઠેલા ચહેરાને જોઈ રહ્યો, એના કંપતા ગુલાબી હોઠો સામે તાકી રહ્યો. એની આંખમાંથી ખરતા અંગારા ઝીલવાની પણ એને મજા આવી. એ ચૂપચાપ ઊભો થયો. ચાવી કાઢીને સ્પેર વ્હીલ બહાર કાઢ્યું. પછી પંક્ચર થયેલું વ્હીલ ખોલીને ત્યાં સારું વ્હીલ બેસાડી દીધું. પૈડાંની અદલબદલ પૂરી કરીને એણે ચાવી ઝંખનાના હાથમાં મૂકી.

'કેટલા રૂપિયા થયા ?' ઝંખનાએ પર્સ ઉઘાડતાં પૂછ્યું.

'શેના ?'

'તમારી મજૂરીના.'

'આ મજૂરી ન હોતી, માનવતાના મહેણામાંથી જન્મેલી મદદ હતી.'

'હું જગજીવનદાસ ઝવેરીની દીકરી છું. મફતમાં કોઈની મદદ સ્વીકારતી નથી. તમે મને હાલી-મવાલી સમજો છો ?' ઝંખનાએ ગરદનને ટટ્ટાર કરીને ગર્વથી પૂછ્યું.

'હાલી-મવાલી તો તમે મને સમજી રહ્યાં છો, મિસ.' અવિનાશે પક્કડ પાનાં હાથમાંથી દૂર ફેંકતાં ખુલાસો કર્યો : 'હું ગૅરેજવાળો નથી. આ સામે પડેલી મારુતિ ઝેનનો માલિક છું. અહીંથી પસાર થતો હતો અને અચાનક ગાડીના એન્જિનમાં કંઈક અવાજ આવતો હોય એવું લાગ્યું. મને થયું કે ગૅરેજ પાસે ગાડી બગડી છે તો બતાવી દેવી સારી એટલે ગાડી ઊભી રાખી. ગૅરેજના મિકેનિક સામેના ગલ્લે બીડી લેવા માટે ગયો છે ત્યાં તમે આવ્યાં...'

'ઓહ ! આઈ એમ રિયલી સૉરી. મેં તમને મિકેનિક માની લીધા.'

'વાંધો એની સામે નથી. વિરોધ તો મારી મજૂરીના પૈસા આપો છો એ છે.' અવિનાશે અવાજમાં નમ્રતા ભરીને કહ્યું : 'ભલે મારા પપ્પા કંગન જ્વેલર્સના માલિક શેઠ જગજીવનદાસ જેવા કરોડપતિ તો નથી, પણ અમે કંઈ સાવ ગરીબ નથી કે ભરબપોરે એક જુવાન, રૂપાળી, અજાણી, છોકરીના સ્કૂટરનું વ્હીલ બદલી આપવા માટે મજૂરીના પૈસા સ્વીકારવા પડે ! ખાસ કરીને એવી યુવતી, જેનું નામ પણ હું ન જાણતો હોઉં !'

'ઝંખના... !' એના શરમથી લાલઘૂમ થઈ ઊઠેલા ચહેરામાંથી શબ્દો ઝર્યા : 'નામ છે મારું, જોઉં છું કે યાદ રાખો છો કે નહિ.'

આ એમની પ્રથમ મુલાકાત. પરોઢની ઝાકળ જેવો સંબંધ ક્યારે બંધાયો અને પછી એ ક્યારે શિલાલેખ જેવો કાયમી બની ગયો એની એ બંનેને જાણ પણ ન થઈ.

'તો પછી છૂટાં પડવાના સંજોગો કેમ ઊભા થયા ?' અતીતની ઓડિયો કૅસેટ પૂરી થઈ એટલે નીલે પૂછ્યું : 'તમારાં લગ્ન આડે અડચણ શી છે ?'

'બેવફાઈ. ઝંખનાની બેવફાઈ.' અવિનાશે ગરમાગરમ નિસાસો નાખ્યો : 'અમારો પ્રેમસંબંધ પૂરાં ત્રણ વરસ સુધી ટક્યો. બરફને એની ભીનાશ જોડે હોય છે એવી નિકટતા મારે ઝંખનાની સાથે હતી. એ પણ મને હૃદયના ઊંડાણમાંથી ચાહતી હતી. કમસે કમ હું તો એવું માનતો હતો, પણ એના પપ્પા અમારા સંબંધથી અજાણ હતા. પંદર દિવસ પહેલાં અચાનક એમણે ઝંખનાની સગાઈ મુંબઈના પ્રખ્યાત ઝવેરી શ્યામસુંદરના દીકરા જોડે નક્કી કરી નાખી. ઝંખનાએ કરવા ખાતર વિરોધ કર્યો, પણ અંતે એ ઝૂકી ગઈ. મારા કરતાં વધારે હૅન્ડસમ પતિ અને અમારા કરતાં વધુ ધનવાન કુટુંબ... ! પપ્પાની જીદના ઓઠા હેઠળ ઘણીબધી લાલચો ભાગ ભજવી ગઈ. ગઈ કાલે જ મુંબઈથી છોકરા પક્ષવાળા આવીને સગાઈ કરી ગયા.'

'અને તમે ?'

'આ આઘાત હું જીરવી ન શક્યો. તમને ખબર છે ? આ પૃથ્વી ઉપર સૌથી ઊંચો પહાડ કયો છે ? હિમાલય કરતાં પણ ઊંચો ! એ પહાડ દુઃખનો હોય છે. સાત સમંદરને પેલે પાર આઠમો મહાસાગર આંસુનો હોય છે, અને હું એ અશ્રુસાગરમાં ડૂબીને આજે આત્મહત્યા કરવા નીકળ્યો છું. મારી ઝંખના વગર હું જીવી નહિ શકું. એના જેવી સુંદર સ્ત્રીને ભૂલીને હું દુનિયાની કોઈ પણ મામૂલી પત્ની જોડે સંસાર ન માંડી શકું. નીલ, તમે તો એને જોઈ નથી. બાકી સમજી શકત કે...'

નીલ ફિક્કુ હસ્યો : 'અવિનાશ, રૂપાળી ઝંખના નથી, રૂપાળી તમારા મનમાં રમતી પ્રેમિકા છે. સૌંદર્ય દરેક પ્રેમીની નજરમાં હોય છે, એને ગમતી સ્ત્રીમાં નહિ.'

'પણ તમે ઝંખનાને જોઈ નથી, એટલે તમે...' અવિનાશ બોલવા ગયો.

નીલે એને અટકાવ્યો : 'મેં એને જોઈ છે. આજે સવારે જ મારી અને એની સગાઈ થઈ છે અને મને એ સંબંધ મંજૂર નથી.'

નીલના ધડાકાથી અવિનાશ બેભાન જેવો બની ગયો : 'તમારું ચસકી તો નથી ગયું ને ? તમે પગલ તો નથી ને ?'

'છું. પાગલ જ છું, પણ મુંબઈમાં મારી સાથે કૉલેજમાં ભણતી હતી એ આશ્લેષા નામની એક અપ્સરા પાછળ, મેં તો તારી ઝંખનાને જોઈ છે પણ તેં મારી આશ્લેષાને કયાં જોઈ છે. જો તેં એને જોઈ હોત તો તને સમજાત કે આ નીલ મહેતા નામનો કરોડપતિ બાપનો નબીરો અત્યારે આ અવગતિયા તળાવમાં પડીને આપઘાત કરવા શા માટે આવ્યો હશે ? બોલ અવિનાશ, શું કરવું છે ? કાંતો બંને મરી જઈએ અને નહિતર પછી આમ જ જીવી નાખીએ !'

## BIO DATA



# Nidhi Gosalia

## PERSONAL DETAILS:

Gender : Female
DOB : 15th March, 2001
Birth Time : 02:05 AM
Birth Place : Dombivli , Mumbai
Height : 5.2 Ft
Religion : Zalawadi Dhashashri Mali Stanakvasi Jain
Native Place : Wadhwan City , Surendranagar
Hobbies : Cooking, Travelling, Photography & Music
Occupation : Job in Sales & Marketing Executive

## EDUCATION :

BMM [ Bachelors In Mass Media] - MIT [Pune]
Pursuing Digital Marketing - [Mumbai]

## RESIDENCE ADDRESS :

Address : C / 1201 Sargam Tower, Building No. 35 , Near Ganesh Udhyan Tilak Nagar, Chembur - Mumbai - 400089

## FAMILY DETAILS :

Grand Father : Late. Shri Mahasukhlal Shantilal Gosalia
Grand Mother : Shobhana Ben Mahasukhlal Gosalia
Father : Hitesh Mahasukhlal Gosalia - ( 9371025259 )
Occupation : Supplier - Iron & Steel - Pune
Mother : Jagruti Hitesh Gosalia - ( 9372463009 )
Occupation : Home Maker
Brother : Meet Hitesh Gosalia ( Elder , Married )
Occupation : In Family Business With Father
Sister-In-Law : Meena Meet Gosalia
Occupation : MBA

## PARENTAL :

**Kaka - Kaki :**
CA Jignesh Mahasukhlal Gosallia (Kandivali ) : 9820886985
Ankita Jignesh Gosalia

**Faiba - Fuva :**
Manisha Praful Kumar Kapadi ( Ghatkopar )
Dharmishta Tejas Kumar Desai ( Dombivli )

## MATERNAL :

**Nana- Nani :**
Late Shri Navinchandra Fatehchand Shah ( Mulund )
Late. Manjula Ben Navinchandra Shah

**Mama - Mami :**
Chetan Navinchandra Shah ( Mulund ) : 9870235522
Smita Chetan Shah

**Masa - Masi :**
Kavita Paresh Kumar Sheth ( Ghatkopar )
Leena Chetan Kumar Mehta ( Matunga )

Advt.

# BIO DATA



## Akshat Rajesh Shah

### EDUCATION :

- Masters in Management of Technology, New York University - NY, USA
- BE in Electronics Engineering, DJ Sanghvi College of Engineering - Mumbai

### OCCUPATION :

Girish Manufacturing &
RV Corporation - Mfg of Metal Components ( 50 years old firm)

### RESIDENCE :

1001, Akruti Erica, Shraddhanand Road, Vile Parle East,
Mumbai - 400057

### OFFICE :

Agarwal Indl Est, Jogeshwari West,
Mumbai - 400103

### FACTORY :

Swamini Indl Est, Vasai East,
Mumbai - 401208

### PERSONAL DETAILS :

- Date of Birth : 19 / 07 / 1998
- Place of Birth : Mumbai
- Time of Birth : 10:39 PM
- Height : 5'8
- Weight : 72
- Cast : Zalawadi, Stanakwasi Jain
- Native Place : Surendranagar, Gujarat
- Email - shahakshat9@gmail.com

### FAMILY DETAILS :

Father - Rajesh Ramesh Shah - 98213 88894
Mother - Neepa Rajesh Shah - 98678 02730

### PATERNAL FAMILY DETAILS :

PARADISE FAMILY

Grand Father - Late Ramesh Vadilal Shah
Grand Father's Brother - C V Shah (Paradise)
Grand Fua - J P Doshi (Surendranagar)
Uncle - Ashit R Shah

### MATERNAL FAMILY DETAILS :

Nana - Jitendra P Sakhida
Mama - Ajay J Sakhida
Masa - Parag M Vora (Dubai)

### HOBBIES :

- Travelling
- Adventures Activities
- Trekking
- Movies

Advt.

# BIO DATA



# URJA SAMIR SANGHVI

**Birth Date/Time :** 31st December 1998 | 00:25am
**Birth Place :** Mumbai, Maharashtra
**Zodiac Sign :** Taurus (વૃષભ)
**Height :** 5 feet 3 inches
**Education :** • Bachelor of Commerce (Narsee Monjee College of Commerce & Economics, Mumbai)
• Post Graduation Diploma in Marketing Management (Welingkar Institute of Management, Mumbai)
• Certified in Digital Marketing Fundamentals
**Profession :** • Artist | Expertise in Dot Mandala Art & Canvas Paintings
• Business Development through Telemarketing and Social Media Marketing for PowerStream Microsystems & USD Excell Worldwide
**Native Place :** Limbdi - Jobala (લીંબડી - જોબાળા)
**Caste :** Shri Zalawadi Sthanakvasi Visha Shreemali Jain (શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન)

**About Me :**
I am a self-taught professional artist with a strong passion for creating Canvas Paintings and intricate Dot Mandala designs. With a keen eye for detail, I craft unique and meaningful artworks. My goal is to grow my work into a recognized brand that connects with art lovers and collectors. I am a foodie by heart, an introvert who lives for music, a movie buff and someone who can sing decently well. I am family-oriented, a patient and a highly empathetic person in nature.

**Diet : JAIN**

**Address :** A/302, Raj Residency 2, Near Kapol High School, Mahavir Nagar, Kandivali West, Mumbai-400067.

## Family Details

**Father's Name :** Samir Dineshbhai Sanghvi (9867134375, 9323597453)
**Father's Occupation :** Computer Engineer, Founder & CEO at PowerStream Microsystems & USD Excell Wordwide, Mumbai
**Mother's Name :** Pinky Samir Sanghvi (9987094946)
**Mother's Occupation :** Home Maker
**Siblings :** Shaurya Samir Sanghvi, Jash Sachin Sanghvi (Cousin)
**Mosal :** Shri. Dilipbhai Vadilal Shah (Native - બરવાળા, ઘેલાશાહ)

## Paternal Family :

**Grandparents' Names :**
Late Shri. Dineshbhai Kantilal Sanghvi
Smt. Usha Dineshbhai Sanghvi
**Paternal Uncle & Aunt :**
Sachin Dineshbhai Sanghvi (9324334891)
Komal Sachin Sanghvi

## Maternal Family :

**Grandparents' Names :**
Shri. Dilipbhai Vadilal Shah (9898484830)
Late Smt. Jyotiben Dilipbhai Shah
**Maternal Uncle & Aunt :**
Kunal Dilipbhai Shah
Hiral Kunal Shah

Advt.

ll Shree Ganeshaya Namaha ll

# BIO-DATA

# BIJEN CHETAN DOSHI




## PERSONAL DETAILS:

**Date of Birth:** **04/03/1998**

**Time and Birth Place:** 4:21 pm/ Ghatkopar, Mumbai

**Caste:** Dasha Shrimali Sthanakvasi Jain

**Height:** 6'01"

**Native:** Morbi

**Diet:** Pure Vegetarian, Regular.

**Residential Address:**

401-402, Hemkunj, 136, V.B. lane, Near Parasdham,
Ghatkopar East, Mumbai – 400077.

**Education:** B.Com., LL.B. ( G.J. Advani Law College, Mumbai)

**Profession:** Advocate & Investment Advisory (Family Business)

**Contact:** 9769802449

**Email:** bijendoshi@gmail.com

**Address:** M/s Parshwa Finserv LLP
B-603, Damji Shamji Corporate Square, Laxmi
Nagar, Ghatkopar East, Mumbai – 400075.

## FAMILY DETAILS:

**Grandparents:** Late Mr. Vasantlal Mohanlal Doshi
Mrs. Jyotiben V. Doshi

**Father:** CA Mr. Chetan Vasantlal Doshi

**Profession:** Chartered Accountants

**Contact:** 9821121586

**Mother:** Dr. Mrs. Sejal Chetan Doshi (BDS)

**Profession:** Dentist

**Contact:** 9820980520

**Paternal Family:**

**Faiba:** Mrs. Bindu Atul Shah (Ghatkopar, Mumbai)
Mrs. Parul Paresh Jasani (Ghatkopar, Mumbai)

**Maternal Family:**

**Grandparents:** Late Dr. Mr. Pranlal J. Bagadia
Late Mrs. Sarojini P. Bagadia

**Masi:** Mrs. Seema Jyotin Shah (Ahmedabad)
Dr. Mrs. Sonal Bhavin Bhayani (Mulund, Mumbai)

Advt.



# કાચની દીવાલો

**ડૉ. જયંત મહેતા**

**પા**નખરની ઋતુ હતી. એપેલિયનના પ્રાચીન પહાડોની વચ્ચે આવેલું અમારું નાનું પણ રળિયામણું ગામ જહૉનસન સિટી આ મોસમમાં વિવિધ રંગોથી ખીલી ઊઠતું. વૃક્ષો લાલ, પીળા રંગ ધારણ કરીને ઊભાં રહેતાં. ડુંગરાઓ ભગવાં કપડાં પહેરીને ઊભેલા સમાધિસ્થિત સાધુઓની જેમ મૌન રહેતા. ડૉ. ગુપ્તા એમની ઑફિસની બારીએથી આ રમ્ય સૌંદર્ય નિહાળી રહ્યા હતા. ત્યાં એક રૂપાળું પંખી બારીએ આવીને બેઠું. ડૉ. ગુપ્તા એને પંપાળવા ગયા. પરંતુ બંધ બારીની કાચની દીવાલમાં એમનો હાથ અથડાયો. બારી બહાર બેઠેલા રંગીન પંખીને ડૉક્ટર જોતા રહ્યા. પંખી કેટલું નજીક હતું, પણ છતાંય સ્પર્શ માટે કેટલું દૂર ?

આજે ડૉ. ગુપ્તાની ૨૦ વર્ષની નોકરીનો છેલ્લો દિવસ હતો. નિવૃત્તિનાં પાંચ-સાત વર્ષ પહેલાં જ આજે એ નોકરી છોડી રહ્યા હતા. એમના ચહેરા ઉપર એક ગમગીની હતી. એમના ડેસ્ક ઉપર બેત્રણ ખાલી ખોખાંમાં વીસ વર્ષની સફળ કારકિર્દીનાં સંસ્મરણો ભરવાનો વ્યર્થ પ્રયત્ન કરતા, એમના ચહેરાની ઉદાસીને પકડીને ઑફિસમાં બેઠા હતા.

ભારતથી અમેરિકા આવ્યે લગભગ ૨૫ વર્ષ થઈ ગયાં ! અમેરિકાના શરૂઆતના દિવસો તેમના માનસપટ ઉપર તાદશ્ય થતા ગયા.

ગરીબીમાં ઊછરેલા માબાપે કેટલી મહેનત કરીને એમને ભણાવેલા. બાપદાદાની વર્ષો જૂની જમીન વેચીને કૉલેજની ફી અને ખર્ચા ભરેલા. અમેરિકા આવવાની ટિકિટ... બીજા ખર્ચા... દેવું વધતું જ ગયું. અમેરિકા આવીને સૌપ્રથમ દેવું ચૂકતું કરવાનો ભગીરથ પ્રયાસ ચાલુ કર્યો. ઈન્ટરશિપ દરમિયાન નજીવા પગારમાંથી તો તે શક્ય ન હતું પણ શનિ રવિ moon light (વધારાની નોકરી) કરીને હૉસ્પિટલની 'વેઠ' કરીને દેવું ભરપાઈ કરવાનો પ્રયત્ન કર્યો.

અમેરિકાને ભારતના ડૉક્ટરોની જરૂરિયાત હતી પણ તે માટેની પરીક્ષા (ECFMG) આપવાનાં કેન્દ્રો ભારતમાં ન હતાં. ભારતમાંથી બુદ્ધિધનને બહાર જતું અટકાવવા, ભારત સરકાર આવી પરીક્ષાનાં મથકો ખોલવાની છૂટ નહોતી આપતી. એટલે ડૉક્ટરો સિલોન, હૉંગકૉંગ કે અન્ય સ્થળોએ જઈને પરીક્ષા આપતા. આમ પરદેશ જવાનો ખર્ચો, વિઝા, મુસાફરી વગેરે પણ ડૉક્ટરને માથે જ પડતો. Internship ના તો તે જમાનામાં માંજ ૮૦૦ ડૉલર મળતા. અને તેમાંય ખાસ બ્રાંચમાં તો માત્ર ગોરા અમેરિકન ડૉક્ટરોને જ પ્રવેશ મળતો. radiology-ophthal-mology-dernertology જેવા વિભાગમાં ઈન્ટરશિપ મળવી ડૉ. ગુપ્તા જેવા 'દેશી' ડૉક્ટર માટે અસંભવિત હતું.

ડૉ. ગુપ્તાએ ઈન્ટરનલ મેડિસિનની ત્રણ વર્ષની અને તે પછી કાર્ડિયોલૉજીની એમ બે વર્ષની તાલીમ લીધી.

'તાલીમ પૂરી કરી, અન્ય ડૉક્ટરોની જેમ એ પૈસા કમાવા પ્રાઈવેટ પ્રૅક્ટિસમાં પડ્યા હોત તો આવક ઘણી વધી ગઈ હોત. એમના મોટેલવાળા મિત્રો તો હસતાં હસતાં પૂછતાં,

'ડૉ. ગુપ્તા હવે ટંકશાળ ક્યારે શરૂ થાય છે ?'

પણ ડૉ. ગુપ્તાની ટંકશાળ તો કદી ચાલુ ના થઈ. એ તો મેડિકલ કૉલેજમાં 'માસ્તર' તરીકે જોડાયા. એમને 'ભણવું અને ભણાવવું' ખૂબ ગમતું. પગાર ભારતના પ્રમાણમાં સારો અને મર્યાદિત પ્રૅક્ટિસ કરવાની છૂટ હતી. એટલે આર્થિક રીતે કંઈ સાવ ખોટમાં ન હતા.

એમના વિદ્યાર્થીઓને પૂરા ઉત્સાહથી ભણાવતા. વિજ્ઞાન અને તબીબી સારવારની કળા બંને ડૉ. ગુપ્તા ખૂબ રસપૂર્વક ભણાવતા. તેથી જ તો વિદ્યાર્થીઓમાં ખૂબ લોકપ્રિય અને સન્માનપાત્ર બન્યા. કોઈક વાર એમના વિદ્યાર્થીઓ એમને 'Best teacher's award' આપે ત્યારે ડૉ. ગુપ્તાને જીવન સફળ થઈ ગયું તેવો આનંદ થતો. એમની સફળતા, લોકપ્રિયતા અને કામ પ્રત્યેની વફાદારી અન્ય પ્રોફેસરો માટે આદર્શ બની ગયો. કેટલાક તેમની ઉત્તરોત્તર પ્રગતિની ઈર્ષા પણ કરતા. આસિસ્ટન્ટ પ્રોફેસરમાંથી પ્રમોશન મળતાં લગભગ બાર વર્ષે એ પૂરા પ્રોફેસર થયા... એમની સાથેના શ્વેતાંગી ડૉક્ટરો તો માત્ર આઠદસ વર્ષમાં professorshipનું પ્રમોશન ખાટી ગયા... પણ ભારતમાંય ક્યાં લાગવગ અને અન્યાય નથી ? તેવું વિચારી એમને એમના મનને મનાવ્યું. કોઈક વાર તો, અમેરિકન ડૉક્ટરોના સમોવડી બન્યા અને શ્વેતાંગી વિદ્યાર્થીઓમાં વિશેષ સન્માન પામવાથી એમણે એમની સફળતા પ્રત્યે ગૌરવની લાગણી થતી. અમેરિકાના વ્યવહારમાં સમાનતાની નીતિ પ્રત્યે એમની આસ્થા વધવા લાગી. કદીક તેમને વિચાર આવતો.

'આ દેશ કેવો છે ? ક્યારેક FMGને હલકા ગણે છે તો ક્યારેક મારા જેવા પરદેશીને મેડિકલ કૉલેજના પ્રોફેસરની માનવંતી ખુરશીમાં બેસાડે છે !'

પરંતુ એક પ્રસંગ એવો બન્યો કે એમના શાંત સરળ જીવનમાં ખળભળાટ મચી ગયો.

મેડિકલ કૉલેજના ડીનની જગ્યા ખાલી પડી. એ અગત્યની પોસ્ટ માટે નવા ઉમેદવારની શોધ શરૂ થઈ. સમિતિ નિમાઈ. ડૉ. ગુપ્તાએ ડીનની પોસ્ટ માટે ઉમેદવારી નોંધાવવા પોતાની અરજી નાંખી. વીસ વર્ષનો અનુભવ, સફળ શિક્ષક, કાર્ડિયોલૉડી વિભાગના વડા... લાયકાત... માત્ર એક ખોટ હતી... એમની ચામડી શ્વેત ન હતી. એમના વાળ સોનરી કે ભૂખરા ન હતા. પરંતુ ડૉ. ગુપ્તાએ હિંમત કરીને અરજી નાંખી. એમની અભિલાષાનો પારો વર્ષોની સફળતા પછી ઊંચે જવા માગતો હતો. અમેરિકામાં રહેલી ન્યાયનીતિ પ્રત્યે એમને શ્રદ્ધા બેસી ગઈ હતી. ભારતમાં તો કેટલી લાંચરુશવત. નાતજાતની ઓળખાણ, લાગવગ બધું યાદ આવી ગયું. એમને એક રમૂજી પ્રસંગ પણ સ્મરણે ચઢ્યો જેનો કરુણ, કડવો સ્વાદ હજી એમના મનમાંથી ભૂંસાયો ન હતો.

ત્રણ વર્ષ પહેલાં, ભારતમાં હાર્ટ સ્પેશિયાલિસ્ટનું મેડિકલ અધિવેશન ભરાયું હતું. નવી દિલ્હીથી એમને ખાસ આમંત્રણ આવેલું.

ડૉ. ગુપ્તા આ વૈજ્ઞાનિક સંમેલનમાં નવી દિલ્હી ગયા હતા. સાથે ચાર જાણીતા ડૉક્ટરો અને સંશોધકો પણ હતા. ડૉ. ગુપ્તા તેમના આગેવાન હતા.

દિલ્હી ઍરપોર્ટ ફર એક વિચિત્ર પ્રસંગ બની ગયો. અધિવેશન તરફથી એમની ટીમને લેવા મિનીવાન આવી હતી. પણ ભારતીય ડ્રાઈવર તો શ્વેતાંગી અમેરિકન ડૉક્ટરોને લઈને ગાડી હંકારી ગયો. ડૉ. ગુપ્તા ઍરપોર્ટ ઉપર સામાન સાથે એકલા જ રહી ગયા. આ શ્વેતાંગી અમેરિકન ડૉક્ટરોના વડા એક દેશી ડૉક્ટર હોય તે ભારતીય ડ્રાઈવરના માન્યામાં જ ન આવ્યું. એણે ડૉ. ગુપ્તાની વાત સાચી માની નહીં અને વેનમાં જગ્યા ના આપી. આખરે ડૉ. ગુપ્તાએ અધિવેશનના પ્રમુખને ફોન કર્યો ત્યારે કલાકે વેન પાછી આવી. ડ્રાઈવર ઝંખવાણો પડી ગયો અને બોલ્યો,

'સાહેબ માફ કરજો.આ ધોળા ડૉક્ટર અને તમે એના અધ્યક્ષ. મારા માન્યામાં જ ના આવ્યું.'

'અંગ્રેજો ગયા પણ અડધા સૈકા પછી પણ આપણી લઘુતાગ્રંથી જળવાઈ રહી.' ડૉ. ગુપ્તા મનોમન બોલ્યા.

પરંતુ આ તો અમેરિકા છે. અહીં સમાનતા છે. અહીં તમારી લાયકાત પ્રમાણે તમારી નિમણૂક થાય છે. એવું વિચારી ડૉ. ગુપ્તા એમની અરજીનો પ્રત્યુત્તર ઝંખી રહ્યા.

એમની ધારણા કેટલેક અંશે સાચી પડી. સમિતિએ તેમને ઈન્ટરવ્યૂ માટે બોલાવ્યા. બીજા વીસેક ઉમેદવાર પણ હતા... પણ બધામાંથી છેવટે માત્ર ત્રણની પસંદગી, યુનિવર્સિટીના ચાન્સેલરને મોકલવાની હતી. સ્પર્ધા કટોકટીની હતી.

એક દિવસ હૉસ્પિટલમાં એમને ડૉ. જહોન્સન મળી ગયા. આ ડૉ જહોન્સન એટલે નિર્ણાયક કમિટીના ચૅરમૅન. ડૉ. જહોન્સને ડૉ. ગુપ્તાને ખાસ ભાવ અને આગ્રહથી બોલાવ્યા અને એમની સાથે જમવાનું આમંત્રણ આપ્યું. જમતાં જમતાં એમને વાત ઉપાડી.

'ડૉ. ગુપ્તા તમારી અરજી સારી છે. પણ... ઘણા ઉમેદવાર છે. કેટલાય તમારા જેવા અનુભવી અને ઊંચી લાયકત ધરાવે છે.'

'તો ભલે યોગ્ય ઉમેદવારને નિયુક્ત કરજો.' ડૉ. ગુપ્તાએ જવાબ આપ્યો.

'પણ તમે સમજ્યા નહીં', ડૉ. જહોન્સન બોલ્યા.

'તમે સ્વેચ્છાએ અરજી ખેંચી લો તો અમારે તમને rejection ના સમાચાર ના આપવા પડે. તમારું સન્માન જળવાઈ રહે. એટલે અરજી સ્વેચ્છાએ withdraw કરી દો તો સારું.'

સહેજ વિચાર કરીને ડૉ. ગુપ્તાએ કહ્યું. 'ડૉ.જહોન્સન let the process make the best list of candidates ultimately it's up to the chancellor.'

આ વાતને થોડા દિવસ થયા હશે ત્યાં એમની સેક્રેટરી જુલિયા એમની ઑફિસમાં આવી.

'Can I talk to your about a personal matter.' julia asked.

'Come in. What's the matter?' ડૉ. ગુપ્તાએ પ્રત્યુત્તર આપ્યો.

'Let me shut the door if you don't mind.' જુલિયાએ અંદર આવીને રૂમનું બારણું બંધ કર્યું ડૉ. ગુપ્તા મૌન રહ્યા.

'Dr. Gupta. I dont's know how to say this.' જુલિયા અચકાતાં ખચકાતાં બોલી.

'Go on. Why you are so nervous?' ડૉ. ગુપ્તા બોલ્યા.

'I am going through a divorce... my husband thinks I am having an affair with you.' જુલિયાએ ધડાકો કર્યો.

'What? that's sad... But you know it's not true.' ડૉ. ગુપ્તાએ બચાવ કર્યો.

ડૉ. ગુપ્તા કંઈક આગળ કહે તે પહેલાં જ જુલિયા રડવા લાગી.

'I am scared' જુલિયા બોલી. અને આવેશમાં આવીને ડૉ. ગુપ્તાને ભેટી પડી. જુલિયાનાં આંસુ લૂછવા ડૉ. ગુપ્તા ટેબલ ઉપર ઝૂકીને ટિસ્યુપેપર લેવા આગળ વધ્યા ત્યાં તો બંનેના શરીર જાણે અન્યોન્યને આલિંગન આપતાં હોય તેવા પોઝમાં આવી ગયાં. ડૉ ગુપ્તા જુલિયાને ટિસ્યુ આપીને તેમની આંખો લૂછવાનો નિર્દોષ પ્રયત્ન કરી રહ્યા હતા. ત્યાં જ બારણે ટકોરા પડ્યા.

બંને સ્વસ્થ થયાં અને ડૉ. ગુપ્તાએ 'Come in' સૂચના આપી ત્યાં તો બારણું ખૂલ્યું અને જુલિયાની બીજી એક સેક્રેટરી મિત્ર ત્યાં ઊભેલી... શેરેન. ડૉ. ગુપ્તા તો બિલકુલ ગૂંચવાઈ ગયા... લગભગ હબકાઈ ગયા. શેરેન પણ આ દૃશ્યથી ગૂંચવાઈ ગઈ.

'I am sorry... I didn't know... but there is a phone call for yoour,' શેરેન બોલી.

'Please take a massage,' ડૉ. ગુપ્તાએ સૂચના આપી.

શેરેન ગઈ પછી ડૉ. ગુપ્તા અને જુલિયા ખાસ વાત કરી શક્યાં નહીં.

'જુલિયા, શાંતિથી અને સમજથી કામ લે... ઉતાવળ ના કરીશ.' તેવી સલાહ ડૉ. ગુપ્તાએ આપી.

'Dr. Gupta, you don't care about me
' એવી ફરિયાદ કરતી જુલિયા ઑફિસની બહાર નીકળી ગઈ.

ડૉ. ગુપ્તા મોટી વિમાસણમાં પડી ગયા. આખો પ્રસંગ તેમને સમજાયો નહીં.

જુલિયા એમની નવી સેક્રેટરી હતી. એમની દસ વર્ષની એમના હાથ નીચે નોકરી રતી માર્શાની બદલી થઈ ગઈ હતી. માત્ર ત્રણ મહિના પહેલાં જ જુલિયાની નિમણૂક એમની સેક્રેટરી તરીકે થયેલી. જુલિયા યુવાન હતી. તાજી પરણેલી હતી.

બીજે દિવસે જ્યારે ડૉ. ગુપ્તા ઑફિસમાં આવ્યા ત્યારે જુલિયાના ચહેરા ઉપર વ્યંગાત્મક સ્મિત હતું.

તે દિવસે, બપોરે યુનિવર્સિટીની મેઈન ઑફિસમાંથી ફોન આવ્યો.

'Dr. Gupta the Director of personnel needs to see you. Please come at 3.30.'

ડૉ. ગુપ્તા સમયસર ડાયરેક્ટરને મળવા ગયા. ડાયરેક્ટરની વાત સાંભળી ડૉ. ગુપ્તાને માથે જાણે વીજળીનો ઘા પડ્યો. એ ધ્રૂજી ઊઠ્યા.

'Dr. Gupta I am sorry to tell you...' પર્સોનેલ ડાયરેક્ટર બોલ્યા.

'Sorry about what? ડૉ. ગુપ્તાએ પૂછ્યું.

'Your secretary Julia has filed a case against you.' ડાયરેક્ટર બોલ્યા.

'A case against me? That's impossible ! ડૉ. ગુપ્તા બોલ્યા.

'She has filed a case of sexual harassment.' જવાબ આપતાં એક બ્રાઉન એન્વેલપ ડૉ. ગુપ્તાના હાથમાં મૂક્યું.

અંદરની બીના વાંચી ડૉ. ગુપ્તાને ચક્કર ાવી ગયાં. એ ખુરશીમાં ફસડાઈ પડ્યા. જુલિયાએ સેક્સુઅલ હેરેસમેન્ટનો દાવો માંડ્યો હતો. અને સાવ જુઠ્ઠુ વિધાન કર્યું હતું કે ડૉ. ગુપ્તાએ પરાણે એને આલિંગન આપ્યું અને આશ્વાસન આપવાના બહાને એની માનસિક પરિસ્થિતિનો ગેરલાભ લીધો. જુલિયાએ વળી ઉમેર્યું, My marriage was in trouble but this kind of sexual advancement will lead it to a divorce.

આ તો કાગનો વાઘ થઈ ગયો. ડૉ. ગુપ્તા એને આશ્વાસન આપવા ગયા અને એને બદલે જુલિયાએ તો અવળો જ આરોપ કર્યો... ચોર કોટવાળને દંડે તેવી સ્થિતિ ઊભી થઈ.

પછીના બેત્રણ મહિના ડૉ. ગુપ્તા માટે અને તેમની પત્ની તથા બાળકો માટે બહુ કપરા ગયા. આખી કૉલેજના સ્ટાફમાં વાત ફેલાઈ ગઈ. ભારતીય સમાજમાં પણ ડૉ. ગુપ્તા ઉપર લોકો શંકાની નજરે જોવા લાગ્યા. સૂકા ઘાસને જેમ આગ ક્ષણભરમાં બાળી નાંખે તેમ ડૉ. ગુપ્તાની વર્ષોની કારકિર્દિ, પ્રતિષ્ઠા, સન્માન બધું રાખમાં મળી ગયું.

કોઈક કહે, 'આટલી ઉમ્મરે આ ડોસાને શરમ ના આવી ? કયાં પચાસ વર્ષના ડૉક્ટર અને ક્યાં પચીસ વર્ષની યુવાન સેક્રેટરી... ?'

સમાજના કોક દોઢડાહ્યા મશ્કરી કરવા લાગ્યા. 'ભાઈ પુરુષ માણસ છે. દેશી બૈરીથી કંટાળી જાય. બ્લાન્ડ યુવતીનો પ્રેમ ચાખવાનું મન ખાય.'

ડૉ. ગુપ્તા કૉલેજમાં પણ ચર્ચાનો વિષય બની ગયા. પછી તો કમિટી તપાસપંચની નિમણૂક થઈ. ડૉ. ગુપ્તાએ વકીલ કર્યો. પોતે નિર્દોષ છે એટલે છૂટી જશે એવો એમને સંપૂર્ણ વિશ્વાસ... પણ તપાસપંચે તો બંને જણની જુબાની લીધી. બીજી સેક્રેટરી શેરેનની પણ જુબાની લીધી. કેસ લાંબો ચાલ્યો.

મોટા ભાગના સ્ટાફને ડૉ. ગુપ્તા તરફ સન્માન અને વિશ્વાસની લાગણી હતી... પણ શંકાનો પથ્થર પડ્યો એટલે નિર્દોષ પણ ઘવાઈ જાય. લગભગ આઠ મહિના

સુધી કેસ ચાલ્યો.

આ કેસની કાર્યવાહી ચાલતી હતી તે દરમ્યાન ડીનની નિમણૂક કરનાર સમિતિએ પોતાનું final list chancellor ને મોકલી દીધું હતું. તે ફાઈનલ લિસ્ટમાં ડૉ. ગુપ્તાનું નામ હતું કે નહીં તે તો એમને ખબર ન હતી, પણ એમના કેસની કાર્યવાહી પૂરી થાય તે પહેલાં જ ડૉ. જહોન્સનનો પત્ર આવ્યો.

'Dean's position is very important. we can not wait too long to fill it... since there is a question pending about your moral character we can no longer support your application.'

ડૉ. ગુપ્તાની ડીનની પદવી અંગેની અરજીનો અસ્વીકાર થયો. ડૉ. ગુપ્તાને ખૂબ દુ:ખ થયું. પણ હજી માથે પેલા કેસની તલવાર તો લટકતી જ હતી. લાંબી મિટિંગ અને અનેક ચર્ચા. વકીલોની ઊલટતપાસને અંતે તપાસપંચે નિર્ણય આપ્યો :

'Dr. Gupta seems to be innocent. There is no proof of wrong doing... but this is his first such case. We give him a warning and advice him to be careful in the future.'

ચેતવણી આપીને ડૉ. ગુપ્તાને નિર્દોષ જાહેર કર્યો.

એક પળે તો ડૉ. ગુપ્તાને 'હા...શ' થયું. હવે આ મોટી આફતમાંથી બચ્યા. પણ લાંબું વિચારતા ગુસ્સો અને અકળામણ થઈ ગઈ...

'આમ કારણ વગર વિના મને સંડોવ્યો તેનું શું ? મારી આબરૂનું શું ? ડીન થવાની મારી તક છીનવાઈ ગઈ તેનું શું ? હવે પોતે કોર્ટમાં બદનક્ષીનો કેસ દાખલ કરશે.'

પણ યુનિવર્સિટીના વકીલે એવું કંઈ નહીં કરવાની સલાહ આપી. આ કેસને અહીં જ અટકાવી દેવો. સંસ્થાના અને વ્યક્તિત્વના ભલા માટે. આ કેસની બહુ ચૂંથામણ કોઈને વાજબી લાગી નહીં.

જુલિયાની બદલી થઈ ગઈ. હકીકતમાં એને પ્રમોશન મળ્યું. નવા ડીનની સેક્રેટરી તરીકે એની નિમણૂક થઈ.

આ તાજા ઘામાં મીઠું ભભરાવવા જેવી એક બીજી બીના બની.

નવા ડીનની નિમણૂકમાં... એક શ્વેતાંગી અમેરિકન ડૉક્ટર આવ્યા. ડીનની નિમણૂક સમિતિના એક સભ્ય, જે ડૉ.ગુપ્તાના જૂના મિત્ર. તે મળી ગયા. ડૉ. તાઓ ચી પણ એશિયન હતા.

'Sorry, Dr. Gupta... As a minority... the committee was required to select you.' આગળ વાતચીત કરતાં ખબર પડી કે ડૉ. ગુપ્તા લાયકાત ધરાવતા ઉમેદવાર પણ હતા અને ફાઈનલ લિસ્ટમાં એમનું નામ પણ હતું. Chancellorને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે એક minority candidateની અરજી ખાસ ધ્યાનપૂર્વક જોઈને એમની તરફેણમાં નિર્ણય લેવો પડે તેવી પરિસ્થિતિ ઊભી થયેલી.

'You were qualified but not acceptable to the most white Americans... but please keep this between us.' ડૉ. તાઓ ચી બોલેલા.

હવે ડૉ. ગુપ્તાને સમજાયું કે ડૉ. જહોન્સને અરજી પાછી ખેંચવા માટે આટલો બધો સ્નેહભર્યો આગ્રહ કેમ કરેલો. આખો કિસ્સો અને જુલિયાની વર્તણૂક પણ એમને સમજાઈ ગઈ.

આ આખું નાટક એમનો કાંટો કાઢી નાખવા માટે રચાયું હતું. એક પરદેશીને પ્રોફેસર બનાવી શકાય પણ કાચની દીવાલો તોડીને મેડિકલ કૉલેજના ડીનની વિશેષ પદવી આપવાનું આ સંસ્થા માટે સ્વીકાર્ય ન હતું.

ડૉ. ગુપ્તાનો ગુસ્સો, નિરાશા. અમેરિકાની સંસ્થાઓ પ્રત્યેનો વિશ્વાસ, બધું ભેગું થયું. એમણે રાજીનામું મૂકી દીધું. આવી નાલેશી ભેલી સ્થિતિમાં નોકરી કરવા કરતાં બીજી નોકરી શોધવી કે મોટી ઉમ્મરે પ્રાઈવેટ પ્રૅક્ટિસ ચાલુ કરવી એની દ્વિધામાં એ પડી ગયા.

યુનિવર્સિટી સામે નુકસાનીનો દાવો કરવાનું અને કોર્ટમાં લઈ જઈ ન્યાય માંગવાનું તેમને નક્કી કર્યું.

આજે એમની વીસ વર્ષની સેવાભરી નોકરીનો છેલ્લો દિવસ હતો. ટેબલ ઉપર બૉક્સમાં એમનાં પુસ્તકો, પ્રમાણપત્રો અને ઍવોર્ડનાં પાટિયાં હતાં.

ધીરે પગલે, ભારે હૈયે એક બૉક્સને હાથમાં પકડી એ ઑફિસની બહાર નીકળતા હતા. ત્યાં ટેલિફોનની ઘંટડી વાગી.

'હેલો... Dr. Gupta speaking' તેમણે ફોન ઉપાડ્યો.

'This is your attorney Mr. Williams' સામેથી એમના વકીલનો પરિચિત અવાજ આવ્યો.


'Dr. Gupta... I am sorry... I have reviewed your case and discussed it with the senior attorney of our firm... We don't think it has any worth. The case may have a merit but it would be hard to prove your claim. In a small town like this no jury will go in your favor. Leave the matter alone.'

એમના વકીલ મિ. વિલિયમે સલાહ આપી. એમના વકીલ એમને સમજાવતા હતા કે આવા નાના ગામમાં મેડિકલ કૉલેજ સામે કેસ કરશો તો પૈસા ગુમાવશો. યુનિવર્સિટીની પ્રતિષ્ઠા... અને એક પરદેશી ડૉક્ટર... કેસ જીતવાની શક્યતા ઓછી છે તેવી સલાહ મળી.

ડૉ. ગુપ્તાની વેદના બમણી થઈ ગઈ. સો વીંછીઓ એકીસાથે ડંખ્યા હોય તેવી પીડા થઈ. અમેરિકન સંસ્થાઓ મને ન્યાયપદ્ધતિ વિશેની તેમની માન્યતાના આજે ભૂકા બોલી ગયા. કાચની દીવાલને હાથ વાગતાં જેમ લોહી નીકળે તેમ એમનું હૈયું દ્રવી ઊઠ્યું. જીવનની વાસ્તવિકતા એક ધારદાર કાચના ટુકડાની જેમ એમને ઘાયલ કરી ગઈ. એમની આંખોમાંથી સરતાં ગરમ આંસુ જાણે લોહીનાં ટીપાં હતાં.

❖❖❖

# નામ જેનું જયપ્રકાશ



મહેશ દવે

**આ**જે દશેરા. ભારતના એક પનોતા પુત્રનો જન્મદિવસ. ગ્રામપ્રદેશની ધૂડી પ્રાથમિક શાળામાં એ ભણ્યા. આગળનું શાળાશિક્ષણ અને કૉલેજશિક્ષણ પચાસ માઈલ દૂરના રાજધાનીના શહેર પટણામાં લીધું. નાનપણથી જ જયપ્રકાશ શાંત, સૌમ્ય, ધીરગંભીર, પિતાએ એક વાર કહેલું, 'આ તો બુઢ્ઢો બાળક છે.'

જયપ્રકાશ ભણવામાં ભારે તેજસ્વી. જીવન ભારે રોમાંચક. સંસ્કારી શારીન, કાયસ્થ સંયુક્ત કુટુંબમાં સાદાઈના પાઠ સાથે લાડ અને પ્રેમ પામ્યા. પિતા હરસૂદયાલ સૌમ્ય, સૌજન્યશીલ. નાત-જાત, છૂતાછૂતથી પર. કિશોરવયથી જ જયપ્રકાશ રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા.'રાષ્ટ્રીય, ક્રાંતિનો વીંછુડો તો હાઈસ્કૂલમાં ભણતો તે દહાડાનો ડંખેલો.' ગાંધીની ભૂરકીથી અંજાઈ તેમના ચુસ્ત અનુયાયી બનેલા. નાનપણથી હૃદય ભારે ઊર્મિશીલ અને ઋજુ. એક છોકરાએ શાળામાં એમનાં ચોપડાં ચોરી લીધા. જયપ્રકાશે તો ફરિયાદ ન કરી, પણ બીજા વિદ્યાર્થીએ આચાર્યને જણાવ્યું. આચાર્યે પેલા વિદ્યાર્થીને ફટકાર્યો અને ચોપડાં પાછાં અપાવ્યાં. ત્યારે જયપ્રકાશે જઈ પેલા વિદ્યાર્થીની માફી માગી. પોતાનાં ચોપડાંનો વાંક ખરો ને! નડતર કરી રહેલા એક ખટારાના ડ્રાઈવરને ઓવરટેક કરતી વખતે તે ડ્રાઈવરને ગુસ્સામાં 'ડેમ ફુલ' કહ્યું. થોડીવાર પછી, માફી માગવા, પોતાની ગાડી ઊભી રખાવી. ઈન્દ્રિરાની સંપૂર્ણ હાર પછી જર્જર-આજાર દેહે, લાકડીના ટેકે, 'ઈન્દુ'ને મળવા, આસ્વસ્થ કરવા ગયા. 'ના કોઈ બેરી, નાહી બેગાના'.

લગ્ન થયાં ત્યારે જયપ્રકાશની ઉંમર અઢાર વર્ષની અને પત્ની પ્રભાવતી ચૌદ વર્ષનાં. પ્રભાવતીના પિતા વ્રજકિશોરબાબુ એ વખતે રાજેન્દ્રબાબુ કરતાં પણ જાહેર જીવનમાં આગળ ગણાતા. દીકરીનાં લગ્ન કર્યા પણ આણે નહોતી વળાવી. એ પહેલાં જયપ્રકાશે અસહકારની લડતમાં ઝંપલાવ્યું. મિત્રો સાથે કૉલેજ છોડી. લડત બંધ થઈ ત્યારે બીજા વિદ્યાર્થીઓ તો પાછા કૉલેજમાં જોડાઈ ગયા, પણ જયપ્રકાશ એ ગુલામી શિક્ષણમાં ન જોડાયા, પણ ભણવું તો હતું એટલે અમેરિકા ગયા. સાત વર્ષ રહ્યાં, કામ કર્યાં, રળ્યા અને ભણ્યા. ખેતી, મજૂરી, હોટલ વેઈટર, બૂટ-પૉલિશથી માંડી સેલ્સમૅન સુધીનાં બધાં કામ કર્યાં.

તે દરમિયાન પ્રભાવતી ગાંધી પાસે આશ્રમમાં રહ્યાં. પોતીકી રીતે સ્વેચ્છાથી બ્રહ્મચર્યનો નિર્ધાર કર્યો. જયપ્રકાશે પ્રભાવતીની ઈચ્છાને માન આપ્યું. પતિ-પત્ની રહ્યાં, એકબીજાની સેવા-કાળજી રાખી, પણ આજીવન બ્રહ્મચર્ય પાળ્યું.

ઉગ્ર ભાષણો માટે ૧૯૪૦માં જયપ્રકાશની ધરપકડ થઈ. દરમિયાન ૪૨ની 'ભારત છોડો' લડત શરૂ થઈ. જયપ્રકાશ અને પાંચ સાથીઓ જેલના ખૂણે ટેબલ ગોઠવી, એકબીજાને ખભે ચડી, ધોતિયાનાં દોરડાં બનાવી ૧૭ ફીટની દીવાલ કુદાવી જેલમાંથી નાઠા. પૂરતાં કપડાં, જોડા વગર, લોહીલુહાણ પગે ચાર રાત અને ત્રણ દિવસ સતત ભાગતા રહી જંગલ વટાવ્યું. જયપ્રકાશે ૪૨ની લડતમાં સાડાદસ મહિના ભૂગર્ભમાં રહી લડત ચલાવી. અંતે પકડાયા. એકાંત કેદ, સતામણી, ક્રૂર તરકીબોથી પૂછપરછ, ઘણું સહ્યું. બીજા નેતાઓને ૧૯૪૫માં છોડ્યા. બ્રિટિશ સરકાર જયપ્રકાશને ખતરનાક માનતી હતી તેથી તેમને દોઢ વર્ષ પછી છોડ્યા.

સામ્યવાદ, સમાજવાદથી શરૂ કરી સર્વોદય સુધીની સંપૂર્ણ ક્રાંતિ એમણે જીવનમાં કરી. સમાજ માટે સંપૂર્ણ ક્રાંતિ માટે મથ્યા અને દેશને બીજી આઝાદી અપાવી.

❖❖❖



# બંગડીનું માપ

હરિશ્ચંદ્ર

મેધા અને અલકા બે સગી બહેનો. પણ બન્ને વચ્ચે જમીન-આસમાનનું અંતર. એક સુશીલ, ઠરેલ, ત્યાગ ને સેવા માટે સદાય તત્પર; બીજી મનમોજી, તુંડમિજાજી, આપમતલબી. મોટી બહેન મેધાએ મરતી માને વચન આપ્યું હતું કે લકવાગ્રસ્ત બાપની જીવનભર સેવા ચાકરી કરીશ અને નાની બહેનને પરણાવીશ.

નાની બહેને સાથી શોધી પણ લીધો હતો. કાલે જ એણે મેધાને વાત કરેલી. દીપક આમ તો મેધા સાથે ભણેલો. બંને વચ્ચે કંઈક કૂણી લાગણી પણ જન્મી હતી. પરંતુ મેધાએ પોતાના મનને એ બાજુ વળવા દીધું નહોતું. ધીરે ધીરે દીપક-અલકાની દોસ્તી થઈ. કાલે અલકાએ ખબર આપી ત્યારે ક્ષણભર મેધાને ઠેસ વાગી. પણ તે ક્ષણભર જ. બીજી જ પળે એ એટલી રાજી રાજી થઈ ગઈ!

આજે સવારમાં દીપક આવ્યો ત્યારે અલકા હજી ઊઠીયે નહોતી. મેધાએ ચા અને ગરમ-ગરમ નાસ્તો તૈયાર કર્યો તેટલામાં એ બની-ઠનીને આવી.

'આપણે તો ભઈ, ઊંઘવા જોઈએ. દીદીને કહું છું કે રૂપિયામાં તો પૂજા માટે તૈયાર હાર રોજ ઘેરબેઠાં આપી જાય. પણ એ તો સવારમાં ઊઠવાની, ફૂલો ચૂંટવાની, પૂજા માટે હાર ગૂંથવાની. ના, બાબા, ના, આપણને ન પાલવે! અને એ પૈસા બચાવીને પાછી ફિલમ તો જોવાની નહીં. દીદી બાપુને છોડીને બહાર જાય નહીં. પછી મારે જ પૈસા ખરચવા પડે ને? બોલ દીપક, આજે કઈ ફિલ્મમાં જઈશું?'

'ચાલ હવે ચાંપલી! નાસ્તો કરી જશે.'

નાસ્તાની બે જ રકાબી જોઈ ને દીપક બોલ્યો, 'કેમ દીદી, તમે સાથે નાસ્તો નહીં કરો?'

'નહીં રે! એમને તો હજી પૂજા કરવાની, બાપુને સ્પંજ કરવાનું. એમની વાટ જોવા રહીશું, તો નાસ્તો કરીને ઠીકરું થઈ જશે.'

મેધા અંદર ગઈ એટલે દીપકે પૂછ્યું, 'કેમ, અમારું ઘર કેવું લાગ્યું?'

'ઓહ, બ્યુટીફૂલ! સરસ બંગલો છે. ફર્નિચર, ટી.વી., બગીચો બધું જ સુંદર સુંદર!'

'બસ, બસ! માત્ર બંગલો જ ગમ્યો કે બંગલાના માણસો પણ?'

અલકાએ દીપક સામે જોઈ આંખો નચાવી. પછી ધીરેથી ઉમેર્યું, 'હું......અ......અ...... પણ પેલાં તારાં લંગડાતાં કાકી.... એમનું અષ્ટવક્ર દર્શન મને રુચ્યું નહીં.'

'અલકા...!' દીપકથી લગભગ ચીસ પડાઈ ગઈ. 'એ કાકીએ જ મને ઉછેરીને મોટો કર્યો છે. મા તો મને એક વરસનો મૂકીને મરી ગયેલી. માની ખોટ એમણે મને કદી સાલવા દીધી નથી. કાકી તો...'

'ઓલ રાઈટ, ઓલ રાઈટ! હું કયાં ના કહું છું? કાકીને આપણે કોઈ સારા ઘરડાંઘરમાં મૂકીશું અથવા જુદું ઘર લઈને એમની બધી સેવાચાકરી થાય એવી વ્યવસ્થા કરીશું. તું તો જાણે છે, હું સૌન્દર્યપ્રેમી છું. આવા સરસ મજાના ઘરમાં રોજ તે માંદલાં ને લંગડાંનું દર્શન કરવાનું કેમ રુચે?'

તે દિ' બંને ઊચક મને છૂટાં પડ્યાં. અને બે દિવસ બાદ અલકાએ ધડાકો કર્યો, 'મારે નથી પરણવું એવા પુરુષ સાથે, જેને મન જુવાન પત્ની કરતાં ઘરડી કાકીની કીમત વધારે હોય!'

મેધા તો અલકાનાં લગ્નની તૈયારી કરવા માંડી હતી. એને ભારે આઘાત લાગ્યો. દીપક આવ્યો ત્યારે મેધાએ એક સૂચન કર્યું, 'તમારાં કાકીને અમારે ત્યાં રાખો. બાપુ ભેળી હું એમનીયે સેવા કરીશ.'

'ના, અમારો મેળ નહીં પડે. અલકાને હાડમાંસના માણસો છોડી આકાશમાં સ્વૈરવિહાર કરવો છે, મારે એ જ માણસોને વળગી ભોંય પર રહેવું છે. જે કાકીને અલકા ધિક્કારે છે, તે કાકીએ મને વહુના દાગીના કરાવવા એની બંગડીનું માપ લેવા મોકલ્યો છે!' પછી થોડી વાર મૂંગો રહી દીપક કંઈક અચકાતે સ્વરે બોલ્યો, 'મેધા! એક વાત કહું? બે દિવસથી વિચાર કર્યા કરું છું કે નાની બહેનને બદલે મોટી બહેનની બંગડીનું માપ ન ચાલે?'

મેધા એકદમ ચમકી ગઈ. એના સ્વરમાં કંપ આવી ગયો. માંડ એટલું જ બોલી શકી, 'તમે કાકીને ન છોડી શકો તો હું બાપુને શી રીતે છોડી શકું?'

'એનોય મેં વિચાર કર્યો છે. અમારું ઘર મોટું છે, કાકીનું મન એનાથીય મોટું. મારી પત્ની એનાં કાકીસાસુ સાથે મારા સસરાનીયે સેવા-ચાકરી કરશે, તો એમી આંખ ઠરશે.'

મેધા અવાક્ થઈ ગઈ. ભીંતે માથું ટેકવી આંખ મીંચીને બેઠી રહી. તેવામાં અંદરથી લાકડીના ટેકે ડગ માંડતાં બાપુ આવ્યા. દીપકના હાથમાં કંકણ મૂકતાં બોલ્યા, 'હમણાં જ મને માલિશ કરતી વખતે મેધાએ આ કંકણ ઉતારીને પથારી પાસે મૂકેલું તે લઈ જાઓ!'

'બાપુ......!' મેધા બોલી ઊઠી.

'દીપક બેટા! આ બંગડીના માપમાં કાંઈ ભૂલ નથી.'

*(શ્રી યોગિની જોગળેકરની મરાઠી વાર્તાને આધારે)*



# પપ્પાનો રેડિયો

**એ** જમાનો હતો જ્યારે સમાચારનું એક માત્ર સાધન 'રેડિયો' હતું. રેડિયો સાંભળવાનો પણ એક અજબ લહાવો હતો. બનાસકાંઠાના એક નાનકડા ગામમાં બખોલ જેવડી એક નાનકડી દુકાનમાં ૩૨ કે ૩૫ વર્ષના યુવાન પિતા રેડિયો સાંભળતા રહેતા. બપોરનો સમય હોય. ધોમધખતો તાપ હોય અને નિરાંતની વેળાએ આ રેડિયો એમને ખૂબ સહાય કરે. રેડિયોમાં સમાચાર જ સાંભળવાના. કોઈ પૂછે કે 'સમાચાર કેમ આટલા ધ્યાનથી સાંભળો છો?' ત્યારે તે પિતા કહેતા 'દીકરાને અમદાવાદ મોકલવો છે અને રેડિયામાં અમદાવાદના વારેવારે સમાચાર આવ્યા કરે. દીકરો જ્યાં રહેશે એ શહેરની પણ જાણકારી તો રાખવી જ જોઈએ' દીકરાને અમદાવાદ મોકલ્યો નથી, હવે મોકલવાનો છે તોપણ પિતાને દીકરાની ચિંતા થાય છે. કેવો અપાર વાત્સલ્યનો સાગર ઘૂઘવતો હશે એ પિતાના હૃદયમાં!

♦♦♦

અઢાર વર્ષના યુવાન દીકરાને બાપા કમાવવા માટે અમદાવાદ શહેરમાં મોકલે છે. ગામડાંની કમાણી સાવ ઓછી માંડ માંડ પૂરું કરે. દીકરાએ અમદાવાદ જવાની તૈયારી તો બતાવી પણ બાપા સામે શરત કરી 'નવા બૂટ લાવી આપો તો શહેરમાં જઉં.' બાપા મૂંઝવણમાં મુકાયા. દીકરાને શી ખબર પડે કે આર્થિક પરિસ્થિતિ કેવી કારમી છે? એટલી તકલીફ પડતી કે બેંકમાંથી ક્યાંક ક્યાંક ૫-૧૦ રૂપિયાનો ઉપાડ લેવો પડે. વરસે દાડે માંડ ૧૦૦ રૂપિયા જેટલા ભેગા થયા હોય તે પૈસા બેંકમાં મૂકે. દીકરાઓ મોટા થશે તો એમને જ કામ લાગશે એવો ઉદ્દેશ હોય. પણ એ થઈ શકતું નહીં. ૯ વ્યક્તિનો પરિવાર. કમાનાર બાપા એકલા હોય અને કેવી રીતે પહોંચી વળે? ધંધો ચાલે. પણ જોઈએ એવો નહીં અને એ કારણથી બેંકમાં પૈસા ઉઠાવી લેવા પડતા.

દીકરો જીદે ચડ્યો. પપ્પા! બૂટ લાવી આપો. શહેરમાં જઉં અને અડવાણા પગે જઉં તો કેવું લાગે? એ પિતા પણ સમજતા હતા કે દીકરાએ આજ સુધી ક્યારેય બૂટ તો પહેર્યા જ નથી. હોંશ તો એનેય હોય. પણ કરવું શું! ૭૦ રૂપિયાના બૂટ લાવવા ક્યાંથી? સસ્તી ચંપલ તો થોડા દા'ડામાં જ તૂટી જતી.

દીકરાને જેમ-તેમ કરીને સમજાવ્યો અને અમદાવાદ જવા તૈયાર કર્યો. દીકરો તૈયાર તો થઈ ગયો. પણ મનમાં સતત એક વાત ઘૂંટાતી 'બૂટ વિના કેવી રીતે જાઉં?' પિતા વિચારે છે 'ભાડાના પૈસા માંડ કાઢ્યા છે, ત્યાં બૂટના પૈસા ક્યાંથી લાવવા?'

થેલો તૈયાર કર્યો. ચાલતા ચાલતા સ્ટેશને જતા હોય છે. બાપ-દીકરો બંને રડતા હોય છે. ફરત એટલો જ હોય છે કે દીકરાની આંખ રડે છે અને બાપનું જિગર રડે છે. સ્ટેશને પહોંચ્યા બસ આવી. એક પગથિયું ચઢ્યા. દીકરાનો સામાન ચઢાવ્યો. સીટ ઉપર બેસાડ્યો અને પિતા પણ પાછા વળતા હતા ત્યાં જ દીકરાએ જતાં જતાં છેલ્લી વાર કહ્યું : 'પપ્પા! બૂટ.' અને પિતાના હૃદયમાં જાણે ધ્રાસકો પડ્યો. દીકરાની આંખમાં આંસુ જોઈને પિતાનું હૃદય ભરાઈ આવ્યું. બસ-ડ્રાઈવરને કહ્યું કે પાંચ મિનિટ રાહ જોજો. હમણાં જ આવું છે. પિતા સીધા પહોંચ્યા ચંપલવાળાની દુકાને અને દીકરાએ જે પસંદ કરેલા હતાં એ બૂટ પેક કરાવ્યા. દુકાનદારે કહ્યું પૈસા? બાપા ક્ષણભર માટે લાચાર બન્યા. પણ દીકરાનાં આંસુ જોયાં નો'તાં જતાં. દુકાનદાર ભલો હતો એય જાણે પિતાના હૃદયને સમજતો હોય એમ એણેય પૈસા ઉધાર રાખ્યા.

પિતાના ઉત્સાહમાં એકાએક વધારો થયો. બસ સુધી પહોંચ્યા. દીકરાના હાથમાં બૂટ આપ્યા અને ખુશ થયેલા દીકરાને જોઈને પાછા વળ્યા. ખબર નહીં એ પિતાએ રૂપિયા કેવી રીતે ચૂકવ્યા હશે!

♦♦♦

ઘરની ઓસરીમાં દીકરો બેઠો હોય છે. એકાએક કોઈ ધ્વનિ સંભળાય છે. અમદાવાદ શહેરના સમાચાર રેડિયોમાંતી પ્રસારિત થયા હોય છે. દીકરાને આ સાંભળતાં જ એકાએક પિતા યાદ આવે છે અને પપ્પાનો રેડિયો યાદ આવે છે. ઘરમાં શોધખોળ કરી રેડિયો ન મળ્યો. દુકાન તપાસી તોય ન મળ્યો છેવટે મમ્મીને પૂછ્યું :

'મમ્મી ! પપ્પાનો રેડિયો ક્યાં છે? આજે ઈચ્છા છે કે પપ્પાના પ્રાણપ્રિય રેડિયાને જોવો છે. સાંભળવો છે.'

મમ્મી વિચારે છે દીકરાને શું જવાબ આપવો...? કેવી રીતે સમજાવું કે રેજિયો...

'મમ્મી! ક્યાં છે કહેને જરા!' દીકરાએ ઉતાવળા થતાં કહ્યું.

'બેટા! એ રેડિયો તો વેચી દીધો.'

'પણ કેમ?'

'બેટા! એવું હતું કે તારે અમદાવાદ જવું હતું ને બૂટ જોઈતા હતા. ઘરમાં સગવડ તો હતી નહીં એટલે તારા પપ્પાએ રેડિયો...'

'ઓહ નો! પપ્પાએ મારા નાનકડા સુખને ખાતર પોતાનો પ્રિય રેડિયો વેચી દીધો? મને ધિક્કાર છે કે એમના મનને હું

પારખી ન શક્યો? મને એ વખતે કેમ સમજણ ન આવી? પિતાના સુખને મેં છીનવી લીધું?' દીકરાને પારાવાર પસ્તાવો થાય છે. હવે તો એ દીકરો ખાસ્સો મોટો થઈ ગયો છે પણ આંસુનાં તોરણ હજુય બંધાય છે. કેટલાંય વરસો વીતી ગયાં પછી પણ એ અશ્રુસભર આંખો કહેતી હોય છે, 'પપ્પા! આટલી ઉતાવળ કેમ કરી?' પણ એ પ્રશ્નનો જવાબ શોધ્યો જડે એમ નથી.

♦♦♦

ચાર સંતાનના એ પિતા. ૧૮ વર્ષનો મોટો દીકરો અમદાવાદ. નાનકડો બાલુડો સાત વરસનો નવસારી. મોટી દીકરી કાકાની તપસ્યા નિમિત્તે કાકીના ઘરે હતી અને નાની દીકરી પિતાની સાથે હતી. નાની દીકરી પૂજા કરવા માટે દેરાસર ગઈ હતી. પર્યુષણ પર્વનો ચોથો દિવસ હતો. અને એકાએક પિતાના હૃદયમાં દર્દ ઊપડ્યું. ક્ષણ બે ક્ષણમાં ઢળી પડ્યા. છાતીનો દુઃખાવો જીવલેણ નીકળ્યો. પળમાં જ પ્રાણ ઊડી ગયા.

ઘડીકમાં સન્નાટો છવાઈ ગયો. અમદાવાદ ગયેલ દીકરો તાબડતોબ આવી પહોંચ્યો. પિતાના મૃત્યુના સમાચારથી ડઘાઈ ગયો. વિધિ તો બધી પૂર્ણ થઈ. પિતા વિનાનું ગર જાણે પડું-પડું થતું હોય તેમ લાગતું હતું. ડગલે ને પગલે પિતાની સ્મૃતિઓ ઝળહળતી હતી. પિતા વિનાનો એ ઓરડો હજુય પિતાની સુગંધની સાખ પૂરતો હતો. પિતા સાથે વિતાવેલો ભૂતકાળ યાદ આવે છે. એક એક પ્રસંગ એના રોમરોમને શોકથી રંજાડે છે. એક વાર તો દીકરાને પિતા સાથે બનેલો પ્રસંગ યાદ આવી ગયો. પપ્પાએ દીકરા પાસે એમના માટે ધોતી મંગાવી હતી. ગામડામાં સરખી મળે નહીં અને શહેરમાં બહુ સારી મળે. દીકરો શહેર જવાનો હતો. પપ્પાએ ધોતી મંગાવી હતી. પણ કમનસીબે દીકરો ન લાવી શક્યો. જ્યારે ઘરે પહોંચ્યો હતો ત્યારે પપ્પાએ કહ્યું, 'બેટા! ધોતી લાવ્યો?' દીકરાએ કહ્યું, 'ના પપ્પા તમે લઈ આવજો.' અને એમ કહીને પોતે કમાયેલા ૧,૨૦૦ રૂપિયા પપ્પાને આપી દીધા. ત્યારે એ ખ્યાલ ન આવ્યો કે પપ્પાને પૈસા નહીં પણ દીકરાના હાથની ધોતીની જરૂર હતી. દીકરો એ વાત ન સમજી શક્યો. આજે પપ્પા નથી ત્યારે એ વાત સમજાય છે. પપ્પાએ દીકરા માટે પોતાની તમામ ખુશીઓને દૂર કરી અને ખુશ કર્યો. દીકરાનું તમામ ધ્યાન રાખ્યું પણ દીકરો પિતાનું ધ્યાન ન રાખી શક્યો. દીકરો એક ધોતી પણ ના લાવી શક્યો. આજે એ દીકરો પસ્તાય છે. કાશ! જો હું ધોતી લાવ્યો હોત તો...

**સૌજન્ય : સ્નેહ ભીનું સંભારણું**

---

### શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ *સંચાલિત*
### શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય
### શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન
### શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – અતિથિ ભવન – નાલાસોપારા

નાલાસોપારા ખાતે ચૈત્રી આયંબિલ ઓળી તપ કરાવવામાં આવેલ. જેમાં આયંબિલ ની આખી ઓળી તથા સ્વૈચ્છિક આયંબિલ ભાઈ-બહેનોએ સારી સંખ્યામાં કરેલ. દરરોજ તપસ્વીઓ ને પીરસવા માટે નાલાસોપારા ઉપાશ્રય કમિટી ના સ્થાનિક પ્રતિનિધિઓ શ્રી અનિલભાઇ જસવાણી, શ્રી કલ્પેશભાઈ શેઠ તથા બકુબેન તેમજ આપણી સભાના કમિટી સભ્યો વારાફરથી શ્રીમતી દિપ્તીબેન શાહ, શ્રી નરેન્દ્રભાઈ ગાંધી, શ્રી મહેશભાઈ દોશી, શ્રી સુબોધભાઈ શાહ તથા શ્રી વિજયભાઈ અજમેરા એ હાજરી આપી અને સારી રીતે તપસ્વીઓ તપ કરી શકે તે બાબત ધ્યાન રાખેલ અને માર્ગદર્શન આપેલ. ઓળી દરમિયાન જાપ, નવલખા જાપ, સામાયિક/પ્રતિક્રમણ રોજ કરાવવામાં આવેલ. દરેક તપસ્વીઓને પારણા કરાવવામાં આવેલ જેમાં રૂપિયા ૧૧૦૦/ રોકડા /સાકર અને ડ્રાયફ્રુટ વિગેરેની પ્રભાવના આપવામાં આવી હતી.

આ ચૈત્રી આયંબિલ ઓળી તપના કાયમી તિથીના દાતાઃ સ્વ. જય અશોકભાઈ મનસુખલાલ સંઘવી પરિવાર તથા આ વર્ષ ના સહયોગી દાતાઃ વઢવાણ શહેર નિવાસી હાલ વાલકેશ્વર શ્રીમતી પ્રેમાબેન મહેશભાઈ વોરા પરિવાર તેમજ સહાયક દાતાઓનો આભાર માનવામાં આવે છે અને આ જ રીતે સાથ સહકાર મળતો રહેશે એવી આશા.....જય જિનેન્દ્ર.

**કન્વીનર**

**દિપ્તીબેન શાહ ● નરેન્દ્રભાઈ ગાંધી**

---

## સંસ્થા સમાચાર

સહર્ષ જણાવવાનું કે શ્રી ઝાલાવાડી સ્થા.જૈન મિત્ર મંડળ અને શ્રી ઝાલાવાડી સભા મહિલા મંડળ થાણા છેલ્લા બે વર્ષ મા ખુબજ સરસ અને પ્રેરણાદાયી એવી પ્રવૃત્તિઓ કરેલ છે.

અમારા પ્રેરણાદાતા એવા શ્રી મહાસુખ-ભાઈ દોશી દ્વારા જે પાયો નખાયો હતો એને હાલ શ્રી દીપકભાઈ નગીનદાસ મહેતાના કુશળ નેતૃત્વમાં શ્રી મેહુલભાઈ ગોસલિયા, શ્રી ચિરાગભાઈ શેઠ તથા શ્રી વિરલભાઈ દોશી અને એમની યુવા ઉત્સાહી ટીમ દ્વારા થાણાના તમામ સદસ્યોને ગર્વ થાય એવુ વાતાવરણનુ નિમાર્ણ કર્યું છે.

શ્રી દીપકભાઈ મહેતા જે થાણા મિત્ર મંડળ ને સમાજલક્ષી કાર્યોમાં હંમેશાં સાથે રાખી ને કાર્ય કરી રહ્યા છે

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન મિત્ર મંડળ થાણા**

**શ્રી ઝાલાવાડી સભા મહિલા મંડળ થાણા**

# સુંદરતા તન, મન અને વિચારની

અમૃત બાન્ટાઈવાળા

સુંદરતા શબ્દ સાંભળતાં જ મનમાં અનેરાં સ્પંદનો જાગે છે. સુંદરતા શબ્દમાં જ સૌંદર્ય સમાએલું છે. એમ કહીએ તો પણ ચાલે.

સુંદરતાનો સંબંધ ઘણું ખરું કરીને એના રૂપ સાથે છે, દેખાવ સાથે છે. જેનું રૂપ સારું જેનો દેખાવ સારો એ સુંદર.

માણસ રૂપાળો હોય તો સુંદર
વસ્તુ ગમી જાય એવી હોય તો સુંદર
પંખીઓનો અવાજ ગમી જાય તો સુંદર
કોઈ સારો વિચાર ગમી જાય તો સુંદર.

વનનાં વૃક્ષો ગમી જાય તો સુંદર, વહેતું ઝરણું ગમી જાય તો સુંદર. આમ સુંદર વસ્તુઓ માટે બધાના મનમાં આદરભાવ જાગી ઉઠે છે. એને જોવાથી મેળવવાથી નિજાનંદની અનુભૂતિ થાય છે.

પથ્થરનો બરછટ ટુકડો પડયો હોય છે. એ ટૂકડો આપણને ગમતો નથી, એના તરફ આપણે નજર પણ કરતા નથી. પરંતુ કોઈ શિલ્પી એ જ પથ્થરના ટુકડાને લઈ એના પર સ્વર્ગની અપ્સરા, નૃત્યાંગના કે પછી કોઈ દેવી-દેવતાનું સુંદર શિલ્પ - આકૃતિ કંડારે છે. ત્યારે આપણને એ જ પથ્થરનો ટુકડો લઈ એના પર સ્વર્ગની અપ્સરા, નૃત્યાંગના કે પછી કોઈ દેવી-દેવતાનું સુંદર શિલ્પ - આકૃતિ કંડારે છે. ત્યારે આપણને એ જ પથ્થરનો ટુકડો ગમવા લાગે છે. એના પર કંડારેલી નૃત્યાંગના સાથે આપણે પણ જાણે નૃત્ય કરતા હોઈએ એવી અનુભૂતિ કરતા હોઈએ છીએ. ભગવાનની મૂર્તિ જોઈ એની સુંદરતાનાં ગુણગાન ગાતા હોઈએ છીએ.



મહર્ષિ અરવિંદે સાચું જ કહ્યું છે. ''સૌંદર્યની શોધ કરવી અને એનું દર્શન કરાવવું એનું નામ કળા છે. સૌંદર્ય મૂર્ત કરવું અને આનંદ આપવો એ કલાનો ઉદ્દેશ છે. કલા જીવનનો લયબદ્ધ ઉચ્ચાર છે.''

નાનો મોટો પ્રસંગ આવે ત્યારે આપણે ઘરને સજાવીએ છીએ. ઘર તો એનું એ જ છે. પણ પ્રસંગોચિત રંગરોગાન કરી, તોરણ બાંધી, રંગોળી પુરી આપણે એને સુંદર બનાવીએ છીએ. ઘરની સાથે સુંદરતા ભળતાં એનું એ જ ઘર આપણને વધારે ગમવા લાગે છે.

આવું માણસ માટે પણ છે.

માણસ રૂપાળો હોય સુંદર હોય તો પણ સારા પ્રસંગે તે સારાં કપડાં પહેરી, સારાં ઘરેણાં પહેરી, સારી રીતે વાળ ઓળી પોતાની સુંદરતામાં વધારો કરવા પ્રયત્ન કરે છે. પ્રસંગને પણ સુંદર બનાવવા પ્રયત્ન કરે છે.

આમ સુંદરતા બધાને ગમે છે.

માણસની સુંદરતા, પ્રકૃતિની સુંદરતા, વસ્તુની સુંદરતા, વિચારોની સુંદરતા બધાને ગમે છે. સુંદરતા વ્યક્તિત્વને ખિલવે છે. સુંદર માણસ ગમે છે, સુંદર ઝરણું ગમે છે, સુંદર ચિત્ર અને શિલ્પ ગમે છે. રંગબેરંગી પંખીઓ ગમે છે.

સૌંદર્યનો, સુંદરતાનો સંબંધ માત્ર રૂપ કે દેખાવ સાથે નથી. સુંદરતાનો સંબંધ ગુણ સાથે પણ છે. ગુણ સાથેની સુંદરતા સોનામાં સુગંધ ભળે એવી હોય છે.

માણસ રૂપાળો હોય, પણ મૂર્ખ હોય તો ? એના સૌંદર્યની કોઈ કિંમત નથી.

કોયલનો રંગ કાળો છે પણ તેનો 'સ્વર' એનું સૌંદર્ય છે. એનો અવાજ આપણા મનને મોહી લે છે. સુંદર સ્ત્રી હોય પણ એ ખરાબ ધંધો કરવાવાળી કુલટા હોય તો ? એ સ્ત્રીની સહુ નિંદા કરે છે. પરંતુ કુરૂપ સ્ત્રી હોય પણ પતિવ્રતાધર્મ પાળતી હોય તો સહુને ગમે છે. કુરૂપ વ્યક્તિનું સૌંદર્ય તેની વિદ્યા છે. અને તપસ્વીઓનું સૌંદર્ય એના તપમાં નથી પણ ક્ષમામાં છે. આમ સૌંદર્ય સદ્‌ગુણોમાં ચમકે છે.

સુંદરતાનો સંબંધ વિચાર સાથે પણ છે. વિચારોની સુંદરતા મનુષ્યની કુરુપતાને ઢાંકી દે છે, એને સુંદરતામાં પરિવર્તન કરી દે છે. એક સુંદર વિચાર જીવનને સુંદર અને સફળ બનાવે છે. એક ખરાબ વિચાર જીવનને છિન્નભિન્ન કરી નાંખે છે. સુંદર વિચારે સંસ્કૃતિનું, સામ્રાજ્યોનું સર્જન કર્યું છે. એક ખરાબ વિચારે માનવજાતને હાનિ પહોંચાડયાના દાખલા આપણી પાસે છે.

બનાવટી સૌંદર્ય લાંબો સમય ટકતું નથી. સૌંદર્ય પ્રસાધનોથી સુંદર દેખાવા મથતા માણસનું સૌંદર્ય પફ- પાવડર ધોવાઈ જતાં જતુ રહે છે. સોના જેવા રંગનો ઢોળ ચડાવેલાં ઘરેણાં ત્યાં સુધી જ સોના જેવાં લાગે છે જ્યાં સુધી એના પર સોનાના રંગના ઢોળ હોય. ઢોળ જતો રહેતાં એની કોઈ કિંમત નથી.

સૌંદર્ય અધૂરું હોય ત્યારે સોળેકળાએ ખીલી ઉઠે છે. અધૂરું સૌંદર્ય ક્ષણ જીવી હોય છે. અધૂરું સૌંદર્ય કપૂર જેવું હોય છે. એની સુગંધ થોડા જ દિવસોમાં ઉડી જાય છે.

ફૂલની સુવાસ કાયમી છે. અત્તરની સુવાસ ક્ષણિક છે. સર્વોત્તમ સૌંદર્ય દુર્લભ છે. એ ક્યારેય વ્યક્ત થઈ સકતું નથી. ફ્રાન્સિસ બેકને કહ્યું છે. ''સૌંદર્યનો સર્વોત્તમ અંશ એ જ છે કે જે કોઈ કલાકૃતિ દ્વારા વ્યક્ત ન થઈ શકે.''

સાચી સુંદરતા આંતરિક સુંદરતા છે. તન ઉજળું પણ મન મેલું હોય તો નકામું છે. વાતો મીઠી મીઠી પણ ઈરાદો મલિન હોય તો ? વાણીની સુંદરતાનું કોઈ મૂલ્ય નથી.

- સુંદરતા જ્ઞાન માં હોવી જોઈએ.

- સુંદરતા સારી દૃષ્ટિમાં હોવી જોઈએ.

- સુંદરતા સારા ગુણોમાં હોવી જોઈએ.

- સુંદરતા સારા વિચારોમાં હોવી જોઈએ.

- સુંદરતા મનમાં હોવી જોઈએ.

- સુંદરતા જાળવવાની ચીજ છે વેડફી દેવાની ચીજ નથી.

---

# આપવાનો આનંદ



**ફ્રાં**સના પેરિસ શહેર ઉપર એની તમામ તાકાતથી ઠંડી વરસી રહી છે.

ઠંડીથી બચવાના પેરિસવાસીઓનાં સાધનો ય કારગત થાય તેમ નથી. તેવે સમયે એક લત્તામાં એક છોકરો ઠંડીના સિતમથી થરથર ધ્રૂજે છે. તેના અંગ પર વાવટા જેવાં ફાટેલાં વસ્ત્રો ઊડે છે.

ત્યાં એક ગૃહસ્થ નીકળ્યાં. એણે ટાઢમાં ધ્રૂજતા ને અદબ ભીડી બેવડ વળી ગયેલા એ છોકરાને જોયો ને પાસેથી એક દુકાન પર ચડી ગયા. ત્યાંથી નીચે ઊતર્યા ત્યારે એના હાથમાં એક ગરમ ટોપી ને ઓવરકોટ હતા તે પેલા છોકરા ભણી લાંબા કરી આપતાં બોલ્યા : 'લે છોકરા, આ લઈ લે. આપવામાં મને આનંદ આવે છે એટલા માટે આપું છું. મારો ઉપકાર ન માનતો.'

આટલું કહી એ ગૃહસ્થ ઝડપથી આગળ ચાલ્યા ગયા.

ઓવરકોટ અને ટોપી પહેરી ઠંડીમાં રક્ષણ પામનાર એ છોકરો જેમ્સ મોટો થયો અને તેના ભાગ્ય આગળનું પાંદડું હટી જતાં કારખાનાનો માલિક બન્યો. ગરીબમાંથી તવંગર બન્યો. વેપાર વધ્યો. ધંધો વિકસ્યો. ઘણા ફાંક કમાયો. પણ બચપણમાં ઓવરકોટ ને ગરમ ટોપી આપનાર પેલા ગૃહસ્થને એ ઢૂંઢે છે. તેના મધુરા શબ્દો 'છોકરા, આપવામાં મને આનંદ આવે છે.' એના માથામાં ઘૂમ્યા કરે છે. એણે પણ આપવાનો આનંદ મેળવવા માંડ્યો. ચોમેર વસ્ત્રદાન, અન્નદાન, દવા, ફળ ને દૂધનાં દાન કરવા માંડ્યા. 'આપવામાં મને આનંદ આવે છે'ના ભાવપૂર્ણ શબ્દોએ એને નવી જીવનવાટ સૂઝાડી.

એના કારખાનામાં કોઈ માંદું પડે કે એ ઝટ એની પાસે પહોંચી જાય. એને આશ્વાસન આપી, એની દવાનું બિલ પોતે જ ચૂકવે. તે આજાર માટે સફરજન, નારંગી, મોસંબી, દાડમ વગેરે જાતે ખરીદી આપી આવે છે. રસ્તા પર જતાં એ બજારમાં કોઈ નવું ફળ આવેલું નિહાળે કે બધું જ ખરીદી લઈ, લારી ભરી, એ જાતે કન્યાશાળામાં હંકારી જાય ને મુખ્ય શિક્ષિકાને આજીજી કરે : 'એક ગૃહસ્થે આ ફળ મોકલાવેલ છે. કૃપા કરી બાળાઓને તે વહેંચી આપશો.'

પેરિસના રાજમાર્ગ પણ કોઈ વૃદ્ધને દોરી જતી નાની બાલિકા જોઈ. એની પાછળ ચાલીને એ વૃદ્ધને ઘેર આવ્યો. હળવેથી ઘરના આંગણામાં ઊભા રહી વૃદ્ધને પૂછ્યું : 'શું કામ કરો છો ?'

'કંઈ નહિ. પહેલો નોકરી કરતો હતો. હવે રજા મળી છે.' ત્યારે તો તમારે ભરણપોષણ મેળવવા માટે તકલીફ પડતી હશે.

સના પેરિસ શહેર ઉપર એની તમામ તાકાતથી ઠંડી વરસી રહી છે.

ઠંડીથી બચવાનાં પેરિસવાસીઓનાં સાધનો ય કારગત થાય તેમ નથી. તેવે સમયે એક લત્તામાં એક છોકરો ઠંડીના સિતમથી થરથર ધ્રૂજે છે. તેના અંગ પર વાવટા જેવાં ફાટેલાં વસ્ત્રો ઊડે છે.

ત્યાં એક ગૃહસ્થ નીકળ્યાં. એણે ટાઢમાં ધ્રૂજતા ને અદબ ભીડી બેવડ વળી ગયેલા એ છોકરાને જોયો ને પાસેથી એક દુકાન પર ચડી ગયા. ત્યાંથી નીચે ઊતર્યા ત્યારે એના હાથમાં એક ગરમ ટોપી ને ઓવરકોટ હતા તે પેલા છોકરા ભણી લાંબા કરી આપતાં બોલ્યા : 'લે છોકરા, આ લઈ લે. આપવામાં મને આનંદ આવે છે એટલા માટે આપું છું. મારો ઉપકાર ન માનતો.'

આટલું કહી એ ગૃહસ્થ ઝડપથી આગળ ચાલ્યા ગયા.

ઓવરકોટ અને ટોપી પહેરી ઠંડીમાં રક્ષણ પામનાર એ છોકરો જેમ્સ મોટો થયો અને તેના ભાગ્ય આગળનું પાંદડું હટી જતાં કારખાનાનો માલિક બન્યો. ગરીબમાંથી તવંગર બન્યો. વેપાર વધ્યો. ધંધો વિકસ્યો. ઘણા ફાંક કમાયો. પણ બચપણમાં ઓવરકોટ ને ગરમ ટોપી આપનાર પેલા ગૃહસ્થને એ ઢૂંઢે છે. તેના મધુરા શબ્દો 'છોકરા, આપવામાં મને આનંદ આવે.

**- સ્પીડ બ્રેકર બુકમાંથી**

# ''તમને છોડીને કેમ જાઉં ?''

**રમણલાલ સોની**



ત્રીજી સહસ્રાબ્દીનું પ્રથમ વરસ, ૨૬મી જાન્યુઆરીનું પર્વ. ધરતી અચાનક ધ્રૂજવા લાગી...

તે વખતે હું અમદાવાદમાં ચાર માળના મકાનમાં ત્રીજે માળે મારા ફ્લેટમાં હતો. નાહી-ધોઈ પરવારીને હું સોફામાં પલાંઠી વાળીને બેઠો હતો, છાપું વાંચતો હતો. આંખોની ભારે તકલીફ, એટલે લખાણ પર આંગળી રાખી એક એક શબ્દ વાંચવો પડે. ત્યાં અચાનક સોફાને આંચકો આવ્યો ને તે ખસ્યો. હું સમજ્યો કે પૌત્ર ગૌરવ અટકચાળું કરે છે; કંઈ બોલ્યો નહીં. ત્યાં તરત મોટો આંચકો આવ્યો, એટલે મેં કહ્યું, ''બબલુ, મને શાંતિથી વાંચવા દે !'' વળી જોરદાર આંચકો આવ્યો અને હું બોલ્યો, ''બબલુ, કેમ આમ સોફા હલાવ્યા કરે છે ?''

તે ઘડીએ પુત્રવધૂ રેણુકા આવીને સોફા પર મારી જમણી બાજુએ બેઠી ને મારો હાથ એના હાથમાં લઈ ગુપચુપ બેસી રહી. તેની આ વર્તણુક મને નવાઈની લાગી. એટલામાં ચોથો આંચકો આવ્યો ને વળી સોફા ખસ્યો. મેં રેણુકાને કહ્યું, ''બાબલો આજે કેમ તોફાને ચડ્યો છે ? સોફાને ધક્કા માર્યા કરે છે !''

હવે એ બોલી, ''બાબલો નથી એ...''

એકાએક મને ભાન થયું : ''તો શું ધરતીકંપ છે ?''

''હા...''

''તો છોકરાં ક્યાં છે ?''

''બધાં નીચે ઊતરી ગયાં !''

''તો તું કેમ ન ગઈ ?''

''તમને મૂકીને હું કેવી રીતે જાઉં ?''

તરત હું ઊભો થઈ ગયો. પગ ફરસ પર પડ્યા ત્યારે હવે મને ધરતી ધ્રૂજતી અનુભવાઈ. મારો હાથ પકડીને રેણુકા મને લઈ ચાલી. વીજળી બંધ, લિફ્ટ બંધ... ત્રણ ત્રણ દાદરા ઊતરવાના. મને દેખાય નહીં તેથી સાચવીને મને ઉતારવાનો, અને છતાં એકદમ ઝડપથી ઊતરી જવાનું. દાદરા ઊતર્યા પછી વળી લાંબી પાળી પાર કરવાની. તોય બધું વટાવીને બહાર રસ્તા પર જઈ ઊભાં. કંપ હવે બંધ થઈ ગયો હતો. કટોકટીની અમારી પળો ફ્લેટમાં જ વીતી ગઈ હતી. મકાન હલ્યું, પણ પડ્યું નહીં.

આંખે નહીં ભાળતા ૯૪ વરસના વૃદ્ધને ત્રણ દાદરા ઊતરતાં ને પછી ત્રીસ ફૂટની પડાળી વટાવતાં કેટલી બધી વાર લાગી હશે ! એ બધો વખત રેણુકા મને કાળજીથી દોરીને લઈ જઈ રહી હતી ! 'તમને મૂકીને હું કેવી રીતે જાઉં !' એ તેના શબ્દો મારા ચિત્તમાં જડાઈ ગયા છે. આમ તો એ પારકી દીકરી ને ? પણ પારકી દીકરી પરણીને પછી પારકાંને કેવી રીતે પોતાનાં કલી લે છે. આત્મીય કરીને માને છે. તેનું ચરમ દૃષ્ટાંત તે દિવસે જોયું. ભારતીય સંસ્કૃતિની આ પાયાની ચીજનું ઉજ્જવળ દર્શન મને ધરતીકંપની આપત્તિએ કરાવ્યું.

★★★

ફ્લેટમાં તો હવે પાછું જવાય તેમ નહોતું. અમારી જેમ અમદાવાદમાં લાખો લોકો એક પળમાં નિરાશ્રિત બની ગયાં હતાં. કોઈએ સગાંવહાલાંનો આશરો લીધો, કોઈએ મિત્રોનો, તો કોઈ સાવ રસ્તા પર જ રહ્યા.

અમે બધાં સ્વ. નગીનદાસ પારેખના પુત્ર ભાઈ નિરંજનને ઘેર જઈ ઊભાં. નિરંજનની પત્ની દક્ષા સદા હસમુખી ને આનંદી. જવલ્લે જ જોવા મળે એમાંની એ. માત્ર ભોંયતળિયાવાળું નગીનભાઈનું મકાન. પણ સામે જ ઢગલાબંધ ઊંચાં મકાનો. બાજુમાં પણ એવું મોટું મકાન. સામેનાં મકાનના ફ્લેટવાળાંઓએ પણ દક્ષાને ત્યાં જ આશરો લીધેલો. નિરાશ્રિત કેમ્પ જ જોઈ લો ! પાછળથી ધરતીકંપના આંચકા અવારનવાર આવતા રહે અને બધાં દોડીને બહાર દૂર જઈ ઊભાં રહે. પણ જેમ રેણુકા તેમ દક્ષા મને લીધા વગર ડગલું ખસે નહીં. રાતે-મધરાતે સવારે-બપોરે આવી ભાગદોડ કરવી પડે – અને તેની વચ્ચે સૌએ નહાવું-ધોવું, ખાવું-પીવું પણ પડે ને ! સૌ મળીને કામકાજ આટોપતાં, તોયે ગૃહિણી તરીકે દક્ષાને માથે વિશેષ ભાર રહે એ દેખીતું છે. પણ એ ભાર એના મોં પર લેશ પણ કળાય નહીં. ત્યાં તો હસું-હસું થતું મુખ જ હોય.

અમે અઠવાડિયું નિરંજનભાઈને ઘેર રહ્યાં. પછી સત્યાગ્રહ સંગ્રામના મારા મિત્ર નરહરિભાઈ ભટ્ટના પુત્ર ભાઈ સિદ્ધાર્થને ઘેર જઈ રહ્યાં. સિદ્ધાર્થ અમેરિકામાં ભણીને પ્રોફેસર થયેલો. એના મોટાભાઈ અશાકની પેઠે એ પણ અમેરિકામાં સ્થિર થઈ શક્યો હોત. પણ માતાપિતાની સેવામાં રહેવાના

એકમાત્ર હેતુથી અમેરિકા છોડી એ દેશમાં આવી રહ્યો. નરહરિભાઈ જાણીતા કોશકાર, તો ભાઈ સિદ્ધાર્થ સરદાર વલ્લભભાઈના જીવનના અભ્યાસી તરીકે જાણીતા છે. એની પત્ની કોકિલા સુશિક્ષિત સન્નારી. બેઉનો અમને ખૂબ આધાર મળ્યો. અઠવાડિયું એમને ત્યાં રહ્યા પછી અમે અમારા ફ્લેટમાં ફરી રહેવા આવ્યાં, ત્યાર પછી પણ દિવસો લગી અમે રાત્રે સૂવા માટે એમને ઘેર જ જતાં હતાં.

ધરતીકંપની થોડી સેકંડોમાં કેટલાં બધાં મકાનો જમીનદોસ્ત થયાં, કેટલાં બધાં માનવીઓ તેમાં કચડાઈ-દટાઈને મર્યાં, એથીયે વધારે કેટલાં બધાં નિરાધાર બન્યાં! મને થયું : ભગવાન શા સારુ આવો કેર કરતો હશે? મહાકવિ રવીન્દ્રનાથના શબ્દો મને યાદ આવ્યા : 'પ્રભુ પોતાને હાથે નિર્દય આઘાત કરીને આપણને જગાડવાનું કરે છે.' આ ભૂકંપથી દુનિયાના કેટકેટલા લોકોનાં હૃદય હાલી ઊઠ્યાં છે! ચારેબાજુથી ભૂકંપગ્રસ્તોની વહારે ધાવા પોકાર ઊઠ્યો છે. આ સમવેદનાનો અનુભવ એક શુભ ચિહ્ન છે.

ધરતીકંપ તો સમય જતાં ભુલાઈ જશે. ભંગાર થયેલાં ગામ ફરી બેઠાં થશે. ઘરબાર વિનાનાં થઈ ગયેલાં પુનર્નિવાસ પામશે. જેમણે નિકટનાં સ્વજનો ગુમાવ્યાં છે તેમની વેદનાયે ધીરેધીરે શમતી જશે.... અને પછી પ્રગટતી થશે - આ ધરતીકંપે માનવીને ઢંઢોળીને કેવો જાગૃત કર્યો, પ્રવૃત્ત કર્યો તેની કથાઓ. એ કથાઓ એકવીસમી સદીની માનવીની સંસ્કૃતિનો એક ભાગ બની રહેશે.

એ સંસ્કૃતિમાં કેવળ એક પુત્રવધૂ પોતાના વૃદ્ધ સસરાને નહીં કહેતી હોય કે, ''તમને છોડીને હું કેવી રીતે જાઉં?'' પણ સમાજના શિખરે બિરાજતો માનવવીયે તળિયાના તુચ્છ જીવને કહેતો હશે કે, ''તને છોડીને હું કેવી રીતે જાઉં?'' ❖❖❖

---

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

### સભાના સભ્યોને અગત્યની સુચના

**શ્રીમતી કૈલાસબેન વિનોદભાઈ ગોપાણી અને શ્રી વિનોદભાઈ તુલસીદાસ ગોપાણી પ્રયોજીત**

# ડિજીટલ વસતિ પત્રક - ૨૦૨૫

આપણા ઝાલાવાડી સમાજના સંપૂર્ણ ડેટા સાથેના DIGITAL વસતિ પત્રક માટે સભ્યોના લગભગ ૮૦ થી ૯૦ ટકા ફોર્મ ઑનલાઈન ભરાઈને આવી ગયા છે અને હજી પણ ઘણા સભ્યોના ફોર્મ ભરવાના બાકી છે તે સભ્યોને જણાવવાનું કે સંસ્થાની કાર્યવાહક સમિતિની મિટીંગમાં નક્કી થયા મુજબ. જે સભ્યોનું **વસતિ પત્રકનું ફોર્મ તા. ૩૦-૬-૨૦૨૫** સુધીમા નહી ભરાયું હોય તો વસતિ પત્રકનું ફોર્મ અને સભાના મેમ્બરશીપ પ્રોગ્રામ સાથે Link હોવાથી. તા. ૩૦-૬-૨૦૨૫ પછી આપનું એડ્રેસ ઓટોમેટીક બંધ થઈ જશે જેના કારણે સભા તરફથી મળતી સગવડ જેવી કે સેનેટોરિયમ બુકીંગ - સભાની પત્રિકા અને સભાનું લ્હાણું પણ બંધ કરવામાં આવશે. માટે આપ સહુને નમ્ર વિનંતિ કે તા. ૩૦-૦૬-૨૦૨૫ પહેલા વસતિ પત્રકનું ફોર્મ ભરીને સભાના આ ભગીરથ કાર્યમાં સહકાર આપશો.

**માનદ્ મંત્રીશ્રી**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.

Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM

**Office Mobile No. 7208472884**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

પંચગીની
માથેરાન / દેવલાલી
Online Query / New Member
Patrika /Loan
નિરવભાઈ
**9819012468**

સંસ્થાના મેનેજર
શ્રી પ્રદીપભાઈ તુરખિયા
સંપર્ક
**9867748120**

મેડિકલ સહાય
પત્રિકા જાહેરખબર
લોનાવલા
મિલનભાઈ
**9860125136**

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ
9099350644 / 9426756100
મુંબઈ - મિલનભાઈ તુરખિયા
**9860125136**

સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન **zalawadi.com** ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.

**જૂન ૨૦૨૫ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૬-૦૫-૨૦૨૫ પહેલા શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

Email : zalawadisabha@gmail.com

**જૂન ૨૦૨૫ ના અંક માટે કુલ ૬ કલર પેઈજ બુક થયેલ છે.**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024

પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે

**રવિવારે તકલીફ ન આપવી. સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.**
**Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.**

# અગડ છે !

**વસંત વ્યાસ**

''હાલો, ઊઠો વારુ કરવા!'' અમારી વાતો પૂરી થઈ એટલે લાખાભાઈ બોલ્યા.

''હા ભાઈ, પેટને ભાડું તો દેવું જોવે ને ? બીજા બધા વિના હાલશે, પણ કાંઈ એના વિના થોડું હાલશે ?'' આમ મનજીભાઈ બોલતા હતા ત્યારે, એમનાં ફાટેલાં કપડાં અને વધેલી દાઢી પરથી લાગતું હતું કે ઘણી વસ્તુઓ વિના ચલાવી લેવા તે ટેવાયેલા હશે. બધા ઊઠ્યા. હું લાખાભાઈની જોડે એમને ઘેર ગયો.

પતરાના ઢાંકણાવાળી કાચની શીશીનો નાનકડો દીવો બારસાખ પાસે એવી રીતે મૂકેલો હતો કે તેનો ઝાંખો પ્રકાશ અડધો ઓસરીમાં અને અડધો ઘોલકા જેવા નાનકડા ઘરમાં પડતો હતો.

અમે જમવા બેઠા. ખરબચડા લાકડાના બાજઠ ઉપર જુવારના બે રોટલા ને તાંસળીમાં કંઈક ખીચડી જેવું આવ્યું.

''હમણાં બહુ કામમાં રઈ છઈ એટલે શે'રમાં નથી જવાણું, ને ઘરમાં તેલ થઈ ર્યું છે તી આજ ખીચડીમાં અબગાર નથી,'' સંકોચભર્યા અવાજ લાખાભાઈ ધીરેથી બોલ્યા.

''એમાં કાંઈ વાંધો નહિ. એ તો ચાલે....''

''તો હલાવો તયેં, લ્યો!'' એમનો વિનંતીના રૂપમાં આદેશ મળ્યો ને અમારું ભોજન શરૂ થયું.

ઝાંખા પ્રકાશમાં ખીચડી જેવી જણાતી વસ્તુનો સ્વાદ કંઈક જુદો લાગ્યો, એટલે મેં પૂછ્યું, ''લાખાભાઈ, આ શું છે ?''

''ખીચડી છે, ભાઈ.... પણ તમારા જેવી નહિ, જરા જુદી જાતની - અમે ચોખા નથી નાખતા....''

''કેમ નથી નાખતા ?''

''અમારે અગડ છે...'' કહીને હસવા માંડ્યા.

''અગડ શા માટે ? કાંઈ માનતા રાખી છે ?''

''માનતા-બાનતા તો શું હોય, મારા ભાઈ ? પણ ચોખા મળે તો ખાઈને ? બાર મૈનાનાં જારબાજરો પૂરાં નથી થાતાં, ન્યાં ચોખાની કયાં વાત ? આ તો વળી મઠ થાય છે એટલી ઉપરવાળાની દયા છે, એનું ધાન કરીને ખાઈ છઈ.''

''એ ધાન કેવી રીતે બનાવો ?''

''આ મઠ હાંડલામાં બફાઈ જાય એટલે બે-ત્રણ મૂઠી બાજરાનો લોટ એમાં નાખી દઈ - તે થઈ જાય ખીચડી જેવું !''

બીજે ઘેર અડધું વાળુ કરીએ ત્યાં દૂધ પીરસાતું, તેમ કદાચ અહીં આવે એવી કાચી-પાકી ધારણા મનમાં ચાલતી હતી; ત્યાં તો વગર પૂછ્યે લાખાભાઈએ જાતે જ ખુલાસો કર્યો : ''ભાઈ, ચોખા તો એક કોર ર્યા - પણ ગામમાં દુઝાણાંય નથી, તે આ રેખરળતા ઉનાળામાં છોકરાંવ છાશેય નથી ભાળતાં.''

''કેમ, ગામમાં ગાય-ભેંશ નથી ?''

''છે બે'ક જણાને બકરી જેવી ગાયું - એનુંય નો વળતું હોય, ન્યાં આપણને તી ક્યાંથી દ્યે ?''

રોટલા ને 'ખીચડી'ને ન્યાય આપી, એમના કુટુંબની ને ગામની વાતો કરતાં ઠીક ઠીક વખત સુધી બેઠા. પછી, ઘરમાં બીજો ખાટલો નહોતો છતાંયે, એમના અતિ આગ્રહને વશ થઈને મેં ફળિયામાં ખાટલા પર લંબાવ્યું. ઉપર આકાશમાં તારામંડળ ઝગમગી રહ્યું હતું. પણ આજે એમની સાથે હું ગોઠડી ન કરી શક્યો. મારી આંખ સામે આ વિસ્તારના બે દિવસના મારા પ્રવાસનાં દૃશ્યો તરવરવા લાગ્યાં....

ગઈ કાલે સવારે પેલા ગામમાં મણિબહેન સાથે વાતચીત થતાં જાણ્યું કે કંઈ કામ ન મળવાથી એમના પતિ અને મોટો દીકરો થોડે દૂરના કસબામાં હાથગાડી ચલાવીને મજૂરી કરે છે, ને એમાંથી પોતાનો ખર્ચ કાઢતાં કંઈ વધે તો થોડુંઘણું ઘેર મોકલે છે. મણિબહેન અહીં દાડિયું રળવા જાય છે ને છોકરાંવને ખવડાવે છે. કહેતાં હતાં કે લૂગડાં લેવા માટે પૈસાનો વેંત કયાંય ન થયો, તે ગયા શિયાળામાં ટાઢ વેઠીને છોકરાં માંદાં પડેલાં....

આજે સવારના ગામે એક બહેનને ત્યાં બાળકો હાથમાં જુવારના રોટલાનાં જાડાં બટકાં લઈને હરતાં ફરતાં ખાતાં હતાં. મેં પૂછ્યું કે, રોજ આમ લૂખા રોટલા જ ખાય છે ? ત્યારે બહેન કહેવા લાગ્યાં : ''તમારે પ્રતાપે લગભગ તો હજી લગણ લૂખું નથી ખાતાં. કાં રોટલા ભેગું અડદ-મગનું શાક હોય, ને કાં લહણની ચટણી હોય.''

મેં મનોમન કહેલું : ''હા બેન, હા - અમારા જેવાને પ્રતાપે ....''

ને અત્યારે આ લાખાભાઈનું ઘર : ચોખાની અગડ, તેલની અગડ, કપડાંની અગડ, દૂધ-ઘીની અગડ, શાકભાજીની અગડ... વળી એવાય વિસ્તારો હશે, જ્યાં કોઈ કોઈ વાર લોકોને અનાજનીયે અગડ રાખવી પડતી હશે !

સ્વતંત્ર ભારતના કરોડો નાગરિકો કઈ સિદ્ધિ માટે આવી અનેક અગડ રાખી રહ્યા છે ? દેશના, દુનિયાના, આવા સહુની અગડ કોણ છોડાવશે ? ક્યારે છોડાવશે ?

❖❖❖

**BIODATA**

# RIMIT HITEN VORA



**Date of Birth:** 21st January,1998

**Place of Birth:** MUMBAI

**Time of Birth:** 01:20 PM

**Height:** 5'10 **Weight**: 76 kgs

**Religion:** Zalavadi Vishashrimali Sthanakvasi Jain

**Native:** Wadhwan, Gujarat

**Profession:** Tax Consultant

**Education:** Malini Kishor Sanghvi College of Commerce (B. Com, M. Com.)

**Hobbies:** Gaming, Travelling & Cooking

## *FAMILY DETAILS*

**Father:** Hiten Jayantilal Vora
92239 00378 / 93217 37878

**Father's Occupation:** Textile Machinery Spare Parts Trader

**Mother:** Meena Hiten Vora (Home Maker) 83690 99343

**Elder Sister:** Grishma Hiten Vora

**Address:** A/703 Vasundhara CHS, Bldg No 6, Shastri Nagar, Goregaon West, Mumbai.

**Paternal Grandparents:**
Late Jayantilal Maneklal Vora &
Late Induben Jayantilal Vora

**Maternal Grandparents:**
Late Jayantilal Vadilal Sanghvi &
Late Kantaben Jayantilal Sanghvi

**Mama & Mami:**
Viresh Jayantilal Sanghvi & Meeta Sanghvi 98929 50750

**Mama & Mami:**
Late Satish Jayantilal Sanghvi & Leena Sanghvi 98205 32700

**Masi :** Nita Harendra Vasani (Surendranagar) 97270 80089

**Faiba - Fua:**

| | |
|---|---|
| Heena Ketan Shah | 79772 70231 |
| Rupa Kirit Shah | 90226 37127 |
| Nipa Vishal Vasani | 81693 34930 |

Advt.

# BIODATA



**BHAVYA SANGHAVI**

**PERSONAL DETAILS**

**Date of Birth**
11/09/1997

**Birth Time**
2:45 AM

**Height**
5'4"

**Place of Birth :** Kalyan

**Caste**
Zalawadi Visha Shrimali Sthanakwasi Jain

**Native Place**
Joravarnagar

**Education** : Bachelors of Commerce (K J Somaiya)
Masters of Commerce
(Mumbai University)

**Profession** : Developers Team Lead at Tech-Ster in Mulund

**Contact No** : 98216 87113

HOBBIES : Watching Movies, Travelling, Music, Photography

**FAMILY** : Father : Ajay Chhabildas Sanghavi
(77189 69929, 98330 71792 )
Mother : Jagruti Ajay Sanghavi
(98192 98199)

**Elder Brother** : Smit Ajay Sanghavi
(Business, 96195 27303)

**Sister-in-Law** : Heti Smit Sanghavi
(Business, 98194 05981)

**Residence** : 201, Om Mangal Murti,
Near Chinese wok, Makhmali Talao
Thane(w) - 400601 Mumbai

**PATERNAL FAMILY :**

Grand Father : Lt Chhabildas Thakarshi Sanghavi
Grand Mother : Lt Vasantben Chhabildas Sanghavi
Mota Pappa : Lt Rajnikant Chhabildas Sanghavi
Mota Mummy : Lt Jyotsnaben Rajnikant Sanghavi
Faiba - Fuva : Pratimaben Ashwinkumar Shah
(Mulund, 98200 27502)
Faiba - Fuva : Kashmiraben Kirankumar Barbhaya
(Mulund, 93222 22890)

**MATERNAL FAMILY :** Nana : Lt Prakashbhai Nagardas Sheth
(Wadhwan)

**Nani** : Lt Sudhaben Prakashbhai Sheth

**Mama** : Bipinbhai Prakashbhai Sheth
(Borivali, 99207 82797)

**Mama** : Pareshbhai Prakashbhai Sheth
(Kandivali, 87670 25622)

**Masi** : Bhavnaben Bharatbhai Gopani
(Botad, 81696 78704)

**Masi** : Parulben Dharmeshbhai Mashkaria
(Borivali, 98193 20793)

**Masi** : Binaben Rajubhai Doshi
(Surendranagar, 98242 58665)

Advt.

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**Office Mobile No. 7208472884**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2024-25 - 2025-26 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**You can Book your Advt. Before 3 months**
**Please send Artwork in JPEG Format Only**


''ખુશ ખબર''


એક કીલો ઢોકળા પર ૨૫૦ ગ્રામ ઢોકળા ફ્રી મળશે.

ફક્ત ઘાટકોપર, તિલકનગર, ચેંબુર તથા વિદ્યાવિહાર જનતાને ફ્રી હોમ ડિલિવરી

ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?
અમો તમને ઘેર બેઠા હોમ ડીલીવરી કરી આપશું.

૭૨ ટાઈપના (આથા વગરના) ઢોકળા
૮ ટાઈપના તળેલા ફરસાણ
કદી પણ તમે જોયા ન હોય તથા
ખાધા ન હોય.





તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો
અમો આપને ફોટો તથા ભાવ મોકલી આપશું.
ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી

સંપર્ક :
ભુપેન્દ્ર (રૂચી કેટરર્સ)
૯૮૨૧૦૨૯૦૫૩
પુત્ર - જીગર - ૯૮૨૧૦૨૯૦૮૪

Advt.


# પુસ્તકાલય એટલે મહાશાળા

ગિજુભાઈ બધેકા



પુસ્તક સ્વતઃ શિક્ષાગુરુ છે અને પુસ્તકાલય એ શાળા છે. શાળામાં માણસ જ્ઞાન લેવાનું સાધન માત્ર મેળવે છે, પણ પુસ્તકાલયમાં જઈને તો તે ખુદ જ્ઞાન મેળવે છે.

એક સારું પુસ્તકાલય શિક્ષકોની ગરજ સારે છે. શિક્ષકની જેમ પુસ્તકાલય વિદ્યાર્થીઓને ધમકાવતું નથી, શિસ્ત પળાવતું નથી, ખોટી સ્પર્ધામાં ઉતારતું નથી, પરીક્ષાનો ભય પેદા કરતું નથી. તે પ્રેમથી, વિનયથી, રસ વડે તેમાં આવનારને ભણાવે છે.

હરેક શાળામાં પુસ્તકાલય એક અધિક શિક્ષણ તરીકે ગણવું જોઈએ અને શિક્ષકે પોતે બધો વખત શીખવવાનો મમત રાખવા કરતાં વિદ્યાર્થીઓને પુસ્તકાલયમાં વધારે ને વધારે છૂટા મૂકવા જોઈએ.

પુસ્તકાલયરૂપી શાળા ગામેગામ અનેલત્તેલત્તે સ્થપાવી જોઈએ. શિક્ષકને ભણાવવાની મહેનત લેવી પડે છે. જ્યારે પુસ્તકોને જ્ઞાન આપવાની મહેનત લેવી પડશે નહિ, માત્ર વારંવાર વંચાઈને ફાટવું પડશે. શિક્ષકની ચોક્કસ હાજરી સિવાય ભણતર સંભાવિત નથી. તેને બદલે પુસ્તકાલયનાં બારણાં ચોવીસ કલાક ઉઘાડાં રાખીશું તો ચોવીસેય કલાક શિક્ષણ ચાલશે.

વ્યવસ્થા, શાંતિ, સભ્યતા તથા વિનયનું શિક્ષણ આપવાનો પ્રબંધ પણ પુસ્તકાલય કરી શકશે. પુસ્તકો કેમ વાપરવાં, કેવી રીતે વાંચવું, વાંચનારા પ્રત્યે કેમ વર્તવું આવ-જા કેમ કરવી, વાતચીત કેમ કરવી વગેરે શીખવવામાં આપોઆપ ઘણી કેળવણી આવે છે.

❖❖❖

મૂર્ખ માણસો ડાહ્યા માણસો પાસેથી જે જ્ઞાન મેળવે છે તેના કરતાં અધિક જ્ઞાન ડાહ્યા માણસો મૂર્ખ માણસો પાસેથી મેળવે છે.

# NAMAN FOUNDATION

403, Silver Oak, Lallubhai Park Road,
Andheri (w), Mumbai – 400 058.

**Registration Number: Charity Commissioner: E 29114**
**Income Tax Registration No. AABTN7013ME2018001,**
**80G: AABTN7013MF20221. Mobile: 9892740408**

Trust is Registered with the main object of providing Assistance in Medical and Education field.

Any person of Jain Samaj needing Medical and Educational Assistance of an amount Rs. 5000/- are requested to contact at above address in between Morning 9 to 9.30 & Evening 9 to 9.30.

Decision of Trustees shall be final.

**DINESH SHAH**
TRUSTEE

Advt.



શ્રીજી

## જમીન–મકાન તથા ખેતીની જમીનની લે–વેચ માટે મળો.

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય,
નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**
Mo. 98790 75965
**અંકિતભાઈ એ. શેઠ**
Mo. 98796 79553, 8200628452
Email : ankitsheth77@gmail.com

## અતુલભાઈ ટી. શેઠ

સૌરાષ્ટ્ર પેપર બેગ કં., રેલ્વે સ્ટેશન સામે,
જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.



## Shubh bandhan
**Global Matrimonial Assistance**



*Celebrating*
*20 Years*
*of Matchmaking*
*for Gujarati, Kutchi*
*& Marwari*
*Communities.*

Personalised Approach | Handpicked Match | Assured Meetings

Send us your Biodata on +91-9323626815 / +91-9769726815

www.shubhbandhan.com  ShuBhbandhanMatrimony

Advt.



।।શ્રી ગણેશાય નમઃ।।
શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



## શ્રી જૈન મેરેજ બ્યુરો

ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર
યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી
ઘોઘારી તથા કાઠીયાવાડી
વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો
અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**
**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ

Advt.

# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

Regd. Office : 301, Bay View (East), 3rd Floor,
47, Dr. M. B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.
**Mob.: 7208481791 / 7208472744 / 7208472884**



















**નોંધ :**

(૧) ઉપરોક્ત સેનેટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com પર કરવું.

(૨) જૈનોના ચારેય ફિરકાઓ તેમજ સભાના સભ્યોનો સગા-સંબંધીઓ તેમજ મિત્રો પણ ઉપરોક્ત સેનેટોરીયમનો લાભ લઈ શકો છો.

(૩) ફક્ત માથેરાન સેનેટોરિયમમાં રૂા. ૬૦૦/- એક દિવસના સવારના નાસ્તો, બપોરની ચા તથા સવાર-સાંજના જમવાના ફરજિયાત આપવાના રહેશે.

(૪) સંસ્થાના નિતીનિયમ મુજબ બુકિંગ મળશે.

(૫) I-Card રાખવું જરૂરી છે.

(૬) આખું સેનેટોરિયમ બુક કરાવશો તો સ્પેશિયલ ડિસ્કાઉન્ટ મળશે.

## સંપર્ક સુત્ર

| બીનાબેન સંઘવી | પ્રિતુલભાઈ શાહ (ગેડીવાળા) | નીરવભાઈ દોશી |
| --- | --- | --- |
| મો. ૯૭૬૯૪ ૪૮૨૮૪ | મો. ૯૩૨૩૧૮૦૬૬૫ | મો. ૯૮૨૦૮૨૩૪૦૦ |





# SENIOR AGENCY

**AKSHAY SHAH: 98210 12193 / 77889 97781**

**Distributors for Godrej Safes, Supreme Furniture, Alkosign & Alkon.**

Add: 413/C Vasant Wadi Ground Floor Near Metro Cycle Shop, Kalbadevi Road Mum-400002

Advt.


Get risk-ready
with IRM's Global
ERM Exams
The next shock is a matter of *when*, not *if*. Are you risk intelligent to safeguard your business?
irm
The Institute of Risk Management (IRM), established in 1986, headquartered in the United Kingdom, is the world's leading professional certifying body for Enterprise Risk Management (ERM) exams and qualifications across 146 countries. IRM is the only body to grant designations in ERM with Fellowship at Stage 5.
Students, working professionals, entrepreneurs and business owners can learn how to manage 300 types of risks including supply chain, geopolitics, pandemics, AI, branding, legal, financial, climate change, succession planning, and more. Because when the next shock hits, risk intelligence won't be optional — it'll be an essential life skill.
Vist www.theirmindia.org or contact +91-7304515087
Advt.




**WHY FLAMINGO?**

**Successfully Planned Holidays for more than 2,10,000 Families**

- In-house team of **100 Tour Managers**
- More than **50 Locations** all over India
- A Team of more than **250+ Committed Individuals**
- Tours to more than **80 Countries** around the globe
- **Flamingo** has a **specific NRI Division** to serve you better



**Vietnam with Ninh Binh**
8 N | 9 D
10, 24, 31 May
Available in June and more


**Vietnam with Sapa**
10 N | 11 D
4, 18 May 2025





**Vietnam with Sapa Chef Tour**
10 N | 11 D
11, 25 May, 1,22 Jun, 27 Jul, 10 Aug, 7 Sep

**Africa with Victoria falls**
13 N | 14 D
27 May, 1, 7 Aug 2025





**Whole Of South Africa**
13 N | 14 D
13, 20 Jun 2025

**Japan Discovery Tour without Chef**
9 N | 10 D
11 June 2025



*All Packages are **EX MUMBAI** Departures

**Opera House | Kandivali | Ghatkoper | Andheri**
**Kharghar | Thane | Mulund | Mira Road | Virar**

**+91 98199 30022** **www.flamingotravels.co.in**

Advt.

# ભાવભરી શ્રધ્ધાંજલી

સહજાનંદી શુદ્ધ સ્વરૂપી, અવિનાશી હું, આત્મસ્વરૂપ.
દેહ મરે છે, હું નથી મરતો, અજર અમર પદ મારું.







**સ્વ. કાંતીલાલ ગુલાબચંદ કોઠારી**
દેહ પરીવર્તન : ૧૮.૪.૨૦૨૫

**સ્વ. મંજુલાબેન કાંતીલાલ કોઠારી**
દેહ પરીવર્તન : ૨૬.૨.૨૦૧૮

## મૂળ વતન ચોટીલા

અમારા પૂજ્ય પ્રેમાળ માતા-પિતાને પ્રથમ,
તો નતમસ્તકે, નમન સાથે, ભાવભીની ભાવાંજલિ
અમારા સહુના પ્રેમાળ મોટાભાઈની, વિદાયને દશ વર્ષ પૂર્ણ થયા,
પરંતુ ગઈકાલની ઘટના હોય, એટલી યાદો તાજી છે, આપનો
''બોલો પ્રભુ''નો રણકાર આજે પણ કાનમાં ગુંજે છે.
અમારા પૂજ્ય પ્રેમાળ બા અને પૂજ્ય મોટાભાઈનું કેટલું સામ્ય.
હસતો ચહેરો, મીઠો આવકાર, સાથે ગજબની વહેવારકુશળતા.
પૂજ્ય કહાન ગુરૂદેવ અને પૂજ્ય ચંપાબેનના પરમ ઉપાસક, એવા અમારા પૂ. મોટાભાઈ અમને જીવનનો સાચો રાહ બતાવી,
ભેદજ્ઞાન અને ક્રમબદ્ધ પર્યાયનું મહત્વ સમજાવી ગયા. ધન્ય છે, અમારા પૂ. બા ની સાદગી અને અપરિગ્રહભાવનાને.
આ રીતે, અમારા પૂજ્ય માતા-પિતા અમને બધાને ધાર્મિક સંસ્કારોનો અમૂલ્ય વારસો આપી ગયા,
તે માટે અમે સદૈવ, એમના ઋણી રહીશું.

## સહૃદય વંદનથી, શ્રધ્ધાના સુમન અર્પણ કરે છે

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : | રાજેષ-મીનળ કોઠારી<br>તુષાર-શર્મીલા કોઠારી |
| દીકરી-જમાઈ | : | ચંદ્રા - ચંદ્રકાંત શાહ<br>હર્ષા - દિલીપભાઈ શાહ<br>દીના - હર્ષદભાઈ વોરા |
| પૌત્ર | : | સ્વ. સમીર રાજેષ કોઠારી<br>પ્રતીક-હેતવી કોઠારી |
| દોહીત્રી-જમાઈ | : | ડીમ્પલ દીપેશભાઈ શેઠ<br>મોના નીપેશભાઈ પજવાણી<br>શીતલ જીગ્નેશભાઈ રાઠોડ<br>નેહલ નિમિતભાઈ તન્ના |
| દોહીત્ર-દોહીત્રવધુ | : | દેવાંગ-પાયલ; નિરવ-મેઘા;<br>ચિંતન-પૂજા |
| પરીવારના પુષ્પો | : | શૌર્ય-જયવીર - સિધ્ધાંત-ધીયાન<br>- ધ્વીર- આર્યા-વીર-અનન્યા |

**સમસ્ત કોઠારી પરીવારના જય જિનેન્દ્ર**

**એમના સ્મરણાર્થે આધારસ્તંભ યોજનામાં રૂા. ૨૨,૦૦૦ આપેલ છે.**

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2024-26. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2024-26 Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.


# અશ્રુભીની શ્રદ્ધાંજલી





**સ્વ. શાન્તાબેન જયંતીલાલ શાહ**
જન્મ : ૧/૫/૧૯૪૧ • સ્વર્ગવાસ : ૨૭/૯/૨૦૧૦

**સ્વ. જયંતીલાલ ચંદુલાલ શાહ**
જન્મ : ૧૫/૯/૧૯૩૭ • સ્વર્ગવાસ : ૨/૫/૧૯૯૩

ત્વમેવ માતાચ પિતા ત્વમેવ । ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ॥
ત્વમેવ સ્વામી શરણાગતાનમ્ । ત્વમેવ સંસાર નિવાર કોસિ ॥

Gautam ADVERTISING
Accredited with: THE I.N.S. NEW DELHI

**ચંદુલાલ ચુનીલાલ શાહ પરિવાર તથા**
**ગૌતમ એડવર્ટાઈઝીંગ સ્ટાફ**

Advt.


Printed & Published by Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 3rd Floor, 47, Dr. M. B. Welkar Street, (Kolbhat Lane) Chira bazar, Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400013. Mobile : 9867540524. Editor : Sharad M. Gandhi